FREE TRANSLATION

ભારતમાં સરકારી જામીનગીરીઓનું બજાર

પ્રાથમિક જ્ઞાન આપતી પુસ્તિકા

ભારતીય રિઝર્વ બેંક

આંતરિક ઋણ વ્યવસ્થા વિભાગ

મુંબઇ

ફેબ્રુઆરી ૨૦૧૦

અસ્વીકાર

આ પુસ્તિકાનો હેતુ સામાન્ય માહિતી અને માર્ગદર્શન આપવાનો / પુરી પાડવાનો છે. આ પુસ્તિકાના આધારે લીધેલા પગલાં અને/અથવા નિર્ણયો માટે ભારતીય રિઝર્વ બેંક જવાબદાર રહેશે નહિં. વાચકોને સૂચના આપવામાં આવે છે કે સમયાનુસાર ભારતીય રિઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવતા પરિપત્રોને અનુસંધાને લેવા. જ્યારે એવી ખાત્રી કરીને દરેક પ્રયત્ન એવો કરવામાં આવ્યો છે કે આ દસ્તાવેજમાં રજુ કરેલી માહિતી ચોક્કસ હોય, તે છતાં આ દસ્તાવેજના કોઇપણ ભાગ ઉપર અથવા સમગ્ર દસ્તાવેજની માહિતી ઉપર વિશ્વાસ મુકીને પગલાં લીધેલ હોય તે માટે અથવા દસ્તાવેજમાં રહી ગયેલી કોઇપણ ભૂલ ચૂક માટે ભારતીય રિઝર્વ બેંક કોઇપણ પ્રકારની જવાબદારી સ્વીકારવા તૈયાર નથી.

પ્રસ્તાવના

છેલ્લા દાયકા દરમ્યાન ભારતના સરકારી જામીનગીરીઓના બજારે મહત્વના ફેરફારો જોયા છે. ઇલેક્ટ્રોનિક સ્ક્રીન બેઝ્ડ ટ્રેડિંગ સિસ્ટમની શરૂઆત, ડિમટિરિયલાઇઝડ હોલ્ડિંગ, સીધેસીધું પ્રોસેસિગ, ગેરંટેડ સેટલમેન્ટ માટે એક સેન્ટ્રલ કાઉન્ટર પાર્ટી તરીકે, ક્લીયરિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડની સ્થાપના, નવા ઇન્સ્ટ્રુમેન્ટસ અને કાયદાકીય માળખામાં ફેરફાર નવાં નાણાંકીય સાધનો અને કાયદાકીય માળખામાં ફેરફાર, તે કેટલાક વિકસિત પાસાં છે, જેમનો ફાળાથી આ બજારનો ઝડપી વિકાસ થયો છે.

સરકારી જામીનગીરીઓના બજારમાં મોટા ભાગના ભાગ લેનાર ઐતિહાસિક રીતે મોટા સંસ્થાકીય રોકાણકારો હતા. બજારના વિકાસના જુદા જુદા પગલાં લેવાવાથી, બજારમાં, નાના કદની સંસ્થાઓનો પ્રવેશ પણ થયેલ છે, જેવી કે કો-ઓપરેટિવ બેંકો, નાના પેન્શન અને બીજા ફંડો, વગેરે. આવી સંસ્થાઓને લાગતા વળગતા નિયમોને આધીન સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવાનું ફરજીયાત હોય છે. જો કે આમાંના કેટલાક નવા પ્રવેશકર્તાઓને ઘણી વાર સરકારી જામીનગીરીઓના બજારના જુદા જુદા પાસાઓને અને તેના નીતિ નિયમોને સમજવાનું અઘરું લાગેલ છે. એટલા માટે જ ભારતીય રિઝર્વ બેંકે નાના રોકાણકારોમાં સરકારી જામીનગીરીઓના બજારની જાગૃતિ લાવવા માટે જુદા જુદા પગલાં ભર્યાં છે. આમાં મૂળભૂત ખ્યાલો કે જેનો સંબંધ બાંધી આવકની જામીનગીરીઓ / બોન્ડસ જેવી સરકારી જામીનગીરીઓ, હાલની વેપારી અને રોકાણ પધ્ધતિઔ, સંબંધિત નિયમન પાસાંઓ અને માર્ગદર્શિકાઓના વર્કશોપ્સનો સમાવેશ થાય છે.

આ પ્રાથમિક જ્ઞાન આપતી પુસ્તિકા ભારતીય રિઝર્વ બેંક દ્વારા એક એવો પ્રયાસ છે જેના દ્વારા સરકારી જામીનગીરીઓના બજારને લગતી માહિતી નાના સંસ્થાકીય ભાગ લેનારા તેમજ જાહેર જનતા માટે પ્રચાર થઇ શકે. પ્રાથમિક જ્ઞાન આપતી પુસ્તિકામાં સવાલ-જવાબના સ્વરુપમાં એક એવો

પ્રયાસ કરવામાં આવ્યો છે કે જેનાથી બજારની વિસ્તૃત માહિતી અને જુદી જુદી ખાસ પધ્ધતિઓ અને પ્રક્રિયાત્મક પાસાઓ કે જે સરકારી જામીનગીરીઓના રોકાણ સાથે સંબંધિત છે તેને સરળ રીતે સમજી શકાય. આ પ્રાથમિક જ્ઞાન આપતી પુસ્તિકામાં પરિશિષ્ટ તરીકે પ્રાઇમરૌ ડીલર્સની યાદી (પીડીસ), ઉપયોગી Excel Functions અને બજારના અગત્યના પારિભાષિક શબ્દ સમૂહોની યાદી સંગ્રહ છે. હું આશા રાખું છું કે, રોકાણકારો, ખાસ કરીને નાના સંસ્થાકીય રોકાણકારોને આ પ્રાથમિક જ્ઞાન આપતી પુસ્તિકા સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવાના નિર્ણયો લેવામાં ઉપયોગી થશે. ભારતીય રિઝર્વ બેંક આ પ્રાથમિક જ્ઞાન આપતી પુસ્તિકાને ઉપયોગ કરનાર માટે વધારે લોક ભોગ્ય બને તેવાં સૂચનો આવકારે છે.

શ્રીમતી એસ ગોપિનાથ

ડેપ્યૂટી ગવર્નર

અનુક્રમણિકા

ક્રમ	પ્રશ્ન	પાના ક્રમ
૧	સરકારી જામીનગીરી શું છે ?	૧
૨	કોઇએ શા માટે સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવું જોઇએ ?	૫
૩	સરકારી જામીનગીરીઓ કેવી રીતે ઇસ્યુ થાય છે?	૭
૪	સરકારી જામીનગીરીઔ ઇસ્યુ કરવા માટે જુદી જુદી કઇ હરાજીઓનો ઉપયોગ થાય છે?	૭
૫	ઓપન માર્કેટ ઓપરેશન શું છે ?	૧૧
૬	લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી શું છે ?	૧૧
૭	કેવી રીતે અને કયા રૂપમાં સરકારી જામીનગીરી રાખી શકાય ?	૧૧
૮	સરકારી જામીનગીરીઓનો વેપાર કઇ રીતે થાય છે ?	૧૨
૯	સરકારી જામીનગીરીઓના બજારમાં મોટો ભાગ લેનારા કોણ છે ?	૧૪
૧૦	આરબીઆઇએ સરકારી જામીનગીરીઓનો વેપાર કરતી સહકારી બેંકો માટે સૂચવેલા - શું કરવું જોઇએ અને શું કરવું ન જોઇએ? એ અંગે આપેલ માર્ગદર્શન	૧૪
૧૧	કેવી રીતે વેપારના ટેબલ ઉપર વ્યાપારિક વહેવારોની નોંધણી થાય છે ?	૧૬
૧૨	જામીનગીરીઓના વ્યવહાર કરતી વખતે ખાસ વિચારવા લાયક બાબતો કઇ કઇ છે ?	૧૭
૧૩	સરકારી જામીનગીરીઓની કિંમત શા માટે બદલાય છે ?	૧૮
૧૪	કોઇપણ વ્યક્તિને સરકારી જામીનગીરીઓની કિંમત બાબતની માહિતી કઇ રીતે મળે છે ?	૧૮
૧૫	સરકારી જામીનગીરીઓના વ્યવહારોનો અહેવાલ કેવી રીતે અપાય છે?	૨૦
૧૬	સરકારી જામીનગીરીઓના વ્યવહાર કેવી રીતે સેટલ થાય છે?	૨૧
૧૭	શટ પિરિયડ શું છે ?	૨૨
૧૮	ડિલીવરી વર્સિસ પેમેન્ટ સેટલમેન્ટ શું છે ?	૨૨

૧૯	ક્લીયરિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ શું ભાગ ભજવે છે ?	૨૩
૨૦	વ્હેન ઇસ્યુડ માર્કેટ શું છે ?	૨૩
૨૧	બોન્ડની કિંમતો અને ઉપજની ગણતરીમાં	
	મૂળભૂત ગાણિતિક ખ્યાલ કયા કયા છે?	૨૩
૨૨	બોન્ડની કિંમતની ગણતરી કઇ રીતે થાય છે ? વેપારમાં	
	કુલ અવેજની રકમ શું છે અને ચઢત વ્યાજ શું છે ?	૨૫
૨૩	ઉપજ અને બોન્ડની કિંમત વચ્ચે શું સંબંધ છે ?	૨૬
૨૪	બોન્ડની ઉપજ કઇ રીતે ગણાય છે?	૨૬
૨૫	બોન્ડની ઉપજની ગણતરીમાં દિવસ ગણવા માટે	
	કઇ રીતોનો ઉપયોગ થાય છે ?	૨૯
૨૬	ટ્રેઝરી બીલની ઉપજ કઇ રીતે ગણાય છે ?	૨૯
૨૭	ડયુરેશન એટલે શું ?	૩૦
૨૮	જામીનગીરીઓના મુલ્યાંકન માટેની	
	અગત્યની માર્ગદર્શિકાઓ કઇ છે?	૩૨
૨૯	સરકારી જામીનગીરીઓમાં રોકાણ જાળવી રાખવામાં કયા જોખમો છે ?	૩૪
	આવાં જોખમો ઓછા કરવાની યુક્તિઓ કઇ છે ?	
૩૦	મની માર્કેટ શું છે?	૩૫
૩૧	ફીમ્મડા શું ભાગ ભજવે છે?	૩૮
૩૨	સરકારી જામીનગીરીઓની માહિતી આપતી	
	કઇ જુદી જુદી વેબસાઇટો છે?	૩૮
એનેક્ષ-૧	સરકારી જામીનગીરીનો નમુનો	૪૧
એનેક્ષ-૨	પ્રાયમરી ડીલર્સની યાદી	૪૨
એનેક્ષ-૩	ડીલ સ્લીપનો નમુનો	૪૩
એનેક્ષ-૪	બોન્ડ સંબંધિત ગણતરીઓ માટેના અગત્યના Excel Functions	૪૪
એનેક્ષ-૫	અગત્યની સંજ્ઞાઓનો ખુલાસો અને સામાન્ય રીતે વપરાતી	
	બજારના પરિભાષિક શબ્દ સમૂહ	૪૮

ભારતમાં સરકારી જામીનગીરીઓનું બજાર

એક પ્રાથમિક જ્ઞાન આપતી પુસ્તિકા

૧ સરકારી જામીનગીરી શું છે ?

૧.૧ સરકારી જામીનગીરી એ એક એવો વેચાણ થઇ શકે તેવો દસ્તાવેજ છે કે જે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારો દ્વારા ઇસ્યૂ થાય છે. તે દ્વારા સરકાર ઋણ સ્વીકાર કરે છે. આવી જામીનગીરીઓ ટુંકા સમયગાળાની (સામાન્ય રીતે કહેવાતા ટ્રેઝરી બીલ્સ જેની મૂળ પાકતી તારીખ એક વર્ષ કરતાં પણ ઓછી હોય છે) અથવા લાંબા ગાળાની (સામાન્ય રીતે કહેવાતા સરકારી બોન્ડ્સ અથવા તારીખવાળી જામીનગીરીઓ, કે જેની મુળભૂત પાકતી તારીખ એક વર્ષ અથવા વધારે હોય). ભારતમાં, કેન્દ્ર સરકાર આ બંને ઇસ્યુ કરે છે, ટ્રેઝરી બીલ્સ અને બોન્ડ્સ અથવા તારીખવાળી જામીનગીરીઓ. જ્યારે રાજ્ય સરકારો ફક્ત બોન્ડ્સ અથવા તારીખવાળી જામીનગીરીઓ ઇસ્યુ કરે છે, જે સ્ટેટ ડેવલપમેન્ટ લોન્સ (એસડીએલ્સ) કહેવાય છે. સરકારી જામીનગીરીઓમાં વ્યવહારિક રીતે ઋણ ચુકવણીનું કોઇ જોખમ નથી અને તેથી જ જોખમ રહિત ગિલ્ટ એજ જામીનગીરીઓ કહેવાય છે. ભારત સરકાર બચત પત્રો (સેવિંગ્સ બોન્ડ્સ, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટસ (એનએસસીસ), વગેરે) અથવા ખાસ જામીનગીરીઓ (ઓઇલ બોન્ડસ, ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા બોન્ડ્સ, ફર્ટિલાઇઝર બોન્ડસ, પાવર બોન્ડસ, વગેરે). તે સંપૂર્ણ લે-વેચ કરી શકાતા નથી અને માટે જ તે એસએલઆર જામીનગીરીઓ બનવા માટે પાત્ર નથી.

અ ટ્રેઝરી બિલ્સ (ટી બિલ્સ)

૧.૨ ટ્રેઝરી બિલ્સ અથવા ટી બિલ્સ, કે જે મની માર્કેટ ઇન્સ્ટ્રુમેન્ટસ છે તે ટુંકા ગાળાના ઋણ દસ્તાવેજ છે, જે ભારત સરકાર દ્વારા ઇસ્યુ થાય છે અને હાલમાં ત્રણ સમયગાળા માટે ઇસ્યુ થાય છે, જેમ કે ૯૧ દિવસ, ૧૮૨ દિવસ અને ૩૬૪ દિવસ. ટ્રેઝરી બિલ્સ તે ઝીરો કુપન જામીનગીરીઓ છે અને કોઇ વ્યાજ ચુકવતી નથી. તે વટાવથી ઇસ્યુ થાય છે અને પાકતી તારીખે છાપેલી કિંમતે પરત થાય છે. દા.ત. ૯૧ દિવસનું રૂા.૧૦૦નું (ફેઇસ વેલ્યુ) એક ટ્રેઝરી બિલ ધારો કે રૂ.૯૮.૨૦ના ભાવે ઇસ્યુ થાય છે, એટલે કે રૂા.૧.૮૦ના ડિસ્કાઉન્ટથી અને રૂા.૧૦૦ની કિંમતે પરત થશે. રોકાણકારનો નફો બરોબર પાકતી કિંમત અથવા ફેઇસ

વેલ્યુ (રૂ.૧૦૦) અને ઇસ્યુ પ્રાઇસ વચ્ચેનો તફાવત (ટ્રેઝરી બિલ્સના ઉપજની ગણતરી માટે કૃપા કરીને પ્રશ્ન ૨૬નો જવાબ જુઓ). ભારતીય રિઝર્વ બેંક સામાન્ય રીતે દર બુધવારે ટી બિલ્સ ઇસ્યુ કરવાની હરાજી રાખે છે. ખરીદાયેલ ટી બિલ્સનુ ચુકવણું તુરત જ આવતા પછીના શુક્રવારે થાય છે. ૯૧ દિવસના ટી બિલ્સની હરાજી દર બુધવારે થાય છે. ૧૮૨ દિવસ અને ૩૬૪ દિવસના સમયગાળાના ટી બિલ્સની હરાજી એકાંતરા બુધવારે થાય છે. ૩૬૪ દિવસના સમયગાળાના ટી બિલ્સની હરાજી રિપોર્ટિંગ શુક્રવારના આગળના બુધવારે થાય છે, જ્યારે ૧૮૨ દિવસના ટી બિલ્સની હરાજી નોન-રિપોર્ટિંગ શુક્રવારના આગળના બુધવારે થાય છે. ભારતીય રિઝર્વ બેંક આગળના નાણાંકીય વર્ષના માર્ચ મહિનાના છેલ્લા સપ્તાહમાં ટી બિલ્સના ઇસ્યુઅન્સનું વાર્ષિક કેલેન્ડર બહાર પાડે છે. ભારતીય રિઝર્વ બેંક દર સપ્તાહે છાપા થકી ટી બિલ્સની ઇસ્યુની વિગતો જાહેર કરે છે.

બ તારીખવાળી સરકારી જામીનગીરીઓ

૧.૩ તારીખવાળી સરકારી જામીનગીરીઓ તે લાંબા ગાળાની જામીનગીરીઓ છે અને ફિકસ્ડ અથવા ફલોટિંગ કુપન (વ્યાજનો દર) કે જે છાપેલ કિંમત (ફેસ વેલ્યુ) પર ચુકવાય છે, ફિકસ્ડ સમયે ચુકવાય છે (સામાન્ય રીતે અર્ધ વાર્ષિક). તારીખવાળી જામીનગીરીઓનો સમયગાળો ૩૦ વર્ષ સુધીનો હોઇ શકે.

રિઝર્વ બેંકની પબ્લિક ડેટ ઓફિસ સરકારી જામીનગીરીઓની એક રજીસ્ટ્રી/ડિપોઝીટરી તરીકે કામ કરે છે અને ઇસ્યુ, વ્યાજની ચુકવણી અને પાકતી તારીખે મુદ્દલની પરત ચુકવણીનો વ્યવહાર કરે છે. મોટા ભાગની તારીખવાળી જામીનગીરીઓ ફિકસ્ડ કુપન જામીનગીરીઓ હોય છે.

લાક્ષણિક તારીખવાળી ફિકસ્ડ કુપન જામીનગીરીની નામ પધ્ધતિમાં નીચે જણાવેલ લક્ષણો હોય છે – કુપન, ઇસ્યુ કરનારનું નામ, પાકતી અને ફેઇસ વેલ્યુ. દા.ત. ૭.૪૯ ટકા જીએસ ૨૦૧૭ નો અર્થ :

કુપન	૭.૪૯ ટકા ફેઇસ વેલ્યુ પર ચુકવ્યા
ઇસ્યુ કરનારનું નામ	ભારત સરકાર
ઇસ્યુ કર્યા તારીખ	એપ્રિલ ૧૬, ૨૦૦૭

પાકતી તારીખ	એપ્રિલ ૧૬, ૨૦૧૭
કુપન ચુકવવાની તારીખો	અર્ધ વાર્ષિક (ઓક્ટોબર ૧૬ અને એપ્રિલ ૧૬) દર વર્ષે
ઓછામાં ઓછી ઇસ્યુ/વેચાણની રકમ	રૂા.૧૦,૦૦૦/-

જો બે જામીનગીરીઓ તે જ કુપનમાં હોય અને તે જ વર્ષમાં પાકતી હોય, ત્યારે કોઇ એક જામીનગીરીની નામ પધ્ધતિમાં આગળ મહિનો જોડાયેલો હશે. દા.ત. ૬.૦૫ ટકા જીએસ ૨૦૧૯ ફેબ્રુઆરીનો અર્થ એવો થશે કે ૬.૦૫ ટકા ની કુપનવાળી સરકારી જામીનગીરી કે જે ફેબ્રુઆરી ૨૦૧૯માં પાકે છે તે જ કુપનવાળી બીજી જામીનગીરી સાથે, જેમ કે ૬.૦૫ ટકા ૨૦૧૯, કે જે જુન ૨૦૧૯માં પાકે છે.

જો કુપન પેમેન્ટની તારીખ રવિવાર અથવા રજાના દિવસે આવતી હોય તો, કુપનનું પેમેન્ટ બીજા કામના દિવસે થાય છે. પણ જો પાકતી તારીખ રવિવાર અથવા રજાના દિવસે પડતી હોય તો પરત થતી આવક આગળના દિવસે થશે.

૧.૪ ભારત સરકાર દ્વારા ઇસ્યુ થતી તમામ તારીખવાળી જામીનગીરીઓની વિગતો રિઝર્વ બેંકની વેબસાઇટ http://www.rbi.org.in/Scripts/financialmarketswatch.aspx ઉપર મળશે. ભારત સરકાર અને રાજ્ય સરકાર, બંનેની તારીખવાળી જામીનગીરીઓ ટ્રેઝરી બિલ્સની જેમ, રિઝર્વ બેંક દ્વારા હરાજીથી ઇસ્યુ કરવામાં આવે છે. રિઝર્વ બેંક એક અઠવાડિયા અગાઉથી હરાજીની જાહેરાત પ્રેસ રીલિઝ દ્વારા કરે છે. મુખ્ય દૈનિક છાપાઓમાં સરકારી જામીનગીરીઓની હરાજી જાહેરાત દ્વારા જાહેર થાય છે. સરકારી જામીનગીરીઓને આવી હરાજી દ્વારા ખરીદવા માટે પૂરતો સમય રોકાણકારોને આપવામાં આવે છે.

તારીખવાળી નમૂનાની જામીનગીરી ભૌતિક રૂપમાં અનેક્ષર-૧ માં આપેલી છે.

१.५ ઇન્સ્ટ્રુમેન્ટ્સ

१ ફિ સ્ડ રેટના બોન્ડસ

આ એવા બોન્ડ છે, જેની ઉપરથી બોન્ડની સંપૂર્ણ સમય માટે કુપનનો ભાવ નક્કી થાય છે. મોટા ભાગના સરકારી બોન્ડ ફિક્સ્ડ રેટના બોન્ડસ તરીકે જ ઇસ્યુ થાય છે.

દા.ત. ૮.૨૪ ટકાની જી.એસ. લોન, ૨૦૧૮, ૨૨ એપ્રિલ ૨૦૦૮ના રોજ ૧૦ વર્ષ માટે ૨૨ એપ્રિલ ૨૦૧૮ના રોજ પાકે તે રીતે ઇસ્યુ થઇ હતી. આ જામીનગીરી ઉપર કુપન અર્ધ વાર્ષિક ૪.૧૨ ટકાના દરે (૮.૨૪ટકાની વાષિંક કુપનની અર્ધી કિંમતે અર્ધ વાર્ષિક ચુકવણી તરીકે) ફેસ વેલ્યુ ઉપર ઓકટોબર ૨૨ અને એપ્રિલ ૨૨ના રોજ દર વર્ષે ચુકવાશે.

૨ **ફલોટિંગ રેટના બોન્ડસ**

ફલોટિંગ રેટના બોન્ડસ એ એવી જામીનગીરીઓ છે, કે જેમાં કુપન રેટ નક્કી નથી. કુપન અગાઉ જાહેર થયેલા સમયાંતરે નવેસરથી (જેમ કે દર છ મહીને અથવા દર વર્ષે) મૂળ ભાવ ઉપર વધારીને નકકી થાય છે. આજ સુધી ભારત સરકાર દ્વારા ઇસ્યુ થયેલા મોટા ભાગના ફલોટિંગ રેટના બોન્ડસમાં વ્યાજનો દર, છેલ્લા ત્રણ ૩૬૪ દિવસમાં ટ્રેઝરી બિલમાં મળેલી ઉપજની ભારિત સરેરાશને લક્ષ્યમાં રાખી નકકી કરવામાં આવી છે, જે માટે કુપન દર અને સ્પ્રેડને ધ્યાનમાં રાખવામાં આવે છે. ભારતમાં સૌ પ્રથમ ફલોટિંગ રેટના બોન્ડસ સપ્ટેમ્બર ૧૯૯૫માં ઇસ્યુ થયેલા.

દા.ત. એક ફલોટિંગ રેટનો બોન્ડ ૨ જુલાઇ ૨૦૦૨ના રોજ ૧૫ વર્ષ માટે એટલે કે તા. ૨ જુલાઇ ૨૦૧૭ના રોજ પાકે તે રીતે ઇસ્યુ થયો હતો. આ જામીનગીરી ઉપર કુપનની ચુકવણી ૬.૫ ટકાના દરે આગળની હરાજીના ૩૬૪ દિવસના ટ્રેઝરી બિલ્સની સંપૂર્ણ ઉપજના ભારિત ભાવે નક્કી થઇ હતી. બોન્ડની હરાજીમાં ૩૪ મૂળાધાર પોઇંટના (૦.૩૪ ટકા) કટ ઓફ સ્પ્રેડને ધ્યાનમાં લેવામાં આવેલ હતો, તેથી પ્રથમ છ માસ માટેનો વ્યાજનો દર (કુપન) ૬.૮૪% નકકી કરવામાં આવેલ હતો.

૩ ઝીરો કુપન બોન્ડસ

ઝીરો કુપન બોન્ડસ એ એવા બોન્ડસ છે કે જેની સાથે કુપન ચુકવણી નથી હોતી ટ્રેઝરી બિલ્સની જેમ ફેસ વેલ્યૂ ઉપર ડિસ્કાઉન્ટથી આપવામાં આવે છે. ભારત સરકારે આવી જામીનગીરીઓ ૯૦ના દાયકામાં ઇસ્યુ કરી હતી. ત્યાર બાદ ઝીરો કુપન બોન્ડસ ઇસ્યુ થયા નથી.

૪ કેપિટલ ઇન્ડેક્ષ્ડ બોન્ડસ

આ બોન્ડ્સ એવા બોન્ડ્સ છે કે જેનું મુદ્દલ ફુગાવાના સ્વીકૃત ભાવાંક સાથે ધારણ કરનારને ફુગાવાથી રક્ષણ આપવા માટે સંકળાયેલું છે. ફુગાવાથી રક્ષણ આપતા કેપિટલ ઇન્ડેક્ષ્ડ બોન્ડસ ડિસેમ્બર ૧૯૯૭માં ઇસ્યુ થયેલા. આ બોન્ડસ ૨૦૦૨માં પાકેલા. સરકાર હાલમાં ફુગાવા ભાવાંક બોન્ડસ ઇસ્યુ કરવાનું વિચારી રહી છે કે જેમાં બંનેની ચુકવણી કુપન અને મુદ્દલને ફુગાવાના ભાવાંક (હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્ષ) સાથે સાંકળી લેવામાં આવશે.

૫ બોન્ડસ વીથ કોલ/પુટ ઓપ્શન્સ

બોન્ડ્સ એવી લાક્ષણિકતા સાથે ઇસ્યુ કરવામાં આવે છે કે જેમાં ઇસ્યુ કરનાર પાસે પરત ખરીદવાનો (કોલ ઓપ્શન) વિકલ્પ હોઇ શકે અથવા રોકાણકાર પાસે ઇસ્યુ કરનારને બોન્ડના ચલણ દરમ્યાન બોન્ડ વેચવાનો (પુટ ઓપ્શન) વિકલ્પ હોઇ શકે. ૬.૭૨ ટકાના જી.એસ ૨૦૧૨ જુલાઇ ૧૮, ૨૦૦૨ના રોજ ૧૦ વર્ષે ૧૮ જુલાઇ ૨૦૧૨ના રોજ પાકે તે રીતે ઇસ્યુ થયેલા. બોન્ડ ઉપર આપેલા વિકલ્પનો ઉપયોગ બોન્ડ ઇસ્યુ થયાની તારીખથી ૫ વર્ષ પછી આવતી કુપન તારીખ પછી થઇ શકેલો. સરકાર પાસે બોન્ડ એટ પાર (ફેસ વેલ્યુની સમાંતર કિંમતે) પરત ખરીદવાનો હક્ક છે, જ્યારે રોકાણકારને બોન્ડ સરકારને એટ પાર (ફેસ વેલ્યુની સમાંતર કિંમતે) વેચવાનૌ અધિકાર (પુટ ઓપ્શન) તા.૧૮ જુલાઇ ૨૦૦૭ પછી શરૂ થતી કુપનની તારીખોએ છે.

૬ ખાસ જામીનગીરીઓ

બજાર દેવાં કાર્યક્રમ હેઠળ સરકાર દ્વારા ટ્રેઝરી બિલ્સ અને તારીખવાળી જામીનગીરીઓ ઉપરાંત ભારત સરકાર સમયાંતરે ખાસ જામીનગીરીઓ અમુક સંસ્થાઓ જેવી કે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ, ફર્ટિલાઇઝર કંપનીઓ, ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, આ કંપનીઓને વળતર તરીકે આર્થિક સહાયના બદલામાં ઇસ્યુ કરે છે, આ જામીનગીરીઓ સામાન્ય રીતે લાંબી તારીખવાળી જામીનગીરીઓ છે જેનો વ્યાજનો દર એટલી જ મુદતવાળી નિશ્ચિત તારીખે પાકતી જામીનગરીઓના વ્યાજનો દર ઉપર ૨૦ – ૨૫ બેઝિસ પોઈન્ટના સ્પ્રેડથી નકકી કરવામાં આવે છે. આ જામીનગીરીઓ, એસએલઆર જામીનગીરીઓને પાત્ર નથી પણ કબૂલાત ઉપરાંતની જામીનગીરી તરીકે માર્કેટ રેપો ટ્રાન્ઝેક્શન્સ માટે પાત્ર છે. લાભ લેનારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓ આ જામીનગીરીઓનો ઉપયોગ સેકંડરી માર્કેટમાં બેંકો, વીમા કંપનીઓ/પ્રાઇમરી ડીલર્સ વગેરેને આપીને રોકડ ઉભી કરી શકે છે.

૭ STRIPS (Separate Trading of Registered Interest & Principal of Securities) એ એવી નવા પ્રકારની જામીનગીરીઓ છે કે જેમાં ફિકસ વ્યાજનો દર ધરાવતી જામીનગીરીઓ પર મળતી આવકને શૂન્ય વ્યાજનો દર ધરાવતી જામીનગીરીઓમાં તબદીલ કરીને બજારમાં વેચી શકાય એવી રીતે મૂકવામાં આવે છે. દા.ત. રૂ.૧૦૦ ની ૮.૨૪% વ્યાજ આપતી, ૨૦૧૮માં પાકતી જામીનગીરી પરની આવક (રૂ.૪.૧૨, પ્રતિ છ માસે), STRIP માટેનો વ્યાજનો દર બનશે અને તેની પાકતી મુદતે પરત મળનારી રકમ રૂ.૧૦૦/-, એ જામીનગીરીની ફેસ વેલ્યુ બનશે. આ કેશ ફલોને સેકન્ડરી માર્કેટમાં સ્વતંત્ર રૂપે બજારમાં વેચી શકાશે.

C રાજય સરકારની જામીનગીરીઓ (એસડીએલ)

૧.૬ રાજય સરકારો પણ બજારમાંથી ભંડોળ એકઠું કરી શકે છે. રાજય સરકારોની લોનો પણ નિશ્ચિત મુદતે પાકતી, કેંદ્ર સરકાર દ્વારા ઈસ્યુ થતી (હરાજીથી) લોનો જેવી જ છે (પ્રશ્ન – ૩ જુઓ). આ લોનો પર છ માસે વ્યાજ ચૂકવાય છે અને મુદ્દલ, પાકતી તારીખે ચૂકવાય છે. કેંદ્ર સરકારની જામીનગીરીઓની જેમ જ, રાજય સરકારોની લોનોમાં કરેલું રોકાણ SLRમાં રોકાણ માટે પાત્ર છે. ઉપરાંત તે ધિરાણ લેવા માટે સમાંતર (વધારાની) (કોલેટરલ)

જામીનગીરી તરીકે રિપો વ્યવહારો માટે પણ પાત્ર જામીનગીરીઓ તરીકે સ્વીકૃત છે, જેનો લિકિવડિટી એડજસ્ટમેંટ સગવડમાં ઉપયોગ થાય છે.

૨ સરકારી જામીનગીરીઓમાં શા માટે રોકાણ કરવું જોઈએ?

૨.૧ બેંક દ્વારા રોકડ સ્વરૂપે ભંડોળ રાખવામાં કોઈ જ વળતર મળતું નથી. સોનામાં રોકાણ કરવામાં પણ જોખમ છે કારણકે સોનાની શુધ્ધતા પારખવામાં મુશ્કેલીઓ પડે છે. ઉપરાંત તેની જાળવણી પણ સમસ્યારૂપ છે. સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવામાં નીચેના ફાયદા છે.

- વ્યાજના સ્વરૂપમાં આવક મળવા ઉપરાંત, સરકારી જામીનગીરીઓમાં રોકાણ સંપૂર્ણ સલામત છે. કારણકે તેમાં મુદ્દલ અને વ્યાજની ચૂકવણી અંગે સરકાર તરફથી પાકી ખાત્રી અપાયેલ હોય છે.
- તે ચોપડામાં એન્ટ્રી સ્વરૂપે જાળવી શકાય છે, જેથી તેની જાળવણી સરળ બને છે.
- સરકારી જામીનગીરીઓ ૯૧ દિવસથી ૩૦ વર્ષ જેટલી લાંબા મુદતવાળી એટલે કે રોકાણ કરવા માટે પુષ્કળ વિકલ્પ આપે છે.
- સરકારની જામીનગીરીઓને સેકન્ડરી માર્કેટમાં સરળતાથી વેચી શકાય છે.
- રિપો માર્કેટમાં સરકારી જામીનગીરીઓ, સમાંતર (કોલેટરલ) જામીનગીરીઓ તરીકે આપી શકાય છે.
- સરકારી જામીનગીરીઓના સોદા ડીલીવરી V/s પેમેન્ટના સિધ્ધાંત પર થતા હોવાથી સોદા સરળ, કાર્યક્ષમ અને સલામત છે. એમાં રકમની ચૂકવણી અને જામીનગીરીઓની ડિલીવરી, એક સાથે થતાં હોવાથી કોઈપણ પ્રકારનું જોખમ ઉભું થતું નથી.
- સરકારી જામીનગીરીઓના બજારમાં ભાવની માહિતી સરળતાથી ઉપલબ્ધ થતી હોવાથી, બજારના વ્યવહાર પારદર્શક બને છે.
- બેંકો, વીમા કંપનીઓ મોટા રોકાણકારો ઉપરાંત નાના રોકાણકારો જેવા કે સહકારી બેંકો, ગ્રામીણ બેંકો, પ્રોવિડન્ટ ફંડો પણ સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરી શકે છે.

(A) પ્રાથમિક (અર્બન) સહકારી બેંકો

૨.૨ બેંકિંગ રેગ્યુલેશન્સ એકટ, ૧૯૪૯ ની કલમ ૨૪માં દર્શાવ્યા પ્રમાણે સહકારી બેંકોએ (લઘુતમ રોકડ ઉપરાંત) પોતાની ટાઈમ અને ડિમાન્ડ જવાબદારીઓના ૨૫%થી ઓછું નહીં એટલું રોકાણ લિકિવડ સ્વરૂપમાં કરવું પડે છે. આવું લિકિવડ રોકાણ, રોકડ, સોનું અથવા સરકારી જામીનગીરીઓ (બોજા મુકત) અથવા અન્ય માન્ય જામીનગીરીઓમાં કરવું ફરજિયાત છે, જે SLR સ્ટેચ્યુટરી લિકિવડિટી રેશિયો તરીકે ઓળખાય છે.

૨.૩ દરેક સહકારી બેંકો પોતાની SLR જરૂરિયાતોના અમુક નિશ્ચિત પ્રમાણમાં સરકારી જામીનગીરીઓમાં રોકવી ફરજિયાત છે. દા.ત.

(a) શિડયુલ્ડ સહકારી બેંકોએ પોતાની SLR જરૂરિયાતોના ૨૫% સરકારી જામીનગીરીઓ અને અન્ય માન્ય જામીનગીરીઓમાં રોકવી ફરજિયાત છે.

(b) રૂા.૨૫ કરોડથી વધુ ડિમાન્ડ એન્ડ ટાઈમ લાયાબિલિટિઝવાળી નોન શિડયુલ્ડ સહકારી બેંકોએ પોતાની SLR જરૂરિયાતના ૧૫% રકમ, સરકારી જામીનગીરીઓમાં રોકવી ફરજિયાત છે.

(c) રૂા.૨૫ કરોડથી ઓછી ડિમાન્ડ એન્ડ ટાઈમ લાયાબિલિટિઝ ધરાવતી નોન-શિડયુલ્ડ સહકારી બેંકોએ પોતાની SLR જરૂરિયાતનું ૧૦% રોકાણ સરકારી જામીનગીરીઓમાં કરવું ફરજિયાત છે.

(B) ગ્રામ્ય સહકારી બેંકો

૨.૪ બેંકિંગ રેગ્યુલેશન એકટની કલમ ૨૪ પ્રમાણે રાજય સરકારી બેંકો, જિલ્લા સહકારી બેંકોએ પણ પોતાની ડીમાન્ડ એન્ડ ટાઈમ લાયાબિલિટિઝના ૨૫%થી ઓછું નહી એટલું રોકાણ રોકડ, સોનું અથવા બોજામુકત સરકારી જામીનગીરીઓમાં કરવું ફરજિયાત છે, જે તેમની SLR જરૂરિયાતના ભાગ રૂપે છે. જિલ્લા સહકારી બેંકોએ, રાજય સહકારી બેંકમાં મૂકેલી કેશ ભંડોળ, SLR જરૂરિયાતના ભાગરૂપે કરેલા રોકાણ તરીકે માન્ય ગણાય છે.

(C) ગ્રામિણ બેંકો

૨.૫ એપ્રિલ ૨૦૦૨થી દરેક ગ્રામિણ બેંક માટે પોતાની SLR જરૂરિયાતોનું સમગ્ર રોકાણ સરકારી જામીનગીરીઓ તથા અન્ય માન્ય જામીનગીરીઓમાં કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે.

ગ્રામિણ બેંકો, SLR જરૂરિયાત તેમની ડીમાન્ડ અને ટાઈમ લાયાબિલિટિઝના ૨૫% પ્રમાણે ફરજિયાત કરવામાં આવેલ છે.

૨.૬ અત્યારે, ગ્રામિણ બેંકોને તેમની એસએલઆર જામીનગીરીઓના "માર્ક ટુ માર્કેટ" નોર્મ્સ માટે મુક્તિ આપવામાં આવી છે. તે જ રીતે ગ્રામિણ બેંકોને તેમની એસએલઆર જામીનગીરીઓના સમગ્ર રોકાણના પોર્ટફોલિયોને "હેલ્ડ ટુ મેચ્યોરિટી" હેઠળ વર્ગીકૃત કરવાની સત્તા આપવામાં આવી છે અને તેમનું મૂલ્ય ચોપડે બોલતી કિંમતના આધારે આંકવું.

(D) પ્રોવિડન્ટ ફંડો તથા અન્ય સંસ્થાઓ

૨.૭ બિન સરકારી પ્રોવિડન્ટ ફંડો, નિવૃત્તિ લાભનાં ફંડો અને ગ્રેચ્યુઈટી ફંડો માટે જાન્યુઆરી ૨૪, ૨૦૦૫ બાદ, પોતાના ભંડોળમાં થતા વધારાની ૪૦% રકમ સરકારી જામીનગીરીઓમાં અથવા અન્ય ગિલ્ટ ફંડોમાં કે જે SEBI દ્વારા નિયંત્રિત થાય છે અથવા રાજય/કેંદ્ર સરકાર દ્વારા સંપૂર્ણ પણે બિનશરતી રીતે ગેરેંટેડ જામીનગીરીઓમાં રોકવી ફરજિયાત કરવામાં આવી છે પરંતુ આવા કોઈપણ ટ્રસ્ટનું કુલ રોકાણ તેના કુલ ભંડોળના ૫% રકમથી કયારેય પણ વધવું જોઈએ નહીં. બિન સરકારી પ્રોવિડન્ડ ફંડો માટે રોકાણ કરવાની માર્ગદર્શિકાઓ હમણાં જ સુધારવામાં આવી છે, જે અન્વયે, ૨૦૦૯ બાદ રોકાણ પાત્ર ભંડોળના ૫૫% રકમ, કેંદ્ર સરકારની / રાજય સરકારની જામીનગીરીઓ અને અન્ય ગિલ્ટ ફંડોમાં રોકી શકાય છે.

૩ સરકારી જામીનગીરીઓ કેવી રીતે અપાય છે?

૩.૧ રિઝર્વ બેંક દ્વારા સરકારી જામીનગીરીઓની હરાજી થાય છે, જે માટે ઈલેક્ટ્રોનિક પધ્ધતિનો ઉપયોગ થાય છે, જેને NDS હરાજી કહે છે. જેમાં વ્યાપારી બેંકો શિડયુલ્ડ સહકારી બેંકો, પ્રાઈમરી ડીલર્સ, વીમા કંપનીઓ, પ્રોવિડંટ ફંડો, આ હરાજીમાં ભાગ લેતા સભ્યો છે. (પ્રાઇમરી ડીલર્સની યાદી એનેક્ષર-૨માં આપેલ છે), ઇન્સ્યોરન્સ કંપનીઔ અને પ્રોવિડંટ ફંડ્સ, કે જેઓ ફંડ્સ એકાઉન્ટ (કરંટ એકાઉન્ટ) અને સિક્યુરિટીઝ એકાઉન્ટ (એસજીએલ એકાઉન્ટ) ભારતીય રિઝર્વ બેંક સાથે ચલાવે છે તેઔ આ ઇલેક્ટ્રોનિક પ્લેટફોર્મના સભ્ય છે. આ તમામ PDO-NDS ના તમામ સભ્યો, ઈલેક્ટ્રોનિક માધ્યમથી હરાજીમાં ભાગ લે છે, જે NDS ના સભ્યો નથી, તેઓ હરાજીમાં શિડયુલ્ડ કોમર્શિયલ બેંકો કે પ્રાઈમરી ડીલર્સના માધ્યમથી આ હરાજીમાં ભાગ લઈ શકે છે. આ માટે શહેરી સહકારી બેંકોએ બેંક કે પ્રાઈમરી

ડીલર પાસે સિક્યુરિટિઝ એકાઉન્ટ ખોલાવવું પડે છે, આવા ખાતાને GILT Account કહે છે. આવું ખાતું ડીમેટ પ્રકારનું ખાતું હોય છે, જે શિડયુલ્ડ કોમર્શિયલ બેંક અથવા પ્રાયમરી ડીલર દ્વારા તેના સંયોજક માટે ચલાવાય છે (દા.ત. નોન શિડયુલ્ડ શહેરી સહકારી કોમર્શિયલ બેંક).

૩.૨ કેન્દ્ર સરકારની સાથે મસલતો કર્યા પછી, રિઝર્વ બેંક, અર્ધવાર્ષિક ધારણે, હરાજીનો કાર્યક્રમ જાહેર કરે છે, જેમાં જામીનગીરીઓની કુલ રકમ, જામીનગરીઓની મુદત, હરાજીનો સમયગાળો વગેરેની માહિતી આપવામાં આવે છે. આ અંગેનું જાહેરનામું તથા અખબારી નોંધ હરાજીના ખરેખરી તારીખના એક અઠવાડિયા પહેલાં રિઝર્વ બેંક દ્વારા બહાર પાડી, તેમાં જામીનગીરીનું નામ, જામીનગીરીની રકમ, જામીનગીરીનો પ્રકાર અને હરાજીની પ્રક્રિયાની માહિતી અપાય છે. જાહેરનામું અને અખબારી નોંધ, RBI વેબ સાઈટ, www.rbi.org.in પર પણ મૂકાય છે અને જાણીતા વર્તમાનપત્રોમાં પણ આ અંગે જાહેરાત અપાય છે. આ અંગેની માહિતી જાહેર બેંકો તથા પ્રાયમરી ડીલર્સના કાર્યાલયોમાં પણ ઉપલબ્ધ હોય છે.

૪ સરકારી જામીનગીરીઓ જારી કરવા અંગે કઈ કઈ હરાજી પધ્ધતિઓનો ઉપયોગ થાય છે?

સરકારી જામીનગીરીઓની હરાજી પધ્ધતિ અમલમાં મૂકવામાં આવી તે પહેલાં, જામીનગીરીઓના વ્યાજના દર ભારત સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવતા હતા. પરંતુ હરાજી દ્વારા જામીનગીરીઓ આપવાની પધ્ધતિ અમલમાં મૂકવાથી, વ્યાજનો દર (કુપન રેટ), બજારનાં પરિબળો પર આધારિત શોધ પ્રક્રિયાથી નક્કી થાય છે.

૪.૧ હરાજી બે પ્રકારે થાય છે, (૧) વળતર આધારિત (૨) મૂલ્ય આધારિત.

(૧) વળતર આધારિત હરાજી :

આ પ્રકારની પધ્ધતિ નવી જામીનગીરી ઈસ્યુ થવાની હોય ત્યારે આપનાવાય છે. રોકાણકારો બે દશાંશ સ્થળ સુધીના વ્યાજનો દર ભરીને હરાજીમાં ભાગ લે છે, જેમ કે ૮.૧૯% કે ૮.૨૦%. બોલીના દરને ચઢતા ક્રમમાં ગોઠવાય છે અને હરાજી માટે મૂકાયેલ કુલ રકમને ધ્યાનમાં રાખી cut off દર નકકી થાય છે. આ cut off દરને 'કુપન રેટ' કહેવાય છે, જે અરજદારોએ cut off દર જેટલા અથવા એનાથી ઓછા દરે બીડ કર્યું હોય તેની અરજી માન્ય

રાખવામાં આવે છે. Cut off દરથી ઊંચા દરે મળેલી બીડને નામંજૂર કરવામાં આવે છે. આ પધ્ધતિને નીચે સમજાવવામાં આવી છે.

નવી ઈસ્યુ થતી જામીનગીરી પર વળતર

- પાકતી તારીખ : ૮.૯.૨૦૧૮
- કુપન રેટ : હરાજી દ્વારા નકકી થાય (૮.૨૨ ટકા નીચે આપેલ ઉદાહરણ મુજબ)
- હરાજી તારીખ : ૫.૯.૨૦૦૮
- સેટલમેંટ તારીખ : ૮.૯.૨૦૦૮* (૬/૯ અને ૭/૯ રજા હોવાથી)
- નિર્ધારિત રકમ : રૂ.૧૦૦૦ કરોડ

* ૬ અને ૭મી સપ્ટેમ્બરના રોજ રજા હોવાથી, ૮ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ સેટલમેન્ટ T+૧ સાયકલ હેઠળ થયું.

મળેલ બીડની માહિતી દર્શાવતો કોઠો

બીડ નંબર	વળતર %	બીડની રકમ (રૂ.કરોડ)	એકંદર રકમ (રૂ. કરોડ)	૮.૨૨% ના દરે * કિંમત
૧	૮.૧૯	૩૦૦	૩૦૦	૧૦૦.૧૯
૨	૮.૨૦	૨૦૦	૫૦૦	૧૦૦.૧૪
૩	૮.૨૦	૨૫૦	૭૫૦	૧૦૦.૧૩
૪	૮.૨૧	૧૫૦	૯૦૦	૧૦૦.૦૯
૫	૮.૨૨	૧૦૦	૧૦૦૦	૧૦૦
૬	૮.૨૨	૧૦૦	૧૧૦૦	૧૦૦
૭	૮.૨૩	૧૫૦	૧૨૫૦	૯૯.૯૩
૮	૮.૨૪	૧૦૦	૧૩૫૦	૯૯.૮૭

૫ નંબરના બીડ સુધીના અરજદારોને, જામીનગીરીઓ અપાશે (કારણકે નોટીફાઈડ રકમ રૂ.૧૦૦૦ કરોડ છે). ૫ નંબર અને ૬ નંબરના અરજદારોએ સરખો દર ભર્યો હોવાથી, બંને અરજદારોને પ્રો-રેટા (પ્રમાણસર) રકમ ફાળવાશે. ઉપરના ઉદારહણમાં બંનેને રૂ.૫૦ – ૫૦ કરોડ ફાળવાશે. બીડ નંબર ૭ અને ૮ નામંજૂર થશે.

* પ્રશ્ન ૨૪ માં YTM ગણતરીની પ્રક્રિયા સમજાવવામાં આવી છે.

(૨) મૂલ્ય આધારિત હરાજી :

જયારે ભારત સરકાર અગાઉ ઈસ્યુ થયેલી જામીનગીરીઓ ફરી ઈસ્યુ કરે છે ત્યારે આ પધ્ધતિ અપનાવાય છે. આ પ્રક્રિયામાં રૂા.૧૦૦ની કિંમત (Face value) ની જામીનગીરીઓ માટે બોલી અપાય છે દા.ત. રૂા.૧૦૨, ૧૦૧, ૧૦૦, ૯૯ વગેરે. આ દરને ઉતરતા ક્રમમાં ગોઠવાય છે. "cut off" દરથી ઉંચા દરે અપાયેલ બોલીઓને રકમ ફાળવવામાં આવે છે અને 'cut off' દરથી નીચી બોલીઓ નામંજુર કરાય છે. આ પધ્ધતિને નીચેના ઉદાહરણથી સમજાવવામાં આવી છે.

મૂલ્ય આધારિત હરાજી. ૮.૨૪% ની ૨૦૧૮ માં પાકતી જામીનગીરીની હરાજી.

પાકતી તારીખ	:	૨૨.૪.૨૦૧૮
કુપન	:	૮.૨૪%
હરાજીની તારીખ	:	૫.૯.૨૦૦૮
સેટલમેંટ તારીખ	:	૮.૯.૨૦૦૮* (૬/૯ અને ૭/૯ રજા હોવાથી)
નિર્ધારિત રકમ	:	રૂા.૧૦૦૦ કરોડ

* ૬ અને ૭મી સપ્ટેમ્બરના રોજ રજા હોવાથી, ૮ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ સેટલમેન્ટ T+૧ સાયકલ હેઠળ થયું.

મળેલ બીડની માહિતી દર્શાવતો કોઠો

બીડ નંબર	વળતર %	બીડની રકમ (રૂા.કરોડ)	સંપૂર્ણ અવેજ	એકંદર રકમ
૧	૧૦૦.૩૧	૩૦૦	૮.૧૯૧૨ %	૩૦૦
૨	૧૦૦.૨૬	૨૦૦	૮.૧૯૮૭ %	૫૦૦
૩	૧૦૦.૨૫	૨૫૦	૮.૨૦૦૨ %	૭૫૦
૪	૧૦૦.૨૧	૧૫૦	૮.૨૦૬૨ %	૯૦૦
૫	૧૦૦.૨૦	૧૦૦	૮.૨૦૭૭ %	૧૦૦૦
૬	૧૦૦.૨૦	૧૦૦	૮.૨૦૭૭ %	૧૧૦૦
૭	૧૦૦.૧૬	૧૫૦	૮.૨૧૩૬ %	૧૨૫૦
૮	૧૦૦.૧૫	૧૦૦	૮.૨૧૫૧ %	૧૩૫૦

૫મા ક્રમ સુધીના અરજદારને ફાળવવમાં આવશે. ૫મા અને ૬ઠ્ઠા ક્રમના અરજદારોને પ્રો રેટા ફાળવણી થશે કારણકે બંનેએ એકજ રેટ બીડ કર્યો છે, જેથી નોંધાયેલ રકમ વધશે નહિં. ઉપરોકત કેસમાં દરેકને રૂા.૫૦ કરોડ મળશે. ૭ અને ૮ નંબરની અરજીઓ નામંજૂર થશે.

૪.૨ સફળ અરજદારોને કરાયેલ ફાળવણીની પધ્ધતિને ધ્યાનમાં રાખી, હરાજીને એક સમાન (uniform) મૂલ્ય આધારિત અથવા વિવિધ (multiple) મૂલ્ય આધારિત એમ બે પ્રકારમાં વહેંચવામાં આવે છે. એક સમાન પ્રક્રિયા નીચે કરવામાં આવેલી અરજીઓના અરજદારોને એકજ દરે, જામીનગીરીઓ ઈસ્યુ થાય છે એટલે કે 'cut off' દરે. જયારે, વિવિધ મૂલ્ય આધારિત પ્રક્રિયા નીચે કરવામાં આવેલી અરજીઓના અરજદારોને એમણે ભરેલા દરે જામીનગીરીઓની ફાળવણી કરાય છે. ઉપરના ઉદાહરણ (ii) માં જો હરાજી "એક સમાન દર" આધારિત હશે તો તમામ સફળ અરજદારોને રૂા.૧૦૦.૨૦ ના એક સમાન દરે ફાળવણી થશે. પરંતુ જો, હરાજી વિવિધ મૂલ્ય આધારિત હશે તો દરેક અરજદારને તેણે ભરેલી રકમના પ્રમાણમાં ફાળવણી થશે. દા.ત. ૧ નંબરના અરજદારને રૂા.૧૦૦.૩૧, ૨ નંબરના અરજદારને રૂા.૧૦૦.૨૬ વગેરે વગેરે.

૪.૩ રોકાણકાર નીચેનીમાંથી કોઈપણ શ્રેણીમાં રોકાણ કરી શકે છે.

(i) સ્પર્ધાત્મક બીડીંગ

આ કેટેગરી નીચે, રોકાણકાર એક નિશ્ચિત કિંમતે/ ઉપજના દરે બીડ કરી શકે છે. જો તેણે બીડ કરેલી કિંમત / ઉપજનો દર, cut off કિંમત / મર્યાદાની અંદર હશે તો તેને જામીનગીરીઓ અપાશે. સ્પર્ધાત્મક બીડીંગ સામાન્ય રીતે શિક્ષિત રોકાણકારો દ્વારા જ કરાય છે; જેવા કે બેંકો, નાણાંકીય સંસ્થાઓ, પ્રાઈમરી ડીલર્સ, મ્યુચ્યુઅલ ફંડ અને વીમા કંપનીઓ. આ કેટેગરીમાં લઘુતમ રોકાણ રૂા.૧૦,૦૦૦ અને તેના ગુણાંકમાં કરવું જરૂરી છે. આમાં એક કરતાં વધુ અરજીઓ કરી શકાય છે. એટલે કે રોકાણકાર એક કરતાં વધુ કિંમતે / ઉપજ દરે બીડ ભરી શકે છે.

(ii) બિન સ્પર્ધાત્મક બીડીંગ :

નાના રોકાણકારો, કે જેમની પાસે હરાજીમાં સીધો ભાગ લેવાની કુશળતા / ક્ષમતા હોતી નથી તેમને સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવાની તક પૂરી પાડવાના આશયથી જાન્યુઆરી ૨૦૦૨થી મુદતી સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના નીચે વ્યકિતઓ, HUF, ગ્રામીણ બેંકો, સહકારી બેંકો, પેઢીઓ, કંપનીઓ, કોર્પોરેટસ્, પ્રોવિડન્ટ ફંડો અને ટ્રસ્ટો રોકાણ કરી શકે છે. આ યોજના પ્રમાણે અરજદારો, અમુક રકમની જામીનગીરીઓ માટે કિંમત / ઉપજનો દર દર્શાવ્યા વગર અરજી કરી શકે છે. આવા અરજદારોને ભારિત સરેરાશ (weighted average) ના આધારે જામીનગીરીઓની ફાળવણી કરવામાં આવે છે. આ અંગેનું એક ઉદાહરણ પેરા ૪.૧(૨) માં આપવામાં આવેલ છે, જેમાં નોટીફાઈડ રકમ રૂા.૧૦૦૦ કરોડ હોવાથી ૫% એટલે કે રૂ.૫૦ કરોડ બિન સ્પર્ધાત્મક બીડીંગ માટે અલગ રાખવામાં આવે છે. ૪.૧ માં દર્શાવેલ કોઠામાં ભારિત સરેરાશ, રૂા.૧૦૦.૨૬ આવતી હોવાથી, આ દરે ફાળવણી કરવામાં આવશે. જો કે બિન સ્પર્ધાત્મક બીડીંગમાં ભાગ લેતા અરજદારોએ કોઈ બેંકમાં કે પ્રાઈમરી ડીલર પાસે ખાતું ખોલાવવું જરૂરી છે. ગ્રામીણ બેંકો અને સહકારી બેંકો, જેઓ RBI માં SGL કે કરન્ટ એકાઉન્ટ ધરાવે છે તેઓ ગિલ્ટ ખાતું ખોલાવ્યા વગર, આ પ્રકારે રોકાણ કરી શકે છે.

૪.૪ મુદતી જામીનગીરીઓની પ્રત્યેક હરાજીમાં, કુલ નોટિફાઈડ રકમની ૫% રકમ, બિન સ્પર્ધાત્મક રોકાણકારો માટે અલગ ફાળવવામાં આવે છે. ટ્રેઝરી બિલોની હરાજીમાં, નોટિફાઈડ રકમ ઉપરાંત રકમ માટે અરજીઓ સ્વીકારવામાં આવે છે. પરંતુ બિન સ્પર્ધાત્મક બીડીંગ નીચે, ટ્રેઝરી બિલો માત્ર રાજય સરકારો અને અમુક પસંદગીની સંસ્થાઓનેજ ફાળવાય છે, જેમાં સહકારી બેંકોનો સમાવેશ થતો નથી. આ પધ્ધતિ નીચે, દરેક અરજદાર એકજ અરજી કરી શકે છે (બેંક કે પ્રાઈમરી ડીલર દ્વારા), જેમાં લઘુત્તમ મર્યાદા રૂા.૧૦,૦૦૦ની અને મહત્તમ મર્યાદા રૂા.૨ કરોડની છે. બેંક અથવા પ્રાઈમરી ડીલર, પ્રતિ રૂા.૧૦૦ દીઠ ૬ પૈસા જેટલું કમિશન પોતાની સેવાઓની ફી પેટે લઈ શકે છે. જો આ પ્રકારની પ્રક્રિયા હેઠળ મળેલી અરજીઓની કુલ રકમ, નોટિફાઈડ રકમના ૫% થી વધુ હશે તો અરજદારોને પ્રો-રેટા ના ધોરણે ફાળવણી થશે.

૪.૫ રાજય સરકારની જામીનગીરીઓ માટે ઓગષ્ટ ૨૦૦૯થી બિનસ્પર્ધાત્મક બીડીંગની યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજય સરકારની જામીનગીરીઓની કુલ નોટીફાઈડ રકમના ૧૦% રકમ, આ પ્રકારના બીડીંગ માટે ફાળવવામાં આવે છે, જેમાં નોટિફાઈડ રકમના ૧% જટલી મહત્તમ રકમ માટે અરજી કરી શકાશે (કેંન્દ્ર સરકારની જામીનગીરીઓમાં આ મર્યાદા રૂા.૨ કરોડ છે). બીડીંગ અંગેની અન્ય પ્રક્રિયા (કેંન્દ્ર સરકારની જામીનગીરીઓ માટે છે, તેજ પ્રકારની છે.

૫ ખુલ્લા બજારની પ્રક્રિયાઓ એટલે શું (Open Market Operations) ?

લાંબા ગાળાને ધ્યાનમાં રાખી, રિઝર્વ`બેંક ઓફ ઈન્ડિયા દ્વારા, ખુલ્લા બજારમાં સરકારી જામીનગીરીઓના ખરીદ / વેચાણની પ્રક્રિયા દ્વારા નાણાંની તરલતા (લિકવીડીટી)માં ફેરફાર કરાય છે. આ પ્રક્રિયાને ખુલ્લા બજારની પ્રક્રિયા કહે છે. જયારે રિઝર્વ બેંકને જણાય કે બજારમાં લિકવીડીટીનું પ્રમાણ વધારે છે, ત્યારે સરકારી જામીનગીરીઓના વેચાણથી બજારમાંથી નાણાં ખેંચીને લિકવીડીટી ઓછી કરે છે. તે જ રીતે, લિકવીડીટી ઓછી હોય તો સરકારી જામીનગરીઓ ખરીદી, નાણાંનો જથ્થો વધારી બજારમાં લિકવીડીટી વધારવાનો પ્રયત્ન કરે છે.

૬ તરલતા વ્યવસ્થા સગવડ (Liquidity Adjustment Facility) શું છે (LAF) ?

આ સગવડ રિઝર્વ બેંક દ્વારા શિડયુલ્ડ કોમર્શિયલ બેંકો (ગ્રામીણ બેંકો સિવાય) અને પ્રાઈમરી ડીલરોને અપાતી એક સગવડ છે, જે અન્વયે આવી સંસ્થાઓ જરૂરિયાત પડે પોતાની પાસેનાં વધારાના ભંડોળ એકાદ દિવસ માટે રિઝર્વ બેંકમાં રોકીને અથવા એકાદ દિવસ માટે ભંડોળ મેળવીને (સરકારી જામીનગીરીઓ ગિરવે મૂકીને) તરલતા (લિકવીડીટી) ને Adjust કરી શકે છે. આવી વ્યવસ્થા સામાન્ય રીતે દૈનિક ધોરણે ઉપયોગમાં લેવાય છે. LAF ની કામગીરી સામાન્ય રીતે રિપો અને રિવર્સ રિપો થી થાય છે. (પેરા ૩૦.૪ અને ૩૦.૮ જુઓ), જેમાં RBI કાઉન્ટર પાર્ટી હોય છે. LAF માં વ્યાજનો દર RBI દ્વારા નકકી કરવામાં આવે છે. આ દર વર્તમાનમાં ૪.૭૫% અને ૩.૨૫% છે. RBIની નાણાંકીય નીતિનું LAF એક મહત્વનું અંગ છે, જે દ્વારા RBI, નાણાં બજારને મહત્વની દિશા આપે છે.

૭ કેવી રીતે અને કયા સ્વરૂપમાં સરકારી જામીનગીરીઓ રાખી શકાય?

૭.૧ RBI માં આવેલી પબ્લિક ડેટ ઓફિસ, મુંબઈ, સરકારી જામીનગીરીઓનો રજીસ્ટ્રેશન અને મધ્યસ્થી સંસ્થા તરીકે કામ કરે છે. રોકાણકાર સરકારી જામીનગીરીઓ ભૌતિક સ્વરૂપમાં સર્ટિફિકેટ સ્વરૂપે અથવા ડિમેટ સ્વરૂપમાં, બેંકના ચોપડાઓમાં એન્ટ્રી સ્વરૂપે ધારણ કરી શકે છે. મે ૨૦, ૨૦૦૨ પછી, સરકારી જામીનગીરીઓ ડિમેટ સ્વરૂપમાં રાખવાનું ફરજિયાત કરવામો આવ્યું છે. આથી સરકારી બેંકોએ, સરકારી જામીનગીરીઓ ડિમેટ સ્વરૂપમાંજ રાખવી ફરજિયાત છે.

(a) સર્ટિફિકેટ સ્વરૂપ :

સરકારી જામીનગીરીઓ સ્ટોક સર્ટિફિકેટ સ્વરૂપમાં રાખી શકાય છે. સ્ટોક સર્ટિફિકેટ, PDOમાં નોંધાયેલ હોય છે. સ્ટોક સર્ટિફિકેટની માલિકી, એન્ડોર્સમેન્ટ અને ડિલીવરીથી ટ્રાન્સફર કરી શકાતી નથી. ટ્રાન્સફર ફોર્મ ભરીનેજ સ્ટોક સર્ટિફિકેટની માલિકી ટ્રાન્સફર કરી શકાય છે કારણ કે સ્ટોક સર્ટિફિકેટ PDOના ચોપડે નોંધાયેલાં હોય છે. PDOના ચોપડે, સ્ટોક સર્ટિફિકેટની ટ્રાન્સફર એન્ટ્રી થયા પછી જ આ ટ્રાન્સફર કાયદેસર બને છે.

(b) ડીમેટ સ્વરૂપ :

સરકારી જામીનગીરીઓને ડિમેટ સ્વરૂપમાં રાખવી, સલામત અને સગવડભર્યું છે કારણ કે ડિમેટ સ્વરૂપના કારણે જામીનગીરીઓ ખોવાઈ જવાની શકયતા નિવારી શકાય છે અને તેને ટ્રાન્સફર કરવાની કાર્યવાહી સરળ બની જાય છે. ડિમેટ સ્વરૂપમાં સરકારી જામીનગીરીઓ બે સ્વરૂપે રાખી શકાય છે.

(i) SGL Account : RBI અમુક ખાસ ગ્રાહકોને PDOમાં SGL ખાતું ખોલવાની સગવડ આપે છેપ જેમાં સરકારી જામીનગીરીઓ ડિમેટ સ્વરૂપમાં રાખી શકાય છે.

(ii) ગિલ્ટ Account : SGL ખાતું ખોલવાની સગવડ, મર્યાદિત ગ્રાહકો માટેજ હોવાથી રોકાણકાર પાસે કોઈ બેંકમાં કે પ્રાઈમરી ડીલર પાસે (SGL

constituents subsidiary General Ledger Account) ખોલાવી શકે છે, જેને SGL II એકાઉન્ટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ ખાતાઓમાં જમા-ઉધાર ઈલેકટ્રોનિક માધ્યમથી થાય છે, જેનાથી કામગીરીમાં સરળતા રહે છે. આ રીતે રખાયેલી જામીનગીરીઓની પાકતી રકમ તથા વ્યાજ, જે તે બેંકના, રિઝર્વ બેકમાં ચાલતા કરન્ટ એકાઉન્ટમાં જમા કરાતું હોવાથી કામકાજ ઝડપી થાય છે.

૭.૨ રોકાણકોરોને સરકારી જામીનગીરીઓ સર્ટિફિકેટ સ્વરૂપમાં પણ રાખવાની સગવડ છે જે અન્વયે NSDL, CSDL જેમાં ડિપોઝીટરીમાંજ આવી જામીનગીરીઓ રાખી શકાય છે. આમ કરવાથી સરકારી જામીનગીરીઓનું ટ્રેડિંગ સગવડ ભર્યું બને છે.

૮ સરકારી જામીનગીરીઓનું ટ્રેડિંગ કેવી રીતે કરાય છે?

૮.૧ સરકારી જામીનગીરીઓનું ટ્રેડિંગ કરવા માટે સેકંડરી માર્કેટ કાર્યરત છે, જેના માધ્યમથી સરકારી જામીનગીરીઓનું ખરીદ/વેચાણ (i) ઓવર ધ કાઉન્ટર (OTC), (ii) સોદો કરીને નેગોશિયેટેડ ડીલિંગ સિસ્ટમ (NDS), (iii) સોદાઓનું મેચિંગ (NDS-OM) કરીને કરી શકાય છે.

(i) કાઉન્ટર (Over the Counter) / ફોન દ્વારા – બજાર :

૮.૨ આ બજારમાંથી જો કોઈ રોકાણકાર સરકારી જામીનગીરી ખરીદવા કે વેચવા માંગતો હોય તો તેણે કોઈ બેંક કે ડીલરનો (જે SEBI સાથે રજીસ્ટર્ડ હોય) સંપર્ક કરી, અમુક રકમની જામીનગીરીઓ, અમુક કિંમતે ખરીદવા કે વેચવા સોદો કરવો પડે છે. આવો સોદો સામાન્ય રીતે ફોન પર થાય છે અને જો બંને પક્ષકાર એક બીજા સાથે સંમત થાય તો સોદો પાકો થાય છે. સહકારી બેંક જેવો ગ્રાહક જો જામીનગીરીઓ ખરીદવા માંગતો હોય તો તેમણે (બેંકે) નકકી કરેલા બ્રોકરનો સંપર્ક કરી ભાવ જાણવા પડે છે. જો સોદો નકકી થાય તો, સોદાની વિગતો (રકમ / ભાવ વગેરે), ડીલ સ્લીપ પર નોંધવી પડે છે. (નમૂના ૩ મુજબ) અને ડીલ સ્લીપની નકલ સામેના પક્ષકારને મોકલવી પડે છે. ડીલરે આ કામ કરતાં પૂરતી

કાળજી લેવી જરૂરી છે. (પ્રશ્ન ૧૪ જુઓ). ઓવર ધ કાઉન્ટર થયેલા તમામ સોદાઓ, NDS ના મોડયુલમાં નોંધાય છે (પ્રશ્ન ૧૫ જુઓ).

(ii) Negotitated Dealing System (NDS)

૮.૩ સરકારી જામીનગીરીઓના ખરીદ-વેચાણની આ પ્રકારની પધ્ધતિ, ફેબ્રુઆરી ૨૦૦૨ થી અમલમાં મૂકાઈ છે, જેનાથી, જયારે જામીનગીરીઓ હરાજીથી આપવાની હોય, ત્યારે બિડ માટેની અરજીઓ ઈલેક્ટ્રોનિક માધ્યમથી આપી શકાય છે. NDSની મદદથી, PDOની Security Settlement System (SSS)નો ઉપયોગ કરી શકાય છે. આ SSS, RBI, PDO, મુંબઈમાં ઉપલબ્ધ છે, જેના દ્વારા સરકારી જામીનગીરીઓનું ખરીદ/વેચાણ, outright અથવા Repoથી એમ બંને રીતે થઈ શકે છે. NDSનું સભ્યપદ, RBI મુંબઈમાં કરન્ટ એકાઉન્ટ ધરાવતી અથવા SGL ખાતું ધરાવતી સંસ્થાઓ પૂરતું મર્યાદિત છે.

૮.૪ ઓગષ્ટ ૨૦૦૫માં RBI દ્વારા નામ ન જાણી શકાય તેવી સ્ક્રીન બેઝડ્ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે, જેનાથી આવા સોદાઓ કરી શકાય છે, જેના દ્વારા રોકાણકારોએ પોતાની ઓળખ ગુપ્ત રાખી છે, સોદાઓની આપ/લે કરી શકે છે. આ વ્યવસ્થાને Negotiated Dealing System – Order Matching, NSD-OM કહે છે. આ વ્યવસ્થા Clearing Corporation of India Ltd. (CCIL) દ્વારા કરાઈ છે, જે RBI વતી કાર્ય કરે છે (પ્રશ્ન ૧૯ જુઓ). NDS-OM નું સીધું સભાપદ અમુક ખાસ કોર્મશીયલ બેંકો, પ્રાઈમરી ડીલર્સ, વીમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડો ને જ મળે છે. બાકીની સંસ્થાઓ પોતાના કસ્ટોડીઅન મારફત આ સેવાનો લાભ લઈ શકે છે કે જેમની સાથે તેઓ ગિલ્ટ એકાઉન્ટ ધરાવે છે. કસ્ટોડિઅન, પોતાના ગ્રાહકો વતી (જેવા કે અર્બન સહકારી બેંકો) સોદો કરે છે. NDS-OMની સગવડથી વ્યવહારોમાં સારી પારદર્શકતા રહે છે.

૮.૫ ગિલ્ટ ખાતું ધરાવનાર, NDSનો કસ્ટોડિયન મારફત સીધો સંપર્ક કરી શકે છે. આનો સભ્ય (સીધો સંપર્ક કરી શકનાર) NDSના માધ્યમથી સરકારી જામીનગીરીઓના વ્યવહાર કરી શકે છે. એજ રીતે ગિલ્ટ ખાતું ધરાવનાર NDO-OMનો પણ કસ્ટોડિયન મારફત લાભ લઈ શકે છે. હાલમાં, એકજ કસ્ટોડિયનના બે ગિલ્ટ ખાતેદારો, એકબીજા સાથે Repo વ્યવહારો કરી શકતા નથી.

(iii) સ્ટોક એકસચેંજ

સરકારી જામીનગીરીઓના ખરીદ વેચાણના સોદા BSE અને NSE ના માધ્યમથી પણ કરી શકાય છે.

૯ સરકારી જામીનગીરીઓના બજારના મુખ્ય પ્લેયર કયા કયા છે?

સરકારી જામીનગીરીઓના બજારમાં કોર્મશીયલ બેંકો તથા પ્રાઈમરી ડીલર્સ ઉપરાંત વીમા કંપનીઓ જેવા સંસ્થાકીય રોકાણકારો છે. પ્રાઈમરી ડીલર્સ, સરકારી જામીનગીરીઓના ખરીદ-વેચાણમાં ખૂબજ મહત્વનો ફાળો આપે છે. અન્ય રોકાણકારોમાં, સહકારી બેંકો, ગ્રામીણ બેંકો, મ્યુચ્યુઅલ ફંડો, પ્રોવિડન્ટ ફંડ તથા પેન્શન ફંડોનો સમાવેશ થાય છે. Foreign Insttitutional Investors વિદેશી સંસ્થાકીય નિવેશકોને રકમની મર્યાદામાં રહીને રોકાણ કરવાની છૂટ અપાય છે. (મર્યાદાઓ સમયાંતરે નકકી થાય છે). કોર્પોરેટસ પણ સરકારી જામીનગીરીઓમાં ખરીદ-વેચાણ કરી શકે છે.

૧૦ સહકારી બેંકોએ, સરકારી જામીનગીરીઓના ખરીદ-વેચાણમાં શું શું ધ્યાન રાખવાનું હોય છે?

સહકારી બેંકોએ સરકારી જામીનગીરીઓના ખરીદ–વેચાણમાં RBIની વખતો વખતની સૂચનાઓનું ધ્યાન રાખવું જરૂરી છે. આ અંગે RBIના માસ્ટર સરકર્યુલર UBD BPD PCB MC No.૧૨/૧૬.૨૦.૦૦૦/૨૦૦૯-૧૦ તારીખ ૧.૭.૨૦૦૯માં વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે અને RBIની વેબ સાઈટ પર પણ માહિતી ઉપલબ્ધ હોય છે. સૌથી મહત્વની બાબત એ છે કે બોર્ડે રોકાણ નીતિ ઘડવી જોઈએ, જેમાં ડીલ કેવી રીતે કરવા, બ્રોકરોની પેનલ, બ્રોકરો સાથે કેવી રીતે કામ કરવું, વખતો વખત રિવ્યુ અને ખરીદ / વેચાણની બ્રોકર દીઠ મર્યાદાઓનું પાલન કરવું વગેરે છે.

કોઠો-૧

શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ, (Do and Do not Do) એ અંગે અગત્યની માહિતી નીચેના કોઠામાં આપવામાં આવી છે.

શું કરવું જોઇએ?

- ડીલિંગનું કામ અને તે અંગેનું વહીવટી કામ (Back Office) અલગ રાખવું જોઇએ. જામીનગીરીઓની ખરીદી / વેચાણમાં સંકળાયેલા અધિકારીઓ, તેના વહીવટી અને હિસાબ-કિતાબના કામકાજથી અલગ હોવા જોઇએ.
- દરેક વ્યવહારની પતાવટ તેજ દિવસે થઇ જવી જોઇએ. ફંડ ખાતું અને રોકાણ ખાતું રોજ સરભર (Reconcile) થવું જોઇએ.
- મળેલા અને આપેલાં SGL ફોર્મનો વ્યવસ્થિત રેકોર્ડ રાખવો જોઈએ, જેથી તેને ઓડિટ/ઇન્સ્પેક્શન દરમ્યાન ચેક કરી શકાય.
- શક્ય હોય ત્યાં સુધી શિડ્યુલ્ડ બેંક / પ્રાયમરી ડીલર / નાણાંકીય સંસ્થાને કાઉન્ટર પાર્ટી રાખવી.
- શક્ય હોય ત્યાં સુધી કાઉન્ટર પાર્ટી સાથે સીધો જ વ્યવહાર કરવો.
- જામીનગીરીઓ રાખવા CSGL / ગિલ્ટ એકાઉન્ટ રાખો અને આવા ખાતા જ્યાં કરન્ટ એકાઉન્ટ હોય ત્યાં જ રાખો.
- પેમેન્ટની સામે ડિલીવરીનો આગ્રહ રાખો.
- બિનસ્પર્ધાત્મક બીડિંગ પધ્ધતિનો લાભ લો.
- જો ડીલ બ્રોકર મારફત થાય તો બ્રોકરનું કામ, બે પાર્ટીઓને ભેગી કરવા પૂરતું મર્યાદિત રાખો.
- અધિકૃત બ્રોકરોની યાદી તૈયાર કરો. NSE અથવા BSE સાથે નોંધાયેલા બ્રોકરોનીજ સેવા લો અથવા OTCEI ને મધ્યસ્થી રાખો.
- વર્ષ દરમ્યાન થતા કુલ ખરીદ-વેચાણની કુલ રકમના ૫ ટકા સુધીની મર્યાદા પ્રતિ બ્રોકર દીઠ નક્કી કરો. કોઈ બ્રોકર મારફત અપ્રમાણસર ડીલિંગ ન કરો.
- સરકારી જામીનગીરીઓના વ્યવહાર SGL / ગિલ્ટ ખાતામાં, ડિમેટ ફોર્મમાં કરવાનો

આગ્રહ રાખો.

- માત્ર એકજ ગિલ્ટ / ડિમેટ ખાતું રાખો.
- નાણાંકીય વ્યવહાર માટેનું ખાતું અને ગિલ્ટ એકાઉન્ટ એકજ બેંક / સંસ્થામાં રાખો.
- સરકારી જામીનગીરીઓનો વ્યવહાર કરતાં પહેલાં બેંક એકાઉન્ટમાં પૂરતું ભંડોળ રાખો.
- Non-SLR જામીનગીરીઓમાં રોકાણ કરવાની નિર્ધારિત મર્યાદાઓનું ચુસ્તપણે પાલન કરો (રાષ્ટ્રિયકૃત બેંકો, અનલિસ્ટેડ જામીનગીરીઓ, ઓલ ઇન્ડિયા ફાઇનાન્સિયલ સંસ્થાઓના અનલિસ્ટેડ શેર અને પ્રાઇવેટ ડેટ સિક્યુરિટીઝ વગેરેનો).
- બોર્ડ ઓફ ડિરેકટર્સે તમામ વ્યવહારોનું માસિક ધોરણે મૂલ્યાંકન કરવું.

<u>શું ન કરવું જોઈએ.</u>

- કોઈ બ્રોકર પેઢી કે વચેટિયા (Intermediary) દ્વારા જામીનગીરીઓના ખરીદ-વેચાણના વ્યવહાર, Principal to Principal ધોરણે ન કરો.
- સોદાઓની પતાવટમાં બ્રોકરોનો ઉપયોગ ન કરો. બંને કાઉન્ટર પાર્ટીઓએ આપમેળેજ પતાવટ કરવી.
- કોઈપણ સંજોગોમાં સોદાઓની પતાવટ માટે પાવર ઓફ એટર્ની કોઇપણ બ્રોકર કે વચેટિયાને ન આપો.
- સરકારી જામીનગીરીઓના ફીઝિકલ ફોર્મના વ્યવહાર કોઇપણ બ્રોકર સાથે ન કરો.
- Non-SLR બોન્ડમાં રોકાણ (દા.ત. કોર્પોરેટ બોન્ડસ વગેરે) જે સહકારી ક્ષેત્ર સિવાયની કંપની / સંસ્થાઓએ ઇસ્યુ કરેલા હોય, તેમાં વ્યવહાર ન કરો.

૧૧ ડીલિંગના વ્યવહાર માટે ડીલિંગ સ્ટાફ દ્વારા કેવી લખાય છે?

૧૧.૧ દરેક વ્યવહાર માટે ડીલિંગ સ્લિપ તૈયાર કરો, જેમાં ડીલનો પ્રકાર, કાઉન્ટર પાર્ટીનું નામ, સીધો વ્યવહાર છે કે બ્રોકર મારફત, બ્રોકરનું નામ, જામીનગીરીઓની વિગત, રકમ, કિંમત, કોન્ટ્રાક્ટ તારીખ / સમય, વગેરે નોંધો. દરેક સ્લિપ પર સિરિયલ નંબર લખો અને દરેક સ્લિપનો હિસાબ રાખો. એક વખત ડીલ થઇ જાય પછી, ડીલ સ્લિપ વહીવટી વિભાગને આપી દેવી. કાઉન્ટર પાર્ટી તરફથી કન્ફર્મેશન મેળવી લેવું અને તેને વહીવટી વિભાગને આપી દેવું, જેથી તેની નોંધ થઇ શકે. આ કન્ફર્મેશન સ્લિપમાં થયેલા વ્યવહારની

પૂરેપૂરી વિગતો હોવી જોઇએ. NDS-OM થી થયેલા વ્યવહારોનું કાઉન્ટર પાર્ટી કન્ફર્મેશન જરૂરી નથી કારણકે આવા વ્યવહારોની માહિતી ગુપ્ત (anonymous) હોય છે, જે ઓટોમેટિક મેચ થાય છે. પરંતુ ઓવર ધ કાઉન્ટર (OTC) થયેલા વ્યવહારો જે પર નોંધાય છે, તેનું કન્ફર્મેશન કાઉન્ટર પાર્ટીઓએ આપવું જરૂરી છે. (પ્રશ્ન ૧૫ જુઓ)

૧૧.૨ એક વખત બ્રોકર મારફત સોદો થઇ ગયા પછી બ્રોકર દ્વારા કાઉન્ટર પાર્ટીમાં કોઇપણ સંજોગોમાં ફેરફાર કરવો જોઇએ નહિં. તેજ રીતે જે જામીનગીરીઓનો સોદો પાકો થઈ જાય, તેમાં પણ કોઇ ફેરફાર કરી શકાય નહિં. સોદો લખનાર અને ચેક કરનાર (Maker-Checker) પધ્ધતિ અમલમાં મુકવી જોઇએ, જેથી કોઇ એક વ્યક્તિ એમાં ફેરફાર કરી શકે નહિં.

૧૧.૩ વહીવટી વિભાગ દ્વારા તૈયાર થયેલાં વાઉચરની મદદથી, હિસાબ-કિતાબ સ્વતંત્ર રીતે તૈયાર થવા જોઇએ. આમ કરતાં પહેલાં, કાઉન્ટર પાર્ટી / બ્રોકર તરફથી મળેલ કોન્ટ્રાક્ટ નોટ અને કાઉન્ટર પાર્ટીનું કન્ફર્મેશન મેળવી લેવું જરૂરી છે.

૧૨ જામીનગીરીઓના વ્યવહાર કરતી વખતે કઇ મહત્વની બાબતોનું ધ્યાન રાખવું જોઇએ?

નીચેની અગત્યની બાબતો, જામીનગીરી ખરીદતી વખતે ધ્યાનમાં લેવી જોઈએ.

૧ કઈ જામીનગીરીમાં રોકાણ કરવું?

અહીં સૌથી મહત્વનો મુદ્દો જામીનગીરીની પાકતી તારીખ અને વ્યાજનો દર છે. પાકતી તારીખ એટલા માટે અગત્યની છે, જેમ પાકતી તારીખ મોડી, તેમ વ્યાજના દરનું તેમજ માર્કેટ રિસ્ક વધારે. એટલે જો કાયદાકીય જરૂરિયાત માટે જ રોકાણ કરવાનું હોય તો, ટૂંકી મુદતે પાકતી જામીનગીરીમાં રોકાણ કરવું હિતાવહ છે. પાંચથી દશ વર્ષની મુદતમાં પાકતી ટુંકા ગાળાની જામીનગીરીઓ, કે જેનું બજારમાં ખરીદ-વેચાણ વધુ પ્રમાણમાં થતું હોય, તેમાં કરેલું રોકાણ સલામત છે. (આ લિક્વિડ જામીનગીરીઓ કહેવાય). આ અંગેની માહિતી CCILની વેબ સાઇટ www.ccilindia.com/OMMWCG.aspx પરથી મળી શકશે. લિક્વિડ જામીનગીરીઓના ભાવ / કિંમત સરળતાથી જાણી શકાતા હોવાથી, તેના ખરીદ / વેચાણમાં ગેરમાર્ગે દોરાવાની શક્યતા ઓછી છે. જામીનગીરીઓના ખરીદ /

વેચાણમાં વ્યાજનો દર પણ મહત્વનો છે કારણકે તેનાથી ઉપજ અંગેનો નિર્ણય લઇ શકાય છે, તેથી કઇ જામીનગીરી ખરીદવી, રોકાણકારે Yield to Maturity પાકતી મુદતે □પજ – YTM જાણવી જોઇએ. આ અંગે પેરા ૨૪.૪માં વિશેષ માહિતી આપવામાં આવી છે. એટલે YTM નક્કી કરી દઈને, સહકારી બેંક, NDS-OM ઉપલબ્ધ માહિતીના આધારે કઇ જામીનગીરી ખરીદવી, તેનો નિર્ણય કરી શકે છે, જે માટે બેંક / પ્રાયમરી ડીલર / બ્રોકર સાથે વાટાઘાટો (નેગોશિએશન) કરી શકાય.

૨ ક્યાં અને કોની પાસેથી ખરીદવી?

પારદર્શી વ્યવહારને અનુલક્ષી NDS-OM એ સૌથી સલામત વ્યવસ્થા છે, કારણકે તેનાથી થતા વ્યવહારો જીવંત અને સંબંધિત પાર્ટીઓ એકબીજાને ઓળખ્યા વગર વ્યવહારો કરતા હોવાથી વ્યવહારો સંપૂર્ણપણે પારદર્શી બને છે. જો સોદો ટેલિફોન માર્કેટમાં થયો હોય તો એ સલામતીભર્યું હશે કે આવો સોદો બેંક કે પ્રાયમરી ડીલર સાથે જ કરવો. જો અહિં બ્રોકરનો ઊપયોગ થાય તો એ ધ્યાન રાખવું કે આવા બ્રોકર NSE, BSE કે OTC સાથે નોંધાયેલ હોય. સામાન્ય રીતે ડેટ માર્કેટમાં રોજબરોજ મોટું કામ કરનારા બ્રોકરો નાના નાના લોટમાં સોદાઓ કરતા નથી (રૂા.૫ કરોડથી નાના). તેથી કોઇ બેંક કે પ્રાયમરી ડીલર મારફત જ સોદાઓ કરવા હિતાવહ છે. જો બ્રોકરનો ઉપયોગ થયો હોય તો પણ બ્રોકર દ્વારા સેટલમેન્ટ તો ન જ કરવું. બેંક પ્રાયમરી ડીલર કે કોઇ નાણાંકીય સંસ્થા સિવાય અન્ય કોઇ પાર્ટી સાથે સોદા કરવા નહિં, જેથી જોખમની શક્યતા ઓછામાં ઓછી થઇ જાય.

૩ વ્યાજબી કિંમત કઇ રીતે નક્કી કરવી?

સામાન્ય રીતે, અર્બન કો-ઓપરેટીવ બેંકોની જરુરિયાત ઘણી જ ઓછી રહેતી હોવાથી, તેઓ કિંમતની બાબતમાં બાર્ગેઇન કરી શકતા નથી એટલે એમને સારો ભાવ મળતો નથી. તેથી, સારો ભાવ મેળવવા, માર્કેટમાં ખૂબ જ ચાલતી જામીનગીરીઓ જ ખરીદવી. ભારતીય રિઝર્વ બેંક દ્વારા થતા બિન-સ્પર્ધાત્મક બિડિંગમાં ભાગ લેવો. એ સૌથી વધુ સલાહભર્યો વિકલ્પ છે. દરેક મહિનામાં આશરે બે વખત હરાજી થતી હોવાથી, એક વખતે ખરીદી કરવી સલાહભરી છે (પ્રશ્ન ૧૪ જુઓ).

૧૩ સરકારી જામીનગીરીઓના ભાવમાં શા માટે વધઘટ થાય છે?

અન્ય નાણાંકીય ઇન્સ્ટ્રુમેન્ટની જેમ, સરકારી જામીનગીરીઓના ભાવ, ગૌણ બજારમાં (Secondary Market) બદલાતા રહે છે. આ ભાવ માંગ અને પુરવઠાના પરિબળો પર આધાર રાખે છે. સામાન્ય રીતે, સરકારી જામીનગીરીઓના ભાવ બજારમાં પ્રવર્તતા વ્યાજના દરોમાં થતા ફેરફાર પ્રમાણે બદલાતા રહે છે. તદ્ઉપરાંત અમુક આર્થિક પરિબળોની અસર પણ થાય છે, જેવા કે ફુગાવો, FOREX વગેરે. ઉપરાંત, આંતરરાષ્ટ્રીય પરિબળો, તેમાંય ખાસ કરીને અમેરિકાના ટ્રેઝરી દરોમાં થતા ફેરફાર, ભારત સરકારની જામીનગીરીઓના ભાવને અસર કરે છે. તે સિવાય, રેપો રેટ, CRR, ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO) વગેરે પણ સરકારી જામીનગીરીઓના ભાવને અસર કરે છે.

૧૪ સરકારી જામીનગીરીઓના ભાવની માહિતી કેવી રીતે મળે?

૧૪.૧ સરકારી જામીનગીરીઓ પર મળતું વળતર બે ભાગમાં વહેંચી શકાય.

(૧) વ્યાજનો દર, જેને કુપન કહે છે અને (૨) તેના ભાવમાં થતી વધઘટના કારણે થતો નફો નુકસાન.

૧૪.૨ સરકારી જામીનગીરીઓના ખરીદ વેચાણમાં તેના ભાવની માહિતી જાણવી ખૂબ જ અગત્યની બાબત છે.

બજારમાં વેચાતી જામીનગીરીઓના ભાવની માહિતી ભારતીય રિઝર્વ બેંકની વેબ સાઇટ http://www.rbi.org.in under the path Home – Financeial Markets Watch – Government securities market – NDS પર મળી શકે છે, જેના પર છેલ્લામાં છેલ્લા સોદાઓની માહિતી મળે છે. ઉપરાંત, આ માહિતી CCIL ની વેબસાઇટ http://www.ccilindia.com/OMHome.aspx પર પણ મળી શકે છે. આ પેજ પર પણ મળી શકે છે. આ પેજ ૦૦૦ ની વેબ સાઇટની લિંકથી પણ જાણી શકાય છે. આ જામીનગીરીઓના ભાવ સ્પર્ધાત્મક હોય છે, તેથી અર્બન કો-ઓપરેટિવ બેંકોએ આવી જામીનગીરીઓમાં રોકાણ કરવું જોઇએ. જામીનગીરીઓમાં રોકાણ કરવું જોઇએ. આ વ્યવસ્થાના કારણે સરકારી જામીનગીરીઓના વર્તમાન ભાવ જાણી, ખરીદ / વેચાણ કરી શકાય છે. આ સ્ક્રીનની માહિતી નીચેના ટેમ્પ્લેટમાં દર્શાવાયેલી છે.

NDS Market



Home - Financial Markets Watch - Negotiated Dealing System

Negotiated Dealing System

TRADE WATCH | MARKET WATCH | QUOTE WATCH
GOI DATED SECURITIES | STATE GOVT. SECURITIES | TREASURY BILLS

Trade Watch

--Select-- All Trades

Trade Date	Trade Time	Nomenclature of Security	Type of Transactions	Amount (Face value in Rs.Crore)	Price per Rs.100 nominal	Indicative YTM	Call/repo rate	Repo period or lending/borrowing period	Settlement date	ISIN
01-09-2008	14:09:16	8.30% FERT CO GOI SPLBOND 2023	Outright	0.6800	89.77	9.5865	0.00	0	02-09-2008	IN0020079011
01-09-2008	14:39:19	CALL MONEY	Outright	2	0.00	0.0000	9.00	1	01-09-2008	IN99CALL0009
01-09-2008	14:38:06	CALL MONEY	Outright	1	0.00	0.0000	9.00	1	01-09-2008	IN99CALL0009
01-09-2008	14:37:55	CALL MONEY	Outright	3	0.00	0.0000	9.00	1	01-09-2008	IN99CALL0009
01-09-2008	14:37:07	CALL MONEY	Outright	2	0.00	0.0000	9.00	1	01-09-2008	IN99CALL0009
01-09-2008	14:28:00	8.28% GOVT.STOCK 2032	Outright	0.2500	86.00	9.8157	0.00	0	02-09-2008	IN0020060086
01-09-2008	14:35:43	CALL MONEY	Outright	5	0.00	0.0000	9.00	1	01-09-2008	IN99CALL0009
01-09-2008	14:22:05	28/11/2008 MATURING 091 DTB	Outright	1	97.90	9.0002	0.00	0	02-09-2008	IN002008X022
01-09-2008	14:18:42	7.49% G. S. 2017	Outright	1.5000	91.42	8.9357	0.00	0	02-09-2008	IN0020020031
01-09-2008	14:08:53	12/09/2008 MATURING 364 DTB	Outright	10	99.77	8.2494	0.00	0	02-09-2008	IN002007Z029

Top

NDS-OM Market


:: RBI NDS - Order Matching Segment (NDS-OM) :: - Microsoft Internet Explorer provided by Wipro Limited

http://www.ccilindia.com/OMHome.aspx

As on Sep 1, 2008 2:46:20 PM IST

Reserve Bank of India | NDS - OM | Negotiated Dealing System | Order Matching Segment

CG Mkt. Watch | SG Mkt. Watch | T-Bills Mkt. Watch | WI Mkt. Watch | Odd Lot Mkt. Watch | Market by Price | Individual Trades

CG

SG/TB

Refresh

:: Regular Market ::

YTM Curve

Security Description	Trades	TTA	Open	High	Low	LTP			LTY
08.24 GS 2018	340	2030.00	96.8000	97.2200	96.4900	97.1200	↔	G	8.6844
08.24 GS 2027	200	1280.00	87.7400	88.3500	87.4000	88.2500	↔	G	9.6110
07.95 GS 2032	32	200.00	83.2800	84.1000	83.2800	84.0500	↑	G	9.6709
05.48 GS 2009	3	30.00	97.2500	97.3000	97.2500	97.2900	↓	G	9.1482
091 DTB 12092008	1	15.00	9.0000	9.0000	9.0000	99.7540	↑	G	9.0000
091 DTB 21112008	1	15.00	8.9500	8.9500	8.9500	98.0761	↔	G	8.9500
Total	**577**	**3570.00**							

Source: NDS-OM hosted at CCIL

Fixed Income, Money Market, Derivatives Association (FIMMDA ફીમડા) ની વેબ સાઈટ www.fimmda.org પર પણ જે જામીનગીરીઓ ઓછી વેચાય છે, તેની માહિતી મળે છે.

૧૫. સરકારી જામીનગીરીઓના વ્યવહારોનું રિપોર્ટીંગ કેવી રીતે થાય છે?

૧૫.૧ સરકારી જામીનગીરીઓના વ્યવહારો પછી તે ઓવર ધ કાઉન્ટર (OTC) કે ટેલીફોન માર્કેટમાં થયા હોય, તેનું રિપોર્ટીંગ વ્યવહાર થયા બાદ ૧૫ મિનિટમાંજ NDS પ્લટફોર્મ પર કરી દેવું જોઈએ. આ રિપોર્ટીંગની વ્યવસ્થા ચાર સ્ટેજમાં થાય છે. જેમાં વેચનાર સંસ્થાએ રિપોર્ટીંગ કરવાનું હોય છે, જેનું કન્ફર્મેશન ખરીદનારે કરવાનું હોય છે. ત્યારબાદ વેચનારની વહીવટી ઓફિસ દ્વારા કન્ફર્મેશન થાય છે અને ત્યારબાદ ખરીદનારની વહીવટી ઓફિસ દ્વારા કન્ફર્મેશન થાય છે. આ અંગેની પ્રક્રિયામાં મેકર-ચેકર ની વ્યવસ્થા હોવાથી વ્યકિતગત ભૂલો કે અન્ય ગેરરીતિઓને નિવારી શકાય છે.

૧૫.૨ કસ્ટોડીયન પાસે ગિલ્ટ ખાતું ધરાવનાર ગ્રાહકો દ્વારા થયેલા વ્યવહારોનું રિપોર્ટીંગ, કસ્ટોડીયન ઓફિસ કરે છે, જેનું સેટલમેંટ CSGL ખાતામાં થાય છે. એકવાર રિપોર્ટીંગની પ્રક્રિયા પૂરી થાય ત્યારબાદ NDS સોદો પાકો કરે છે. આ તમામ સોદાઓની માહિતી CCILને પહોંચે છે.

૧૫.૩ NDS-OM ના માધ્યમમાં ખરીદનાર/વેચનાર ગ્રાહક, કિંમત અને જામીનગીરીઓની સંખ્યા અંગેની દરખાસ્ત સિસ્ટમ પર મૂકે છે, જેમાં સુધારા / કેન્સલેશન થઈ શકે છે. સિસ્ટમ પર ભાવનું મેચિંગ થાય છે. NDS-OM ના સ્ક્રીન પર કેંદ્ર સરકારની/રાજ્ય સરકારની/ટ્રેઝરી બિલની અલગ અલગ સ્ક્રીન હોય છે. તે ઉપરાંત રૂા.૫ કરોડથી ઓછી રકમના સોદાઓ કરવા માટે અલગ સ્ક્રીનની વ્યવસ્થા હોય છે. NDS-OMના પ્લેટફોર્મ સોદા કરનારાઓની ઓળખ છૂપી રહે છે તેથી કાઉન્ટર પાર્ટીઓ એકબીજાને ઓળખી શકતી નથી. એકવાર સોદો મેચ થઈ ગયા પછી, ડીલ સ્લીપ ઓટોમેટિક તૈયાર થઈ જાય છે અને CCILને માહિતી પહોંચી જાય છે. સોદો કરનારની માહિતી ગુપ્ત રહેતી હોવાથી, સોદામાં ભાગ લેનારાઓ કિંમતમાં ફેરફાર કરી શકતા નથી.

૧૬. સરકારી જામીનગીરીના વ્યવહારોનું સેટલમેંટ કેવી રીતે થાય છે?

<u>પ્રાઈમરી બજાર :</u>

૧૬.૧ એક વખત હરાજીની પ્રક્રિયા પછી વહેંચણીની પરિસ્થિતિ નકકી થઈ જાય એટલે સફળ નિવેશકોએ કેટલી રકમ ભરવાની થાય છે તે તેમને જણાવવામાં આવે છે આ અંગે સેટલમેંટની પ્રક્રિયા માટે, સરકારી જામીનગીરીઓ માટે T+૧ અને ટ્રેઝરી બિલો માટે T+૨ સાયકલનો ઉપયોગ થાય છે. સેટલમેંટની તારીખે, નિવેશકોના ખાતાં ખરીદ કિંમતથી ઉધારવામાં આવે છે અને જામીનગીરીઓ તેમના SGL ખાતામાં જમા કરવામાં આવે છે.

<u>સેકંડરી માર્કેટ</u>

૧૬.૨ જામીનગીરીઓને લગતા વ્યવહારોનું સેટલમેંટ, નિવેશકોના RBI માં રહેલ SGL / કરન્ટ એકાઉન્ટમાં થાય છે, જેમાં જામીનગીરીઓ જમા થાય છે અને ફંડ ઉધાર થાય છે. કલીયરીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, મધ્યસ્થ પાર્ટી તરીકે કામ કરે છે એટલે કે

જામીનગીરીઓ ખરીદનાર માટે વેચનાર અને વેચનાર માટે ખરીદનાર બને છે અને ફંડની ચૂકવણી અંગેની જવાબદારીનું વહન કરે છે.

૧૬.૩ સેકંડરી માર્કેટના તમામ સીધા વ્યવહારો T+૧ના આધારે થાય છે. પરંતુ, સરકારી જામીનગીરીઓના રિપો વ્યવહારોમાં T+O અથવા T+૧ એમ બંને પ્રકારે, રોકાણકારની પસંદગી મુજબ સગવડ આપવામાં આવે છે.

૧૭. વચગાળાનો સમય (Shut Period) અથવા બંધ સમય શું છે? :

આ એવો સમયગાળો છે, જે દરમ્યાન જામીનગીરીઓની આપ-લે થતી નથી. આ ગાળા દરમ્યાન સેટલમેંટ / ડિલીવરી થતી નથી. આ ગાળા દરમ્યયાન વ્યાજની ચૂકવણી તથા જામીનગીરીઓની પરત ચૂકવણી જેવાં વચગાળાનાં કામ કરી શકાય છે. અત્યારે SGL એકાઉન્ટના વ્યવહારો માટેનો શટ પિરિયડ એક દિવસ છે. દા.ત. ૬.૪૯ ની ૨૦૧૫માં પાકતી જામીનગીરીઓનું વ્યાજ જૂન ૮ અને ડિસેમ્બર ૮ ચૂકવવાનું થતું હોવાથી ૭ જૂન અને ડિસેમ્બર ૭ એમ બે તારીખો એ શટ પિરિયડ રાખવામાં આવે છે, જે દિવસે આ જામીનગીરીઓનું ટ્રેડિંગ કરી શકાતું નથી.

૧૮. Delivery Versus Payment (DvP) ચૂકવણી સામે ડિલીવરીની સેટલમેંટ પ્રક્રિયા એટલે શું?

આ એક એવી પ્રક્રિયા છે કે જેમાં જામીનગીરીઓની ડિલીવરી અને તેની કિંમતની ચૂકવણી એક સાથેજ થાય છે, એટલે કે જયાં સુધી જામીનગીરીઓની ડિલીવરી ન થાય ત્યાં સુધી ફંડની ચૂકવણી થતી નથી અને એથી વિરૂધ્ધ ફંડની ચૂકવણી ન થાય ત્યાં સુધી જામીનગીરીઓની ડિલીવરી થતી નથી. આ અંગે ત્રણ પ્રકારની રીતો છે.

(i) **DvP I :** આમાં વ્યવહાર દીઠ સેટલમેંટ થાય છે એટલે કે એક જામીનગીરીના ખરીદ વેચાણ સામે ચૂકવણી કરી દેવાની, કોઈપણ પ્રકારનું નેટીંગ કરવાનું નહીં.

(ii) **DvP II :** આ પ્રક્રિયામાં સોદો થયેલી બધા પ્રકારની કુલ જામીનગીરીઓની ખરીદી અને વેચાણ અંગે એકંદરે ચૂકવવા પાત્ર નેટ રકમની ચૂકવણી થાય છે.

(iii) **DvP III :** આ પ્રક્રિયામાં દરેક વ્યવહારનું નેટિંગ કરી અંતિમ હિસાબ નકકી કરવામાં આવે છે.

તરલતાની જરૂરીયાત નેટ મોડ કરતાં ગ્રોસ મોડમાં વધારે છે કારણ કે ચૂકવણાં અને લેણાંને નેટ મોડમાં સામ સામે સેટ ઓફ કરાય છે.

૧૯. ક્લીયરીંગ કૉર્પોરેશન ઓફ ઈન્ડિયાનો ફાળો

સરકારી જામીનગીરીઓના ક્લિયરીંગનું કામ કરતી સંસ્થા CCIL છે, જે સેન્ટ્રલ કાઉન્ટર પાર્ટી તરીકે કામ કરે છે, જે બંને પાર્ટીઓના મધ્યસ્થી તરીકે કામ કરે છે. ખરેખર જોતાં, તે ખરીદનાર માટે વેચનારનું અને વેચનાર માટે ખરીદનારનું કાર્ય કરે છે. ઓવર ધ કાઉન્ટર (OTC) અને NDS-OMના માધ્યમથી થતા તમામ વ્યવહારો CCIL મારફત થાય છે. CCIL ને જ્યારે કોઇપણ વ્યવહારની વિગત મળે છે ત્યારે ખરીદનાર / વેચનાર દીઠ પોઝિશન નક્કી કરી કાઢે છે. એટલે કે ચુકવવા પાત્ર / મેળવવા પાત્ર રકમ, કસ્ટોડીયનોને જણાવવામાં આવે છે. આ અંગેની માહિતી (ડ્રાઇવ) CCIL ને મોકલવામાં આવે છે, જ્યાં વાસ્તવિક સેટલમેન્ટ ડિલીવરી વિરૂધ્ધ પેમેન્ટથી થાય છે. CCIL તમામ વ્યવહારો પૂરા થાય તેનું ધ્યાન રાખે છે. એટલે કે સેટલમેન્ટના ગાળા દરમ્યાન કોઇ પાર્ટી ફંડ કે જામીનગીરીઓની ચુકવણી કરવામાં નિષ્ફળ થાય તો CCIL પોતાના ભંડોળમાંથી જવાબદારી પૂરી કરે છે. આ માટે CCIL દરેક ગ્રાહક પાસેથી માર્જીન મેળવે છે અને સેટલમેન્ટ ગેરંટી ફંડ જાળવે છે.

૨૦ વ્હેન ઈસ્યુડ માર્કેટ શું છે ?

વ્હેન ઈસ્યુડ એ વ્હેન ઈસ્યુડ એન્ડ ઈફ ઈસ્યુડ શબ્દ સમૂહનું ટુંકૂ રૂપ છે, જે દર્શાવે છે કે અમુક જામીનગીરીઓ વેચવા માટે નિર્ધારિત કરી દીધી છે, પરંતુ હજુ એની ડીલિવરી થઇ નથી. આમાં If એટલે કે શરત હોય છે, જેમાં અમુક સંજોગોમાં જામીનગીરી ઇસ્યુ કરવાની હોય છે. વ્હેન ઈસ્યુડના વ્યવહારો, NDS-OMના પ્લેટફોર્મ ઉપરથી જ થાય છે. વ્હેન ઈસ્યુડ બજાર, જામીનગીરીઓ માટે વ્યાજબી કિંમત મેળવવામાં મદદરૂપ થાય છે અને હરાજીની પ્રક્રિયાને કાર્યક્ષમ બનાવે છે. RBIના ૧લી જુલાઇ ૨૦૦૯ના માસ્ટર સરક્યુલરમાં આ અંગેનું માર્ગદર્શન આપવામાં આવેલું છે.

૨૧ જામીનગીરીઓની કિંમત અને ઉપજની ગણતરીના ક્યા ગાણિતિક ખ્યાલો ધ્યાનમાં લેવા જોઇએ ?

વર્તમાન કિંમત (પ્રેઝન્ટ વેલ્યુ - PV) ભવિષ્યની કિંમત (ફ્યુચર વેલ્યુ FV) વગેરે નક્કી કરવા માટે ટાઈમ વેલ્યુ ઓફ મની ફંકશન એટલે કે સમય નક્કી કરવા માટેના વિધેયનો ઉપયોગ થાય છે, જેની બોક્સ II માં માહિતી આપવામાં આવી છે.

કોઠો – ૨

નાણાંની સમય કિંમત

રૂપિયાની સમય કિંમત

રૂપિયાની કિંમત સમય પ્રમાણે મહત્વની છે, કારણકે એક વર્ષ પછી રૂપિયાનું મુલ્ય જે હશે, તેના કરતાં અત્યારે વધુ હશે. રૂપિયાની સમય પ્રમાણે કિંમત એ સિધ્ધાંતને અનુસરે છે કે રોકાણકાર અમુક ચોક્કસ રકમ એક વર્ષ પછી મળે એના કરતાં આજે મળે તેને વધુ મહત્વનું ગણે છે, એટલે કે આજે જે કોઇ રકમ મળે તેના પર તે વ્યાજ ઉપજાવી શકે છે. વળી, ફુગાવાજન્ય સ્થિતિમાં નાણાંની ખરીદ કિંમત ઘટતી જાય છે.

ભવિષ્યમાં મળનાર રકમની વર્તમાન કિંમત :

વર્તમાન મૂલ્ય શોધ નાનું ફોર્મ્યુલા સૌથી મહત્વની છે.

દા.ત. વર્તમાન મૂલ્ય વખતે સમય PV = O

ભવિષ્યના મૂલ્ય વખતે સમય = n

i એ વ્યાજનો દર છે કે જે દરે રકમ દરેક સમયગાળા માટે ચક્રવૃધ્ધિ પામશે.

n સમયગાળાની સંખ્યા છે.

$$PV = \frac{FV}{(1+i)^n}$$

તેથી ભવિષ્યના અમુક વર્ષો પછી PVના મૂલ્યનો સરવાળો કરવો પડે.

$$PV = \sum_{t=0}^{n} \frac{FV_t}{(1+i)^t}$$

ઉદાહરણઃ

કેશ ફ્લોને નીચે પ્રમાણે લેતાં

સમય-વર્ષમાં	૧	૨	૩
રકમ	૧૦૦	૧૦૦	૧૦૦

વ્યાજનો દર ૧૦ ટકા (વાર્ષિક) ગણતાં, દર વર્ષે નાણાંના મૂલ્યમાં ઘટાડાનો દર નીચે પ્રમાણે ગણી શકાય.

૧ / (૧ + વ્યાજનો દર) વર્ષની સંખ્યા રૂા.૧૦૦/-ના મૂલ્યમાં ઘટાડાનો દર વર્ષની સંખ્યા પ્રમાણે ગણતાં

વર્ષ	**રકમ**	**ઘટાડાનો દર**	**PV**
૧	૧૦૦	૦.૯૦૯૧	૯૦.૯૧
૨	૧૦૦	૦.૮૨૬૪	૮૨.૬૪
૩	૧૦૦	૦.૭૫૧૩	૭૫.૧૩

એકંદર વર્તમાન મૂલ્ય ૯૦.૯૧ + ૮૨.૬૪ + ૭૫.૧૩ = રૂા. ૨૪૮.૬૯

નેટ વર્તમાન કિંમત અથવા નેટ વર્તમાન મૂલ્યઃ એ નેટ કેશ ફ્લોની વર્તમાન કિંમત દર્શાવી છે. લાંબા ગાળાનો પ્રોજેક્ટ બનાવતી વખતે, નાણાંની વર્તમાન કિંમત ગણવા માટેની આ રીત છે. કેપિટલ બજેટિંગ કરતી વખતે અર્થશાસ્ત્રમાં આ ફોર્મ્યુલા વપરાય છે.

ફોર્મ્યુલા

નાણાંનો ઈનફ્લો / આઉટફ્લોની વર્તમાન મૂલ્ય સામે ડિસ્કાઉન્ટેડ કિંમત ગણી તેનો સરવાળો કરવામાં આવે છે.

$$\mathrm{NPV} = \sum_{t=0}^{N} \frac{C_t}{(1+r)^t}$$

જ્યાં

t કેશ ફ્લોનો સમય

N પ્રોજેક્ટનો કુલ સમય

r ડિસ્કાઉન્ટેડ રેટ (ઇન્વેસ્ટમેન્ટ પર મળનારા વળતરનો દર)

Ct ૦ વર્ષ પછી નેટ કેશ ફ્લો

Co શરુઆતના રોકાણની રકમ, જે સરવાળાની ડાબી બાજુએ મૂકાય છે.

ઊપર દશાવેલા વર્તમાન મૂલ્ય ગણવાના ઉદાહરણમાં, રૂ.૨૪૦ની ડિપોઝિટ પર NPV રૂ.૨૪૮.૬૯ – રૂ.૨૪૦ = રૂ.૮.૬૯

૨૨ બોન્ડનું મૂલ્ય કેવી રીતે ગણાય છે? કુલ ચુકવવા પાત્ર રકમ કેવી રીતે ગણાય અને મળેલું કુલ વ્યાજ કેવી રીતે ગણાય?

બોન્ડની કિંમત એ બીજું કશું જ નહીં, પરંતુ બોન્ડ પર ભવિષ્યમાં મળનારા વળતરની વર્તમાન કિંમત છે. કેશ ફ્લોની ઉપજ મૂલ્ય ગણવાની પધ્ધતિ ઉપરના ઉદાહરણ ૨૪માં સમજાવવામાં આવી છે. Excel Function નો ઉપયોગ કરી મૂલ્ય ગણી શકાય છે (એનેક્ષર ૪, ક્રમાંક ૫)

જામીનગીરીની પાકતી તારીખના આગલા દિવસથી, જે દિવસે સોદો થયો હોય તે દિવસ સુધીના કુલ દિવસોનું વ્યાજ, એ ઉપજેલ વ્યાજ છે. કારણ કે જામીનગીરી વેચનાર, જે દિવસે જામીનગીરી વેચાય એના આગલા દિવસ સુધી જામીનગીરી ધારણ કરતો હોવાથી, તે, તે દિવસ સુધીનું વ્યાજ મેળવવા હક્કદાર છે. સોદાની પતાવટના સમયગાળા માટેનું વ્યાજ તથા જામીનગીરીની કિંમત એ બંને રકમની ચૂકવણી, ખરીદનારે આપવાની રહેશે.

નીચે ઉદાહરણ આપીને આ હકીકત સમજાવવામાં આવી છે. રૂ.૫ કરોડના સોદા માટે (ફેસ વેલ્યુ), ૨૦૧૫માં પાકતી, ૬.૪૯ ટકા વ્યાજની જામીનગીરીની સેટલમેન્ટ તારીખ ૨૬ ઓગષ્ટ ૨૦૦૯, જેનું બજાર મૂલ્ય રૂ.૯૬.૯૫, છે તની ચૂકવવા પાત્ર રકમ નીચે પ્રમાણે ગણી શકાય.

અહીં મુકેલી કિંમત ક્લીન પ્રાઇસ કહેવાય છે કારણકે ચઢત વ્યાજ આમાં ઉમેરેલ નથી.

ચઢત વ્યાજ

સોદો ૮ જૂન ૨૦૦૯ના રોજ થયો હોવાથી ૮ જૂનથી ૨૫ ઓગષ્ટ સુધી (૨૬મી ઓગષ્ટે પાકતી જામીનગીરીના એક દિવસ અગાઉની તારીખ)ના કુલ દિવસ ૭૮ થશે.

છેલ્લી કુપનની તારીખ ૮મી જુન ૨૦૦૯ હોઇ, ૬.૪૯ ટકાના દરે,

રૂ.૧૦૦ની ફેસ વેલ્યુ પર ૭૮ દિવસનું વ્યાજ = ૬.૪૯ x (૭૮ / ૩૬૦)

= રૂ.૧.૪૦૬૨

જામીનગીરીનું બજાર મૂલ્ય રૂ.૯૬.૯૫ છે તેમાં ૧.૪૦૬૨ ઉમેરવાથી કાચી રકમ મળશે.

૯૬.૯૫+ ૧.૪૦૬૨ = રૂ.૯૮.૩૫૬૨

તેથી રૂ.૫ કરોડની જામીનગીરીનું મૂલ્ય = રૂ.૫ કરોડ x (૯૮.૩૫૬૨ / ૧૦૦)

= રૂ.૪,૯૧,૭૮,૦૮૩.૩૩

૨૩ જામીનગીરીની ઉપજ અન કિંમત વચ્ચે શો સંબંધ છે ?

જો વ્યાજનો દર એટલે કે ઉપજ વધે તો જામીનગીરીની કિંમતમાં ઘટાડો થાય છે. તેજ રીતે વ્યાજનો દર એટલે કે ઉપજ વધે તો જામીનગીરીની કિંમતમાં વધારો થાય છે. બીજા શબ્દોમાં, જામીનગીરી પરની ઉપજ અને તેની કિંમત એકબીજાના વ્યસ્ત પ્રમાણમાં બદલાય છે. ઉપજ અને વ્યાજના દરને નીચે પ્રમાણે સમજાવી શકાય.

- જ્યારે ફેસ વેલ્યુ કરતાં માર્કેટ વેલ્યુ ઓછી હોય એટલે કે જામીનગીરી ડિસ્કાઉન્ટમાં મળતી હોય, પાકતી તારીખે ઉપજ > વર્તમાન ઉપજ > કુપન ઉપજ
- જ્યારે ફેસ વેલ્યુ કરતાં માર્કેટ વેલ્યુ વધારે હોય એટલે કે જામીનગીરી પ્રિમિયમથી મળતી હોય ત્યારે કુપન ઉપજ > વર્તમાન ઉપજ > પાકતી તારીખે ઉપજ
- જ્યારે જામીનગીરીની ફેસ વેલ્યુ અને માર્કેટ વેલ્યુ બંને સરખા હોય ત્યારે પાકતી તારીખે ઉપજ = વર્તમાન ઉપજ = કુપન ઉપજ

૨૪ જામીનગીરી પરની ઉપજની કિંમત કેવી રીતે ગણાય છે?

૨૪.૧ જ્યારે રોકાણકાર કોઇ જામીનગીરી ખરીદે ત્યારે નીચે પ્રમાણે વળતરની અપેક્ષા રાખે છે.

- જામીનગીરી ઇસ્યુ કરનારે જાહેર કરેલો વ્યાજનો દર એટલે કે કુપન ઉપજ
- જામીનગીરી વેચાય ત્યારે થતો લાભ / નુકશાન (ભાવમાં ફેરફારના કારણે)
- જામીનગીરી પર મળેલા વ્યાજના પુનઃ રોકાણ પર મળનાર વ્યાજ

આ ત્રણ પ્રકારના વળતરની નીચે સમજુતી આપવામાં આવી છે.

૧) કુપન ઉપજ એટલે જામીનગીરીની ફેસ વેલ્યુ પર મળતું વ્યાજ.

૨૪.૨ આ વ્યાજ જામીનગીરી ઇસ્યુ કરનારે જાહેર કરેલું વ્યાજ છે.

કુપન ઉપજ = કુપન ચુકવણી / ફેસ વેલ્યુ

દા.ત.	જામીનગીરી પર જાહેર વ્યાજનો દર :	૮.૨૪ ટકા
	ફેસ વેલ્યુ	રૂા.૧૦૦
	બજાર કિંમત	રૂા.૧૦૩
	કુપન ઉપજ ૮.૨૪ / ૧૦૦ =	રૂા.૮.૨૪ ટકા

૨ વર્તમાન ઉપજ :

૨૪.૩ એ સરળ ભાષામાં રોકાણકારે કરેલા રોકાણ પર કુપન વ્યાજના દરે ગણતરી કરતાં મળેલ વ્યાજ છે.

કુપન ઉપજ = (વાર્ષિક વ્યાજનો દર / ખરીદ કિંમત) x ૧૦૦

□દાહરણ ૧૦ વર્ષ પછી પાકતી ૮.૨૪ ટકા નો કુપન દર ધરાવતી, રૂા.૧૦૩ના ભાવે મળતી જામીનગીરી પર વળતર નીચે પ્રમાણે ગણી શકાય.

વાર્ષિક કુપન વ્યાજ = ૮.૨૪ ટકા x ૧૦૦ = ૮.૨૪ ટકા

વર્તમાન ઉપજ = (૮.૨૪ / ૧૦૩) x ૧૦૦ = ૮ ટકા

વર્તમાન ઉપજમાં ફ□ત કુપનનું વ્યાજ ગણાય છે અને બીજા વળતરના સ્ત્રોતની અવગણના થાય છે કે જે રોકાણકારના વળતરને અસર કરશે.

૩ પાકતી તારીખે વળતરઃ

૨૪.૪ જો કોઇ જામીનગીરી પાકતી તારીખ સુધી વેચ્યા વગર રાખી મુકવામાં આવે તો, પાકતી તારીખે કેટલી રકમ મળશે એ પાકતી તારીખે મળેલા વળતર બરાબર ગણાય. જામીનગીરીની વર્તમાન કિંમતના આધારે ડિસ્કાઉન્ટેડ કિંમત ગણી પાકતી તારીખ મળનાર વળતરની ગણતરી કરી શકાય છે. બીજા શબ્દોમાં, જામીનગીરીનું તે આંતરિક મૂલ્ય છે. કેલ્ક્યુલેટર અથવા સોફ્ટવેરની મદદથી વળતરની કિંમત ગણી શકાય છે. (નીચેનો કોઠો – ૩ જુઓ).

કોઠો – ૩

YTM ગણતરી – Yield to Maturity પાકતી તારીખે વળતર

YTM ગણતરી MS Excelની મદદથી સ્પ્રેડ શીટ બનાવી કરી શકાય.

મેન્યુઅલ પધ્ધતિ (Trial & Error Method)

આ ગણતરી ગૂંચવાડાભરી છે કારણકે તેમાં ઘણી બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે. જે નીચેના ઉદાહરણોમેં સમજાવેલ છે.

ઉદાહરણઃ રૂા.૧૦૦ની ફેસ વેલ્યુ ધરાવતી ૨ વર્ષની મુદતની ૮ ટકા વ્યાજ રાખતી, રૂા.૧૦૨/- ના ભાવમાં મળતી જામીનગીરી પર YTM ગણતરી નીચે દર્શાવેલા સમીકરણમાં જમણી બાજુનું મૂલ્ય r થી વધે ત્યાં સુધી ગણતરી કરવી પડે છે, જેમાં લિનિયર ઇન્ટરપોલેશન (રૈખિક ગણતરી) નો આધાર લેવો પડે છે.

$$૧૦૨ = ૪ / (૧+r/૨)^{૧} + ૪ / (૧+r/૨)^{૨} + ૪ / (૧+r/૨)^{૩} + ૧૦૪ / (૧+r/૨)^{૪}$$

MS Excelની મદદથી સ્પ્રેડ શીટ બનાવીને ગણતરી કરવાની રીત

MS Excelની મદદથી સ્પ્રેડ શીટ બનાવીને નીચે પ્રમાણે ગણતરી કરી શકાય છે.

ઉપજ (સેટલમેન્ટ, પાકતી તારીખ, વ્યાજનો દર, કિંમત, પરત ચૂકવણી, આવૃત્તિ આધાર), જ્યાં, સેટલમેન્ટ એ જામીનગીરીની સેટલમેન્ટ તારીખ છે અને પાકતી તારીખ એ છે કે જે દિવસે જામીનગીરીની મુદત પૂરી થાય છે, વ્યાજનો દર એ જાહેર કરેલો વ્યાજનો દર છે.

પરત ચૂકવણી એ રૂ.૧૦૦ના મૂલ્ય પર જાહેર પરત ચૂકવણી, આવૃત્તિ એટલે વર્ષમાં બે વખત વ્યાજ ચૂકવાય છે. આધાર એ દિવસ ગણવાના ઉપયોગ કરવાના આધારનો પ્રકાર છે (ભારતમાં જે ૩૦/૩૬૦ના આધારને લઇને સરકારી જામીનગીરીઓ માટે વપરાય છે).

૨૫ બોન્ડની ઉપજની ગણતરીમાં દિવસોની ગણતરી કેવી રીતે થાય છે?

બોન્ડ ઉપર મળનાર વ્યાજની ગણતરી કરવા માટે જામીનગીરી કેટલા દિવસો સુધી ધારણ કરેલી હતી તેને ધ્યાનમાં લેવામાં આવે છે. દિવસોની ગણતરી કરવાની અલગ અલગ પધ્ધતિ જો ધ્યાનમાં લેવામાં આવે તો વ્યાજની રકમ અલગ અલગ આવે. માટે તમામ નિવેશકે એક સમાન પધ્ધતિ અખત્યાર કરવી જોઇએ.

દા.ત. ભારતના બજારમાં અનુસરતી ગણતરી નીચે પ્રમાણે છે. જામીનગીરીઓના બજારમાં દરેક મહિનો ૩૦ દિવસનો અને દરેક વર્ષ ૩૬૦ દિવસનું જ ગણાય છે. નાણાં બજારમાં વર્ષને ૩૬૫ દિવસનું ગણાય છે. એટલે ટ્રેઝરી બિલ કે નાણાં બજારનો હિસ્સો ગણાય છે. તેમાં વ્યાજ ૩૬૫ દિવસના આધારે ગણાય છે.

૨૬ ટ્રેઝરી બિલ્સ પર ઉપજની ગણતરી કેવી રીતે થાય છે?

આ માટે નીચેની ફોર્મ્યુલાનો ઉપયગ થાય છે.

$$\text{ઉપજ} = \left(\frac{૧૦૦-P}{P}\right) X \left(\frac{૩૬૫}{D}\right) x૧૦૦$$

જ્યાં P = ખરીદ કિંમત અને D = પાકતી મુદત માટેના દિવસો

દિવસોની ગણતરી : ટ્રેઝરી બિલ્સ માટે D = $\frac{\text{(પાકતી મુદત માટેના દિવસો)}}{૩૬૫}$

ઉદાહરણ: ૯૧ દિવસનું ટ્રેઝરી બિલ જે રૂ.૯૮.૨૦માં ઇસ્યુ થયું હોય, તેની ઉપજ

$$\text{ઉપજ} = \frac{૧૦૦ - ૯૮.૨૦}{૯૮.૨૦} X \frac{૩૬૫}{૯૧} X ૧૦૦ = ૭.૩૫૨૧\%$$

દા.ત. ૪૧ દિવસ બાદ, જો એજ ટ્રેઝરી બિલ રૂ.૯૯માં વેચાતું હોય તો

$$ઉપજ = \frac{૧૦૦ - ૯૯}{૯૯} \times \frac{૩૬૫}{૫૦} \times ૧૦૦ = ૭.૩૭૩૭\%$$

નોંધો કે ઉપર દર્શાવેલા ટ્રેઝરી બિલનો બાકીનો પાકતી તારીખ સુધીનો સમયગાળો ૯૧-૪૧ = ૫૦ દિવસનો થશે.

૨૭ સમયગાળો શું છે?

૨૭.૧ બોન્ડનો સમયગાળો (Macaulay Duration તરીકે ઓળખાય છે) એ રોકાણ થયેલ રકમ પરત મેળવવા માટેનો સમય ગાળો છે. બિલ્કુલ સરળ ભાષામાં બ્રેક ઇવન સુધી સમય ગાળો એટલે કે ખરીદ કિંમતે પહોંચવા માટેનો જરુરી સમય. આની ગણતરી વર્ષમાં થાય છે. નીચે કોઠા – ૪માં આની વિગતવાર સમજુતી આપવામાં આવી છે.

કોઠો – ૪

સમયગાળો ગણવાની રીત

પ્રથમઃ વ્યાજ છ માસે ચૂકવવાનું હોવાથી, બે વર્ષની મુદત માટેની જામીનગીરીના ચાર સમયગાળા થશે. જેથી ભવિષ્યના દરેક કેશ ફ્લોના ડિસ્કાઉન્ટેડ વર્તમાન કિંમતની ગણતરી થશે.

દ્વિતીયઃ ભવિષ્યના કેશ ફ્લોની વર્તમાન ડિસ્કાઉન્ટેડ કિંમતને પિરિયડ વડે એટલે કે પ્રથમ છ માસ માટે ૧, દ્વિતીય છ માસ માટે ૨, એમ ગુણી કિંમત કાઢવી પડે. આ કિંમત ભારિત કિંમત (Weighted) કિંમત ગણાય છે.

તૃતીયઃ આ તમામ ભારિત કિંમતોનો સરવાળો કરી, સરવાળાને બોન્ડની ચાલુ કિંમતથી ભાગવામાં આવે છે. પરિણામે, મળતી કિંમત તે સમયગાળો છે. એક સમયગાળો છ માસ બરોબર, વર્ષના સમયગાળો મેળવવા ૨ વડે ભાગો. આ એ સમયગાળો છે, કે જો બોન્ડ પાકતી તારીખ સુધી રાખવામાં આવશે તો જ બોન્ડ પોતાની કિંમત પરત ચુકચશે.

ઉદાહરણઃ બેવર્ષની મુદત ધરાવતી ૧૦ ટકા વ્યાજ આપતી રૂા.૧૦૨ વર્તમાન બજાર કિંમત ધરાવતી જામીનગીરી પર કેશ ફ્લોની ગણતરી નીચે મુજબ થશે.

સમયગાળા	૧	૨	૩	૪	કુલ
કેશ ફ્લો	૫	૫	૫	૧૦૫	
૯ ટકાના દરે વર્તમાન કિંમત	૪.૭૮	૪.૫૮	૪.૩૮	૮૮.૦૫	૧૦૧.૭૯
વર્તમાન સમયે કિંમત	૪.૭૮	૯.૧૬	૧૩.૧૪	૩૫૨.૨૦	૩૭૯.૨૮

પિરિયડ પ્રમાણે સમય = ૩૭૯.૨૮ / ૧૦૧.૭૯ ૦ ૩.૭૩

વર્ષ પ્રમાણે પિરિયડ = ૩.૭૩ / ૨ = ૧.૮૬ વર્ષ

સરળ રીતે સમજાવીએ તો, સમયગાળો એટલે

૧ કેશ ફ્લો માટેનો અત્યારથી ચૂકવણી સુધીનો સમયગાળો

૨ કુપન દર જેમ વધારે, તેમ સમયગાળો ઓછો

૩ બોન્ડના કુલ સમયગાળા કરતાં, વર્તમાન સમયગાળો ઓછો હોય છે.

૪ માત્ર શૂન્ય ટકા વ્યાજ આપતી જામીનગીરીનો સમયગાળો, એની પાકતી તારીખ જેટલો જ હોય છે.

૫ બોન્ડની કિંમત તેના વ્યાજના દર સાથે સંકળાયેલ છે.

જામીનગીરીઓની કિંમત અને તેના પરના વ્યાજના દર તેની મુદત સાથે સંકળાયેલ છે. વ્યાજના દરમાં થયેલો ફેરફાર જામીનગીરીની ઉપજ સાથે સંકળાયેલ છે. દા.ત. વ્યાજના દરમાં થયેલો નાનકડો ફેરફાર, તેની ઉપજમાં ફેરફાર કરે છે. એટલે ૧૫ વર્ષની મુદતની જામીનગીરી ૭ વર્ષના સમયગાળાની જામીનગીરીની મુદત ધરાવતી જામીનગીરીની કિંમતમાં વાર્ષિક ૧ ટકાનો ઘટાડો થાય છે. ટૂંકમાં જામીનગીરીની કિંમત તેના વ્યાજના દર સાથે બદલાય છે.

૨૭ સુધારા-વધારા સાથેનો સમયગાળો શું છે?

૨૭.૨ મેકોલેએ આપેલા સૂત્રને આધારે વ્યાજના દરમાં થયેલો ૧ ટકાના ફેરફારથી, જામીનગીરીઓના મૂલ્યમાં કેટલો ફેરફાર થાય છે તે ગણી શકાય છે, જે સૂત્ર આ પ્રમાણે છે.

$$MD = \left\{ \frac{\text{મેકોલે સમયગાળો}}{\left[૧ + \frac{YTM}{\text{વર્ષમાં કુપન સંખ્યાના સમયગાળા}} \right]} \right\}$$

ઉદાહરણઃ કોઠા-૪માં આપે ઉદાહરણમાં MD = ૧.૮૬/(૧ + ૦.૦૯/ ૨) = ૧.૭૮

PV ૦૧ શું છે?

૨૭.૩ PV-01 એ જામીનગીરીઓની ઉપજમાં એક બેઝિસ પોઇન્ટમાં થયેલા ફેરફારને કારણે જામીનગીરીઓની કિંમતમાં થયેલા ફેરફારને દર્શાવે છે. (એક ટકાના સો મા ભાગ જેટલો). વ્યાજના દરમાં ૧ બેઝિસ પોઇન્ટ (૦.૦૧ ટકા)માં થયેલા ફેરફારની અસર દર્શાવે છે. જેમ PV ૦૧ વધુ, તેમ ઉપજમાં થયેલો ફેરફારની કિંમત પર અસર વધુ.

ઉદાહરણઃ ૨૭.૨માં આપેલા ઉદાહરણ પરથી એમ જણાય છે કે જામીનગીરીની ઉપજમાં ૧ ટકાનો ફેરફાર, જામીનગીરીઓની કિંમતમાં ૧.૭૮ ટકા જેટલો ફેરફાર થશે. કિંમતના દ્રષ્ટિકોણથી આ ફેરફાર

૧.૭૮ * (૧૦૨/૧૦૦) = રૂા. ૧.૮૧

તેથી PV ૦૧ = ૧.૮૧/૧૦૦ = રૂા.૦.૦૧૮ = ૧.૮ પૈસા. આમ જો, જામીનગીરીની ઉપજ ૯ ટકાથી ૯.૦૫ ટકા થાય તો જામીનગીરીની કિંમત રૂા.૧૦૨થી ઘટીને રૂા.૧૦૧.૯૧ (૯ પૈસાનો ઘટાડો થશે, એટલે કે ૫ x ૧.૮ પૈસા.

બહિર્મુખતા (Convexity) શું છે?

૨૭.૪ સમયગાળાને આધારે, કિંમતમાં થતા ફેરફારોથી જામીનગીરીની ઉપજમાં થયેલો ફેરફાર કિંમતમાં થયેલા નાના ફેરફારોથી અસર પામે છે. આવું એટલા માટે થાય છે કે કિંમત અને ઉપજ વચ્ચે બિલ્કુલ સુરેખ સંબંધ નથી એટલે કે કિંમતમાં થયેલા ફેરફારથી ઉપજમાં બિલ્કુલ સીધા પ્રમાણમાં ફેરફાર થતો નથી. કિંમતમાં થયેલા મોટા ફેરફારથી ઉપજમાં થતા ફેરફાર વક્રીય હોય છે. એટલે કે ઉપજમાં થયલા ફેરફારોથી કિંમતમાં થયેલા ફેરફાર કાં તો વધુ કે કાં તો ઓછા હોય છે. આવા સંબંધને બહિર્મુખ સંબંધ કહે છે.

૨૮ જામીનગીરીઓના વેલ્યુએશન અંગેની મહત્વની માર્ગદર્શિકા કેવી છે?

૨૮.૧ સહકારી બેંકો માટે, હેલ્ડ ટુ મેચ્યોરિટી હેડ નીચે વર્ગીકૃત થયેલી જામીનગીરીઓને માર્ક ટુ માર્કેટ કરવી પડતી નથી. તેને ખરીદ કિંમતે પાકતી તારીખ સુધી ચોપડે રાખવી પડે છે, સિવાય કે જો ખરીદ કિંમત, ફેસ વેલ્યુથી વધુ હોય, જે સંજોગોમાં પ્રિમિયમ, પાકતી તારીખ સુધીના વર્ષો સુધી, વર્ષ દીઠ ફાળવવું પડે છે. સહકારી બેંકોના ચોપડે Available for Sale મથાળા નીચે રાખવામાં આવેલી જામીનગીરીઓને વર્ષાન્તે Mark to Market કરવામાં આવે છે. Held for Trading શ્રેણી નીચે રાખવામાં આવેલી જામીનગીરીઓને પણ Mark to Market દર મહિને કરવામાં આવે છે. Mark to Market અને Available for Sale મથાળા નીચે રાખવામાં આવેલી જામીનગીરીઓની કિંમતમાં તેમને Mark to Market કર્યા પછી, કોઇપણ ફેરફાર થશે નહીં.

૨૮.૨ કેન્દ્ર સરકારની જામીનગીરીઓનું મૂલ્યાંકન, તેની FIMMDA અને પ્રાઇમરી ડિલર્સ દ્વારા નક્કી કરાયેલી કિંમત અને ઉપજના આધારે કરવું જોઇએ. કેન્દ્ર સરકારની જામીનગીરીઓની કિંમત દરરોજ જાહેર કરવામાં આવે છે, જ્યારે તેના મૂલ્ય અંગેના ગ્રાફ, દર મહિનાના અંતે જાહેર કરાય છે. દા.ત. FIMMDA દ્વારા જાહેર, ૭.૪૬ ટકાની ૨૦૧૭માં પાકતી સરકારી જામીનગીરીનું તા.૩૧.૩.૨૦૦૯ના રોજનું મૂલ્ય રૂ.૧૦૧.૬૯ હતું. જો કોઇ કો-ઓપરેટિવ બેંક આ જામીનગીરીને Available for Sale કે Mark to Market મથાળા નીચે રાખતી હોય, જેની બુક વેલ્યુ રૂ.૧૦૨ હોય તો, રૂ.૧૦૦ દીઠ તેના ૫૨ પૈસા ૩૧ નો ઘસારો ચોપડે નોધવો પડશે. જો કુલ જામીનગીરીઓ રૂ.૧ કરોડની હોય તો કુલ ઘસારો રૂ.૩૧૦૦૦/- દર વર્ષે ચોપડે નોધવો પડશે.

૨૮.૩ રાજ્ય સરકારોની તથા બીજી જામીનગીરીઓનું વેલ્યુએશન થતી વખતે, કેન્દ્ર સરકારની એવી જ મુદત ધરાવતી જામીનગીરીઓ પર મળતી ઉપજને ધ્યાનમાં લેવામાં આવે છે. અત્યારે, રાજ્ય સરકારની જામીનગીરીઓ, તથા અન્ય ખાસ પ્રકારની જામીનગીરીઓ જેવી કે ઓઇલ બોન્ડસ, ફર્ટિલાઇઝર બોન્ડસ, સ્ટેટ બેંક બોન્ડસનું વેલ્યુએશન કરતી વખતે ૨૫ બેઝીસ પોઇંટ (૦.૨૫ ટકા) નો વધારૌ કરવામાં આવે છે, જ્યારે અન્ય કોર્પોરેટ બોન્ડસમાં

FIMMDA દ્વારા જાહેર કરાયેલો વધારો ઉમેરવામાં આવે છે. નીચે આ અંગે કોઠા-૫ માં સમજૂતી આપવામાં આવી છે.

કોઠો-૫

જામીનગીરીઓનું વેલ્યુએશન : પધ્ધતિ

રાજ્ય સરકારની જામીનગીરી ૭.૩૨ ટકા		આંધ્ર પ્રદેશ રાજ્ય સરકાર લોન, ૨૦૧૪	
ઇસ્યુ તારીખ	૧૦-૧૨-૨૦૦૪	પાકતી તારીખ	૧૦-૧૨-૨૦૧૪
કુપન	૭.૩૨ ટકા	વેલ્યુએશન તારીખ	૩૧-૩-૨૦૦૮

પધ્ધતિ

નીચેના ચાર તબક્કામાં આ ગણતરી થાય છે.

૧ જેનું વેલ્યુએશન કરવાનું છે, તે જામીનગીરીની બાકી મુદત શોધો.

૨ એટલી જ બાકી મુદત ધરાવતી કેન્દ્ર સરકારની જામીનગીરી પર ઉપજ લો.

૩ આ ઉપજમાં બાકીની મુદતના પ્રમાણસર ઉપજ ઉમેરો.

૪ ઉપરોક્ત – ૩માં શોધેલી રકમની મદદથી કિંમત ગણો.

પગલું-૧ ૩૧-૩-૨૦૦૮ થી ૧૦-૧૨-૨૦૧૪ સુધીનો સમયગાળો ૬.૬૯ વર્ષ થશે. MS Excelની મદદથી "YearFrac"નો ઉપયોગ કરી આ સમયગાળો ગણી શકાય.

પગલું-૨ ૬.૬૯ વર્ષ માટે કેન્દ્ર સરકારની જામીનગીરીની ઉપજ શોધો. આ અંગે નીચેની પધ્ધતિ વાપરો.

$$0.0773 + \left\{ 6.69 - 6 \times \frac{(0.0777 - 0.0773)}{(7-6)} \right\} = 0.077577 = 7.7577\% \text{ or } 7.76\%$$

૩૧ માર્ચ ૨૦૦૮ના રોજ FIMMDA એ જાહેર કરેલી, ૬ અને ૭ વર્ષની ઉપજ ૭.૭૩ ટકા અને ૭.૭૭ ટકા છે. તેથી ૬.૬૯ વર્ષ પહેલાં ઉપજ, ઉપર દર્શાવેલ ગણતરીથી મળશે. એ નોંધો કે ઉપજને દશાંશમાં દર્શાવો. દા.ત. ૭.૭૩/૧૦૦ = ૦.૦૭૭૩

પગલું-૩ કેન્દ્ર સરકારની એજ બાકી મુદત ધરાવતી જામીનગીરીનું ઉપજ શોધ્યા બાદ, જે જામીનગીરીનું મૂલ્ય શોધવાનું છે, તેમાં ઉમેરવા માટે યોગ્ય સ્પ્રેડ શોધવી પડશે. આ જામીનગીરી, રાજ્ય સરકારની જામીનગીરી હોવાથી, આ સ્પ્રેડ ૨૫ બેઝિસ પોઇન્ટ હશે. તેથી ઉપજ ૭.૭૬ % + ૦.૨૫ % = ૮.૦૧%

પગલું-૪ MS Excelના ઉપયોગ કરી જામીનગીરીની કિંમત શોધી શકાશે. (એનેક્ષર-૪ જુઓ). અહીં વેલ્યુએશનની તારીખ ૩૧-૩-૨૦૦૮, પાકતી તારીખ ૧૦-૧૨-૨૦૧૪, વ્યાજનો દર ૭.૩૨ ટકા (કુપન રેટ), ઉપજ ૮.૦૧ ટકા મૂળ કિંમત રૂા.૧૦૦, ફ્રિક્વન્સી ૨ અને બેઝિસ ૪ લેવાં (એનેક્ષર ૪, ઉદાહરણ ૩ જુઓ). અહીં કિંમત રૂા.૯૬.૪૭ થશે. બેંકે, આ જામીનગીરીમાં રૂા.૧૦ કરોડનું રોકાણ ધરાવતી હોય તો તેની કિંમત ૧૦ x (૯૬.૪૭/૧૦૦) = ૯.૬૪૭ કરોડ થશે.

૨૮.૪ કોર્પોરેટ બોન્ડઝમાં આ ગણતરી કરતી વખતે બોક્ષ ૫ માં બનાવેલી રીત મુજબ જ ગણતરી કરવાની હોય છે. માત્ર એટલો જ ફર્ક છે કે ૨૫ બેઝિસ પોઇંટના બદલે, અહીં સ્પ્રેડ વધારે હોય છે, જે FIMMDA, અલગ અલગ બોન્ડમાંની ઉપજના આધારે, આ સ્પ્રેડ સમયાંતરે જાહેર કરે છે, જ્યારે બોન્ડની કિંમત મુકતી વખતે યોગ્ય સ્પ્રેડ સીજી ઉપજમાં ઉમેરવામાં આવે છે. જે માટે સ્ટાન્ડર્ડ price ફોર્મ્યુલાનો ઉપયોગ થાય છે.

દા.ત. 'AAA' રેટિંગ ધરાવતું કોર્પોરેટ બોન્ડનું વેલ્યુએશન, જેની પાકતી મુદત બોક્ષ – ૫ માં આપેલ રાજ્ય સરકારની જામીનગીરી જેટલી જ છે, તેમાં ઉપજ ૭.૭૩ % + ૨.૦૯ % = ૯.૮૨% થશે અને બોન્ડનું વેલ્યુએશન રૂા.૮૭.૯૨ થશે.

૨૯ સરકારી જામીનગીરીઓમાં કયા પ્રકારનું જોખમ રહેલું છે. આ જોખમ ઓછું કરવાની પધ્ધતિઓ કઇ છે?

સરકારી જામીનગીરીઓમાં રોકાણ જોખમ રહિત હોય છે કારણકે સામાન્ય રીતે સરકાર પોતાની જવાબદારી પૂરી કરવામાં નિષ્ફળ જતી નથી. તેમ છતાં, દરેક નાણાંકીય જામીનગીરીની જેમ, આમાં પણ જોખમ રહેલું છે. આ જોખમ ઓળખવું જરુરી છે, અને તે ઓછું કરવા પ્રયત્ન કરવો જોઇએ. આવાં જોખમોને નીચે વર્ણવવામાં આવ્યા છે.

૨૯.૧ માર્કેટ રિસ્ક

વ્યાજના દરમાં થતા ફેરફારના કારણે જામીનગીરીઓના ભાવમાં થતા ઘટાડાને કારણે પણ જોખમ ઉભું થાય છે. આના કારણે જામીનગીરીઓ બજારમાં વેચવા જતાં તેની ઉપજ ઓછી આવે છે. નાના રોકાણકારો, પાકતી મુદત સુધી આ જામીનગીરીઓ ધારણ કરી રાખે તો, આ જોખમને ઓછું કરી શકે છે, જેથી તેઓ અપેક્ષિત ઉપજ મેળવી શકે છે.

૨૯.૨ પુનઃ રોકાણનું જોખમ

સરકારી જામીનગીરીઓ પર જાહેર થયેલું વ્યાજ છ માસિક ધોરણે મળે છે. આ બાબતનું પુનઃ રોકાણ કરવું જોઇએ. જો વ્યાજના દરોમા ઘટાડો થાય તો, આ વ્યાજની રકમને યોગ્ય વળતર મળે તે રીતે રોકી શકાતું નથી.

૨૯.૩ લિક્વિડિટી રિસ્ક

જો આવી જામીનગીરીઓ વેચવી હોય અને કોઇ ખરીદનાર ન મળે તો લિક્વિડિટીનું રિસ્ક ઉભું થાય છે. સામાન્ય રીતે, નિર્ધારિત પાકતી મુદતવાળી જામીનગીરી ખરીદવામાં આવે ત્યારે, મુદતમાં ઉત્તરોત્તર ઘટાડો થતો જાય છે. દા.ત. ૧૦ વર્ષની મુદતની જામીનગીરીની મુદત ૨ વર્ષ પછી, ૮ વર્ષ થશે. જો આવી જામીનગીરીનું માર્કેટ ન હોય તો તેની લિક્વિડિટી પર અસર થશે. આથી, આવી જામીનગીરી ઓછી કિંમતે વેચવાની ફરજ પડશે (જો ફંડની જરૂરિયાત ઊભી થાય તો). પરંતુ, આવા સંજોગોમાં, રેપો માર્કેટમાં ભાગ લઇ, આવી જામીનગીરીઓને ગિરવે મૂકી, ફંડ ઉધાર લઇ શકાય.

જોખમનું નિવારણ

૨૯.૪ પાકતી મુદત સુધી જામીનગીરીઓ ધારણ કરી રાખવાથી, અમુક જોખમને ઓછું કરી શકાય છે, જે જામીનગીરીઓની પાકતી મુદત નજીકમાં હોય તેને વેચી, લાંબી મુદતવાળી નવી જામીનગીરીઓ ખરીદવાથી પોર્ટફોલિયોનો કાર્યક્ષમ રીતે વહીવટ કરી શકાય. પરંતુ આવા વ્યવહારો કરવામાં જે દલાલી વગેરેનો ખર્ચ લાગે તેને ગણતરીમાં લેવો જોઇએ, જે માટે કાર્યક્ષમ Asset Liability Management કરવું પડે.

આ માટે Interest Rate Swap જેવી અઘરી પધ્ધતિઓનો ઉપયોગ કરવો પડે છે, જે માટે ખૂબ જ કુશળતા જરુરી છે.

૩૦ મની માર્કેટ શું છે?

૩૦.૧ સરકારી જામીનગીરીઓમાં રોકાણ લાંબા ગાળાને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. પરંતુ મની માર્કેટમા રોકાણ ટુંકા ગાળાને ધ્યાને લઇ થાય છે. ટુંકા ગાળામાં લિક્વિડિટી જાળવી રાખવા સામાન્ય રીતે મની માર્કેટનો ઉપયોગ થાય છે. એટલે એમ કહી શકાય કે મની માર્કેટનો સમયગાળો ૧ વર્ષનો હોય છે. આ માર્કેટને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

૧	ઓવરનાઇટ માર્કેટ	એક દિવસના રોકાણ માટે
૨	નોટિસ મની માર્કેટ	૨ દિવસથી ૧૪ દિવસના રોકાણ માટે
૩	મુદતી મની માર્કેટ	૧૫ દિવસથી એક વર્ષ માટેના રોકાણ માટે

૩૦.૨ મની માર્કેટની જામીનગીરીઓ (સાધનો) કઇ છે?

મની માર્કેટનાં કોલ મની, રિપો, ટ્રેઝરી બિલ, કોમર્શિયલ પેપર સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ અને CBLO (Collateralised Borrowing and Lending Obligations)નો ઉપયોગ થાય છે.

૩૦.૩ કોલ મની માર્કેટ

કોલ મની માર્કેટમાં કોઇપણ પ્રકારની સિક્યુરિટી આપ્યા વગર / લીધા વગર ફંડની હેરફેર થાય છે. સામાન્ય રીતે આ માર્કેટ, ઓવરનાઈટ માર્કેટ હોય છે, જે સગવડ કોમર્શિયલ (શિડ્યુલ્ડ) બેંકો અને પ્રાઇમરી ડીલર્સને જ ઉપલબ્ધ છે.

રિપો માર્કેટ

૩૦.૪ રિપો અથવા રેડી ફોરવર્ડ માર્કેટમાં, ફંડ ઊધાર લેવા સરકારી જામીનગીરીઓ વેચવાનો કરાર થાય છે, જેમાં તેને ભવિષ્યની નિશ્ચિત તારીખે, નિશ્ચિત ભાવે પુનઃ ખરીદવાનો સાથે સાથે કરાર થાય છે. પુનઃ ખરીદવાના ભાવમાં વ્યાજને ધ્યાનમાં લેવાય છે.

૩૦.૫ રેપોથી ઉંધી પ્રક્રિયાને રિવર્સ રેપો કહે છે, જેમાં ફંડ ઉધાર આપવામાં આવે છે, જે માટે સરકારી જામીનગીરીઓ ગિરવે લેવામાં આવે છે અને આ જામીનગીરીઓ ભવિષ્યની નિશ્ચિત તારીખે નિશ્ચિત ભાવે પરત આપવાની હોય છે (જેમાં વ્યાજને ધ્યાનમાં લેવામાં આવે છે).

૩૦.૬ ઉપરની વ્યાખ્યાઓ પરથી એ સ્પષ્ટ બને છે કે રેપો અને રિવર્સ રેપોમાં બે પ્રકારના વ્યવહાર થાય છે. આ બે વ્યવહારની વચ્ચેનો સમયગાળો, રેપો પિરિયડ કહેવાય છે. સામાન્ય રીતે રેપો પિરિયડ, એક દિવસનો જ હોય છે. રેપો વ્યવહારોનું સેટલમેન્ટ, સરકારી જામીનગીરીઓના વ્યવહારોની સાથે જ થાય છે.

૩૦.૭ રેપો વ્યવહારમાં, સરકારી જામીનગીરીઓની વેચાણ કિંમત, ખરીદનાર દ્વારા પ્રથમ ચુકવાય છે. જે રકમ પર રેપો રેટથી વ્યાજની ગણતરી કરી, જ્યારે રકમ પરત ચૂકવાય ત્યારે તે વ્યાજ સહિત પરત અપાય છે. જે વખતે જામીનગીરીઓ વેચનાર, વેચેલી જામીનગીરીઓ પરત ખરીદાય છે. આની એકંદર અસર એવી રીતે કહેવાય કે સરકારી જામીનગીરીઓની સામે ફંડ ઉધાર લેવું.

૩૦.૮ મની માર્કેટ રિઝર્વ બેંક દ્વારા નિયંત્રિત થાય છે. આ માર્કેટના તમામ વ્યવહારો, Negotiated Dealing System (NDS)ના પ્લેટફોર્મ પર રિપોર્ટ કરવા પડે છે.
Collaterialised Borrowing and Lending Obligations (CBLO) જામીનગીરીઓ ગિરવે મૂકી, ફંડ ઉધાર લેવા/આપવાના વ્યવહારો)

જામીનગીરી ગિરવે મૂકી, ફંડ ઉધારલેવા/આપવાના વ્યવહારો (Collaterised Borrowing & Lending Obligations) (CBLO)

૩૦.૯ આ કામગીરી ક્લિયરિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (CCIL) દ્વારા થાય છે. એવી સંસ્થાઓ કે જે ઇન્ટર બેંક કોલ મની માર્કેટમાં ભાગ લઇ શકતી નથી. અથવા ખૂબ જ મર્યાદિત ભાગ લઇ શકે છે, તે CBLOનો ઉપયોગ કરે છે. CBLO એ ઇલેક્ટ્રોનિક (બુક એન્ટ્રીના સ્વરૂપમાં) જોવા મળતું એક પ્રકારનું નાણાંકીય સાધન છે કે જેની મેચ્યોરિટી એક દિવસથી નેવું દિવસ સુધીની હોય છે. ફંડ ઉધાર લેવા કે આપવા માટે CCIL, INFINET – Indian

Financial Networkની મદદથી, ડીલિંગ વ્યવસ્થા ગોઠવી આપે છે, જેમાં NDSના સભ્યો કે જે RBIમાં કરન્ટ એકાઉન્ટ રાખે છે, તે અને જે કરન્ટ એકાઉન્ટ નથી રાખતા તે Internetની મદદથી ભાગ લે છે.

૩૦.૧૦ CBLO નું સભ્યપદ RBI-NDS ના સભ્યોને મળે છે, જેમ કે રાષ્ટ્રિયકૃત બેંકો, ખાનગી બેંકો, વિદેશી બેંકો, સહકારી બેંકો, નાણાંકીય સંસ્થાઓ, વીમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડો, પ્રાઇમરી ડીલર્સ, વગેરે. RBI-NDSના સભ્યો ન હોય તેવી સહકારી બેંકો, મ્યુચ્યુઅલ ફંડો, વીમા કંપનીઓ, NBFCs, કોર્પોરેટ્સ, પ્રોવિડંટ ફંડો વગેરેને એસોસિએટ સભ્યપદ અપાય છે.

૩૦.૧૧ CBLO માર્કેટમાં ભાગ લેવાથી CCILના સભ્યો, સહકારી જામીનગીરીઓ, ફંડ ઉધાર લઇ આપી શકે છે. આવી સરકારી જામીનગીરીઓમાં ટ્રેઝરી બિલ્સ, સહિત CCIL દ્વારા જાહેર કરાયેલી જામીનગીરીઓનો સમાવેશ થાય છે. CBLO માં ફંડ ઉધાર લેવા માટે અમુક રકમ CCILમાં જમા કરાવવી પડે છે, જેની સામે CCIL, ફંડની લિમિટ આપે છે. CCILમાં જમા મુકવામાં આવેલી જામીનગીરીઓ પરના વ્યાજની ચુકવણી માટે પ્રોપર ડો□યુમેન્ટેશન કરવામાં આવે છે.

Commercial Paper (CP) વ્યાપારી પત્ર

૩૦.૧૨ Commercial Paper (CP) એ એક પ્રકારની પ્રોમિસરી નોટ પ્રકારનું મની માર્કેટ ઇન્સ્ટ્રુમેન્ટ છે. કોર્પોરેટ્સ, પ્રાઇમરી ડીલર્સ અને ઓલ ઇન્ડિયા ફાઇનાન્સિયલ સંસ્થાઓ કે જેમને ટુંકા ગાળા માટે ફંડ બોરો કરવાની, ભારતીય રિઝર્વ બેંક દ્વારા મંજુરી મળેલ છે, તેઓ વ્યાપારી પત્ર ઇસ્યુ કરી શકે છે. વ્યાપારી પત્રની મુદત ૭ દિવસથી એક વર્ષ સુધીની હોય છે.

Certificate of Deposit ડિપોઝિટ પત્ર (CD)

૩૦.૧૩ Certificate of Deposit, એ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ છે. જે ડિમટિરિયલ ફોર્મમાં અથવા મુદતી પ્રોમિસરી નોટના સ્વરૂપમાં હોય છે, જે બેંકોમાં કે એના જેવી નાણાંકીય સંસ્થાઓ, ૭ દિવસથી એક વર્ષની મુદત માટે અને નાણાંકીય સંસ્થાઓ, એક વર્ષથી ત્રણ વર્ષની મુદત માટેના CD ઇસ્યુ કરી શકે છે.

૩૧ **FIMMDAના કાર્યો**

Fixed Income Money Market and Derivatives Association of India (FIMMDA) એ શેડ્યુલ્ડ કોમશિર્યલ બેંકો, જાહેર નાણાંકીય સંસ્થાઓ, પ્રાઇમરી ડિલર્સ, વીમા કંપનીઓ, વગેરેએ, સેક્શન ૨૫ કંપની એક્ટ ૧૯૫૬ મુજબ રચેલું એક એસોસિએશન છે જે ૩ જુન, ૧૯૯૮ના રોજ અસ્તિત્વમાં આવેલું. FIMMDA, બોન્ડ, મની અને ડેરીવેટિવ માર્કેટમાં સ્વૈચ્છિક કામ કરતી સંસ્થા છે. જેનું સભ્યપદ સ્ટેટ બેંક સહિત તમામ રાષ્ટ્રિયકૃત બેંકો, પ્રાઇવેટ સેક્ટર બેંકો (ICICI, HDFC, IDBI બેંક, વગેરે), વિદેશી બેંકો, બેંક ઓફ અમેરિકા, એબીએન એમ્રો, સિટિ બેંક), IDFC, EXIM બેંક જેવી નાણાંકીય સંસ્થાઓ, LIC, બિરલા સન લાઇફ, જેવી વિમા કંપનીઓ અને પ્રાઇમરી ડીલર્સ ધરાવે છે.

૩૧.૨ FIMMDA, બોંડ, મની અને ડેરિવેટિવ માર્કેટના વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. અને રેગ્યુલેટર્સ સાથે સંપર્ક સાધવામાં મહત્વનું યોગદાન આપે છે. તે વિકાસના કાર્યો, જેવાં કે, બેંચ માર્ક રેટ્સ, નવા ડેરિવેટિવ્ઝ ઇન્સ્ટ્રુમેન્ટ વગેરેના વિકાસમાં મદદ કરે છે. FIMMDA સરકારી જામીનગીરીઓના ભાવ જાહેર કરે છે, જે સંસ્થાઓ દ્વારા ઉપયોગમાં લેવાય છે. FIMMDA, મની માર્કેટના, સક્ષમ વિકાસમાં અગત્યનો ફાળો આપે છે.

૩૨ સરકારી જામીનગીરીઓની માહિતી કઇ વેબસાઇટ પરથી મળે છે.

૩૨.૧ ભારતીય રિઝર્વ બેંક નાણાંકીય વોચ માટેની વેબ સાઇટ http: www.rbi.org.in/Scripts/finanacialmarketswatch.aspx આ સાઇટ પરથી NDS (OTC માર્કેટ) NDS-OM, મની માર્કેટ અને સરકારી જામીનગીરીઓના ભાવની માહિતી મળે છે.



૩૨.૨ NDS-OM માર્કેટ વોચ : www.ccilindia.com/OMHome.aspx

આ સાઇટ પરથી, વેચાતી અને ક્વોટ થયેલી તમામ સરકારી જામીનગીરીઓની તાજી માહિતી મળે છે. તદ્ ઉપરાંત ક્યારે ઇસ્યુ થઇ (જ્યારે પણ સોદો થાય ત્યારે) તે બાબતની માહિતી પણ અહીં જ મળે છે.



૩૨.૩ NDS માર્કેટ વોચઃ www.rbi.org.in/Scripts/NdsUserXsl.aspx આ સાઇટ પર, સરકારી જામીનગીરીઓના ઓવર ધ કાઉન્ટર ભાવની માહિતી મળે છે. અમુક સમયગાળા દરમ્યાન, અમુક દિવસે, અમુક જામીનગીરીનો ભાવ આ સાઇટ પરથી જાણી શકાય છે.



૩૨.૪ FIMMDA www.fimmda.org

આ સાઇટ પરથી ફિક્સ્ડ આવક આપતી તમામ જામીનગીરીઓ જેમાં સરકારી જામીનગીરીઓનો પણ સમાવેશ થાય છે, જેની બજાર કિંમત જાણી શકાય છે. કિંમત નક્કી કરવાની વિવિધ પધ્ધતિઓમાં મોડલ પણ આ સાઇટ પરથી જાણી શકાય છે. તદ્ ઉપરાંત સરકારી જામીનગીરીઓના તથા કોર્પોરેટ બોંડના દૈનિક, માસિક, વાર્ષિક, બંધ ભાવ પણ આ સાઇટ પરથી જાણી શકાય છે. આ સાઇટ પર log in થવા માટે બેઝિક પાસવર્ડ જરુરી છે. જે FIMMDA દ્વારા અપાય છે.


FIMMDA
Fixed Income Money Market
and Derivatives Association of India
Search
Member Area
Members Search
Useful Links
FAQs
Glossary
Sitemap
History
Mission
Management Team
Overview
Apply
List
Press Releases
Circulars
Statistics
Committees
Planned Initiatives
Training
Certifications
Events
Chat
Communiqué
NOTICES
VALUATION
CORPORATE BONDS
Forgot Password ?
Register
Annualised Yield
Done
Internet
100%
start

સરકારી જામીનગીરી – સ્ટોક સર્ટિફિકેટનો નમૂનો - એનેક્ષર – ૧



भारत सरकार
GOVERNMENT OF INDIA

[illegible]

INSCRIBED STOCK
OF THE
[illegible] PER CENT. LOAN, [illegible]

[illegible]
BOOK DEBT CERTIFICATE No. .... OF

[illegible]
for Rs.

22 जुलाई, 2008 को प्रतिदेय
REPAYABLE ON THE 22nd DAY OF JULY, 2008.

[illegible]
I hereby certify that..

[illegible]

is the registered Proprietor of Rupees..

Government Stock of the Rupees Ten-and-paise-eighty per cent. Loan, 2008 (Second-issue) which will bear interest at Rupees Ten-and-paise-eighty per cent. per annum, payable initially for the period 24th October 1985 to 21st January 1986 (inclusive) and thereafter half-yearly on 22nd January and 22nd July.

[illegible]

Public Debt Office
Reserve Bank of India

[illegible]
Governor, Reserve Bank of India.

[illegible]
for Manager.

[illegible]
Date

[illegible]
Not transferable by endorsement.

પ્રાયમરી ડીલર્સનું લિસ્ટ - એનેક્ષર – ૨

ક્રમ	બેંક પ્રાઇમરી ડીલર્સ	ફોન નંબર-મુંબઇ
૧	સિટિ બેંક, એન.એ. મુંબઇ	૦૨૨-૪૦૦૧૫૪૫૩/૪૦૦૧૫૩૭૮
૨	સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક	૦૨૨-૨૨૬૫૨૮૭૫/૨૨૬૮૩૬૯૫
૩	બેંક ઓફ અમેરિકા, એન.એ.	૦૨૨-૬૬૩૨૩૦૪૦/૩૧૪૦/૧૩૧૯૨
૪	જે પી મોર્ગન ચેઝ બેંક,એન.એ.	૦૨૨-૬૬૩૯૩૦૮૪/૬૬૩૯૨૯૪૪
૫	એચએસબીસી બેંક	૦૨૨-૨૨૬૨૩૩૨૯/૨૨૬૮૧૦૩૧/૩૪/૩૩
૬	બેંક ઓફ બરોડા	૦૨૨-૬૬૩૬૩૬૮૨/૮૩
૭	કેનેરા બેંક	૦૨૨-૨૨૮૦૦૧૦૧ – ૧૦૫ / ૨૨૬૧૩૪૮
૮	કોટક મહિન્દ્રા બેંક લિ.	૦૨૨-૬૭૮૩૬૧૦૭, ૬૬૫૯૬૨૩૫, ૬૪૫૪
૯	કોર્પોરેશન બેંક	૦૨૨-૨૨૮૩૨૪૨૯/૨૨૦૨૨૭૯૬ ૨૨૮૭૧૦૫૪
૧૦	એચડીએફસી બેંક	૦૨૨-૬૬૫૨૧૩૭૨/૯૮૯૨૯૭૫૨૩૨
૧૧	એબીએન એમ્રો બેંક, એન.વી.	૦૨૨-૬૬૩૮૬૧૩૨/૧૨૮
બ	**સ્ટેન્ડ અલોન પ્રાઇમરી ડિલર્સ**	**ફોન નંબર-મુંબઇ**
૧	આઇડીબીઆઇ ગિલ્ટ્સ	૦૨૨-૬૬૧૭૭૯૦૦ / ૯૧૧
૨	આઇસીઆઇસીઆઇ સિક્યુ પી ડી લિ.	૦૨૨-૬૬૩૭૭૪૨૧/૨૨૮૮૨૪૬૦/૭૦
૩	પીએનબી ગિલ્ટ્સ લિ.	૦૨૨-૨૨૬૯૩૩૧૫/૧૭
૪	એસબીઆઇ ડીએફએચઆઇ લિ.	૦૨૨-૨૨૬૧૦૪૯૦/૧૬૬૩૬૪૬૯૬
૫	એસટીસીઆઇ પી ડી લિ.	૦૨૨-૬૬૨૦૨૨૬૧/૨૨૦૦
૬	ડોઇશ સિક્યુ (ઇન્ડિયા) પ્રા લિ.	૦૨૨-૬૭૦૬૩૦૬૮/૩૦૬૬/૬૭૦૬૩૧૧૫
૭	મોર્ગન સ્ટેન્લી પ્રા.ડિલસ પ્રા.લિ.	૦૨૨-૨૨૦૯૬૬૦૦
૮	નોમુરા ફિક્સ્ડ ઇન્કમ સિક્યુ. પ્રા.લિ.	૦૨૨-૬૭૮૫૫૧૧૧/૬૭૮૫૫૧૧૮

બેંક પ્રાઇમરી ડીલર્સ તે ડીલર્સ છે, કે જે પ્રાઇમરી ડીલર્સનો ધંધો વેભાગીય રીતે બેંક તરફથી લે છે.

સ્ટેન્ડ અલોન પ્રાઇમરી ડિલર્સ તે નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપનીઝ છે જે પ્રાઇમરી ડીલર્સનો ધંધો લે છે.

આ અંગેની માહિતી www.rbi.org.in/commonman/English/Scripts/PrimaryDealer.aspx પર મળે છે.

ડીલ સ્લિપનો નમૂનો - એનેક્ષર - ૩

અબક અર્બન કો-ઓપ બેંક લિ

સરનામું

ફોન

ઇ મેઇલ

ડીલ સ્લિપ નં

ડીલ કન્ફર્મેશન

ખરીદ/વેચાણ અમને મંજુર છે.

૧ સીધેસીધું/રેપો

૨ ટ્રાન્ઝેક્શન આઇડી

૩ ટ્રાન્ઝેક્શન તારીખ

૪ કિંમત તારીખ

૫ રિવર્સલ તારીખ (રેપોના કેસમાં)

૬ ટ્રાન્ઝેક્શનનો સમય

૭ ટ્રાન્ઝેક્શન માધ્યમ ફોન / NDS-OM / Broker

૮ જામીનગીરીનું શિર્ષક

૯ છેલ્લી કુપન તારીખ

૧૦ મુદ્દલ રકમ

૧૧ ચડેલ વ્યાજ

૧૨ નક્કી થયેલ કિંમત (દર રૂ.૧૦૦)

૧૩ કુલ રકમ

૧૪ બ્રોકરનું નામ, જો હોય તો

૧૫ અમારા બેંકના કરંટ એકાઉન્ટમાં જમા/ઉધાર અમને મંજુર છે અને અમારો બેંક સાથેનો એસજીએલ / ગિલ્ટ એકાઉન્ટ / ડિમેટ એકાઉન્ટ કિંમતની તારીખે જમા/ઉધાર કરશો.

સહી સહી

અધિકૃત સહી કરનાર અધિકૃત સહી કરનાર

એનેક્ષર - ૪

બોન્ડ સંબંધિત ગણતરીના અગત્યના એક્સેલ કાર્યો

વિધેય	સંયોજકો
૧ વર્તમાન મૂલ્ય	**PV (rate,nper,pmt,fv,type)**

આ ફંક્શનની મદદથી ભવિષ્યમાં થનારી એકથી વધુ ચૂકવણીઓનું વર્તમાન મૂલ્ય જાણી શકાય છે. આ બોન્ડની કિંમત જાણવામાં ખૂબ જ ઉપયોગી છે.

Rate દરેક સમયગાળા માટેના વ્યાજનો દર

NPer જામીનગીરીમાં આવતા કુલ સમયના ગાળા

Pmt દરેક સમયગાળામાં થયેલ ચૂકવણી, જેમાં ફેરફાર થતો નથી.

FV ભવિષ્યની કિંમત અથવા કેશ બેલેન્સ (અંતિમ પેમેન્ટ મેળવ્યા પછી મેળવવા ઇચ્છેલી રકમ

Type ૦ અથવા ૧ જે એમ દર્શાવે છે કે પેમેન્ટ ક્યારે ડ્યુ છે?

Type ૦ સમયગાળાના અંતે

Type ૧ સમયગાળાની શરુઆતમાં

ઉદા. રૂા.૧૦૦ના ૯ ટકા વ્યાજના દરે, ત્રણ વર્ષ સુધી વર્તમાન મૂલ્ય ગણવા. Rate = ૯ ટકા અથવા ૦.૦૯, NPer = ૩, Pmt = ૧૦૦, FV = ૦, કારણકે ત્રણ વર્ષ કંઇ જ લેવાનુ રહેતું નથી. Type = ૦, જવાબ = વર્તમાન મૂલ્ય = ૨૫૩.૧૩

૨ ભવિષ્યનું મૂલ્ય : FV (rate,nper,pmt,pv,type)

અત્યારે કરેલા રોકાણનું આપેલા વ્યાજના દરે, ભવિષ્યનું મૂલ્ય આ વિધેયની મદદથી શોધી શકાય છે.

Rate દરેક સમયગાળા માટેના વ્યાજનો દર

NPer જામીનગીરીમાં આવતા કુલ સમયના ગાળા (વ્યાજની ચૂકવણી માટેના)

Pmt દરેક સમયગાળામાં થયેલ ચૂકવણી, જેમાં ફેરફાર થતો નથી.

સામાન્ય રીતે, Pmtમાં મુદ્દલ અને વ્યાજનો સમાવેશ થાય છે. જો Pmtને અવગણવામાં આવે તો, pv એ વર્તમાન કિંમત છે. જો pvને અવગણવામાં આવે તો તેને ૦ માનવામાં આવે છે અને તમારે Pmtને ધ્યાનમાં લેવી પડે.

Type એટલે ૦ અથવા ૧ જયારે ડ્યુ થાય ત્યારે ધ્યાનમાં લેવાય છે જો Typeને અવગણવામાં આવે તો Type = ૦ લેવું પડે.

ઉદાહરણ: જો દર વર્ષે રૂા.૧૦૦ લેખે, ત્રણ વર્ષ સુધી ચુકવવાના હોય તો ૯ ટકાના દરે, કિંમત કેટલી

થશે?

Rate = ૯ એટલે ૦.૦૯ NPer = ૩ (વર્ષ), Pmt = ૧૦૦, pv = ૦, Type = ૧, જવાબ =૩૫૭.૩૧ આવશે.

૩ કુપન દિવસો : COUPDAYBS કુપન દિવસો (સેટલમેન્ટ, પાકવાની તારીખ, ફ્રિક્વન્સી, બેઝિસ)

આ ફંક્શનની મદદથી કુપનના દિવસોની ગણતરી કરી શકાય છે. સેટલમેન્ટ એટલે જામીનગીરીની સેટલમેન્ટ તારીખ, સિક્યુરિટી સેટલમેન્ટ તારીખ એટલે એવી તારીખ, જે ઇસ્યુ તારીખ પછીની કોઇ તારીખ છે, જે દરમ્યાન સિક્યુરિટીનું વેચાણ થાય છે.

પાકવાની તારીખ એ જામીનગીરી પાકવાની તારીખ છે.

ફ્રિક્વન્સી એટલે વર્ષ દરમ્યાન વ્યાજ કેટલી વખત ચૂકવાશે. જો વ્યાજ વર્ષે ચૂકવવાનું હોય તો ૧, અર્ધવાર્ષિક ચૂકવવાનું હોય તો ૨ અને ત્રિમાસિક ચૂકવવાનું હોય તો ૪.

બેઝિસ એટલે દિવસ ગણવાની પધ્ધતિ, જે નીચે દર્શાવવામાં આવી છે.

બેઝિસ	દિવસ ગણવાનો આધાર	બેઝિસ	દિવસ ગણવાનો આધાર
૦	(US) (NASD) ૩૦/૩૬૦	૩	(Actual) / ૩૬૫
૧	(Actual)	૪	European ૩૦/૩૬૦
૨	(Actual) / ૩૬૦		

ઉદાહરણઃ ફેબ્રુઆરી ૨, ૨૦૧૯ ના રોજ પાકતી જામીનગીરી જેની સેટલમેન્ટ તારીખ ૨૭/૫/૨૦૦૯ છે, તેમાં ઊપરની પધ્ધતિ મેચ્યોરિટી – ૨/૨/૨૦૧૯, સેટલમેન્ટ ૨૭/૫/૨૦૦૯, ફ્રિક્વન્સી ૨ અને બેઝિસ ૪ રહેશે. જવાબઃ ૧૮૦ આવશે એટલે કે કુપન પિરિયડ ૧૮૦ દિવસનો આવશે.

૪ Year Frac. YEARFRAC (start_date,end_date,basis) (બાકીની પાકતી રકમ શોધવા માટે)

જેની મદદથી જામીનગીરીની મુદતમાં પૂરા વર્ષ ઊપરાંત બાકીનો વધેલો સમય ગણી શકાય છે.

Start_date પેમેન્ટ સ્ટાર્ટ થવાની તારીખ

End_date પેમેન્ટ પૂરૂં થવાની તારીખ

Basis દિવસ ગણવાનો આધાર

ઉદાહરણ : ૬/૨/૨૦૧૯ના રોજ પાકતી જામીનગીરીમાં ૨૭/૫/૨૦૦૯ પછી કેટલો સમય રહેશે? Start Date તા.૨૭/૫/૨૦૦૯ End date તા.૨/૨/૨૦૧૯ , બેઝિસ ૪, પરિણામ ૯.૬૮ વર્ષ
૫ કિંમત (PRICE) (સેટલમેન્ટ, મેચ્યોરિટી, રેટ, ઉપજ, પરત ચૂકવણી, ફ્રિક્વન્સી, બેઝિસ)
આ ફંક્શનની મદદથી જામીનગીરીની કિંમત કે જેના પર વ્યાજની ચુકવણી થાય છે, જે શોધી શકાય છે. સેટલમેન્ટ - જામીનગીરીની સેટલમેન્ટ તારીખ જે તારીખે જામીનગીરીની સામે નાણાં ચુકવાય છે. મેચ્યોરિટી, - જામીનગીરીની પાકતી તારીખ રેટ - વાર્ષિક વ્યાજનો દર ઉપજ - વાર્ષિક ઉપજ પરત ચૂકવણી – રૂા.૧૦૦ દીઠ પરત ચૂકવણી મૂલ્ય ફ્રિ□વન્સી - વર્ષ દરમ્યાન ચૂકવણી – વાર્ષિક-૧, અર્ધવાર્ષિક-૨, ત્રિમાસિક-૪, વગેરે બેઝિસ - બેઝિસ ગણવાની રીત ઉદાહરણઃ ૬.૦૫ ટકાની ૨૦૧૯માં ૨/૨/૨૦૧૯ ના રોજ પાકતી જામીનગીરીમાં ૬.૬૮ ટકા ઉપજ થતી હોય, (૧-૬-૨૦૦૯ના રોજ), સેટલમેન્ટ તારીખ ૨/૬/૨૦૦૯. આ ઉદાહરણમાં Priceની ગણતરી નીચે મુજબ થશે. સેટલમેન્ટ – ૨/૬/૨૦૦૯, મેચ્યોરિટી ૨/૨/૨૦૧૯, વ્યાજ ૬.૦૫, ઉપજ ૬.૬૮, પરત ચૂકવણી રૂા.૧૦૦, ફ્રિ□વન્સી -૨ (અર્ધવાર્ષિક), બેઝિસ-૪, જવાબ : ૯૫.૫૫
૬ ઉપજ : (YIELD) (સેટલમેન્ટ, પાકતી તારીખ, વ્યાજ, pr, પરત ચૂકવણી, ફ્રિક્વન્સી, બેઝિસ)
આ સૂત્રની મદદથી અમુક ભાવે, પાકતી તારીખે જામીનગીરી પર કેટલી ઉપજ મળશે તે ગણી શકાય છે. સેટલમેન્ટ - એટલે જામીનગીરીની સેટલમેન્ટ તારીખ. મેચ્યોરિટી, - જામીનગીરીની પાકતી તારીખ રેટ - વાર્ષિક વ્યાજનો દર Pr - રૂા.૧૦૦ની ફેસ વેલ્યુ ધરાવતી જામીનગીરી પર પરત ચૂકવણીની રકમ પરત ચૂકવણી – રૂા.૧૦૦ દીઠ પરત ચૂકવણી મૂલ્ય ફ્રિ□વન્સી - કુલ કેટલી વખત વ્યાજની ચૂકવણી થશે. બેઝિસ - ડે કાઉન્ટ ગણવાનો આધાર

અહિં અગાઉ દર્શાવેલી રીત મુજબ ગણતરી કરવાથી, જવાબ ૬.૬૮ ટકા છે.

૭ સમય ગાળો - DURATION (સેટલમેન્ટ, પાકતી તારીખ, કુપન, ઉપજ, ફ્રિક્વન્સી, બેઝિસ)

આ સૂત્રની મદદથી જામીનગીરીનો સમયગાળો (વર્ષમાં) શોધી શકાય છે.

સેટલમેન્ટ - એટલે જામીનગીરીની સેટલમેન્ટ તારીખ. (જે તારીખે જામીનગીરીની સામે ફંડ ચૂકવાય)

મેચ્યોરિટી, - જામીનગીરીની પાકતી તારીખ

કુપન - વાર્ષિક વ્યાજનો દર

ઉપજ - વાર્ષિક ઉપજ

ફ્રિ□વન્સી - કુલ કેટલી વખત વ્યાજની ચૂકવણી થશે. વાર્ષિક-૧, અર્ધ-વાર્ષિક-૨, ત્રિમાસિક - ૪

બેઝિસ - ડે કાઉન્ટ ગણવાનો આધાર

ઉદહરણઃ ૬.૦૫ ટકાની ૨/ાર/ાર૦૧૯ના રોજ પાકતી, ૬.૬૮ ટકા ઉપજ આપતી, જામીનગીરીની સેટલમેન્ટ તારીખ ૨/૬/૨૦૦૯ છે. ડયુરેશન શોધો.

સેટલમેન્ટ : ૨/૬/૨૦૦૯,

પાકતી તારીખ ૨/૨/૨૦૧૯,

કુપન : ૬.૦૫ ટકા,

ઉપજ : ૬.૬૮ ટકા,

ફ્રિ□વન્સી : ૨

બેઝિસ : ૪

જવાબ : ૭.૨૫ વર્ષ

૮ સંશોધિત (Modified) સમયગાળો : MDURATION (Modified Duration)

(સેટલમેન્ટ, પાકતી તારીખ, કુપન, ઉપજ, ફ્રિક્વન્સી, બેઝિસ)

આ સૂત્રની મદદથી જામીનગીરીનો સંશોધિત સમયગાળો (વર્ષમાં) શોધી શકાય છે.

સેટલમેન્ટ : જે તારીખે સેટલમેન્ટ થાય છે તે તારીખ,

પાકતી તારીખ : જે તારીખે જામીનગીરી પાકે છે તે તારીખ

કુપન : વ્યાજનો દર

ઉપજ : વાર્ષિક ઉપજ

ફ્રિક્વન્સી : વર્ષ દરમ્યાન કેટલી વખત વ્યાજની ચૂકવણી,

બેઝિસ : ડે કાઉન્ટ કરવાનો આધાર

અહીં ઉપર મુજબ ગણતરી કરતાં જવાબ ૭.૦૧ આવશે.

એનેક્ષર - ૫

નાણાં બજારમાં વપરાતા વિવિધ નાના શબ્દોની સમજૂતી

ચઢત વ્યાજ

છેલ્લું વ્યાજ ચૂકવાયા પછી, ચૂકવવા પાત્ર બનેલું વ્યાજ, ચઢેલું વ્યાજ કહેવાય. એટલે કે વ્યાજ મળવા પાત્ર થયું છે, પરંતુ વ્યાજની ચૂકવણી નિશ્ચિત તારીખે થતી હોવાથી, રોકાણકારને જ્યાં સુધી વ્યાજ ચૂકવાય નહીં ત્યાં સુધી એવું વ્યાજ ચઢત વ્યાજ કહેવાય. ભારતમાં સરકારી જામીનગીરીઓ માટે ડે કાઉન્ટ ગણવાની પધ્ધતિ : ૩૦/૩૬૦ છે.

બિડ પ્રાઇસ / યિલ્ડ

બિડની કિંમત / ઉપજ - જામીનગીરી ખરીદવા ઇચ્છતા રોકાણકારે ઓફર કરેલી કિંમત

બિગ ફિગર

કોઇ જામીનગીરીની કિંમતમાં દશાંશ ચિહ્ન પછીની રકમને છોડીને પૂર્ણ આંકડો એ બિગ ફિગર કહે છે. રૂા.૧૦૨.૩૫ના ભાવમાં રૂા.૧૦૨ બિગ ફિગર કહેવાય.

સ્પર્ધાત્મક બિડ

હરાજીમાં જામીનગીરી ખરીદવા ઓફર કરાયેલી કિંમત.

કુપન

જામીનગીરીની ફેસ વેલ્યુ પર જાહેર કરાયેલ વ્યાજનો દર.

કુપન ફ્રિક્વન્સી

વ્યાજની ચૂકવણી જે વાર્ષિક, અર્ધવાર્ષિક કે ત્રિમાસિક હોય.

ડિસ્કાઉન્ટ (વળતર)

જ્યારે જામીનગીરીનો ભાવ, તેની ફેસ વેલ્યુ કરતાં ઓછો હોય ત્યારે આવી જામીનગીરી ડિસ્કાઉન્ટથી મળે છે, તેમ કહેવાય. દા.ત. જો રૂા.૧૦૦ની જામીનગીરી રૂા.૯૯ માં મળતી હોય તો, તે રૂા.૧ ના વળતરથી મળે છે તેમ કહેવાય.

ડ્યુરેશન – મેકોલે સમયગાળો

જામીનગીરીમાં કરવામાં આવેલું રોકાણ પરત મેળવવા જેટલો સમય લાગે તેને ડ્યુરેશન કહેવાય. દર વર્ષે જે કેશ-ફલો (વ્યાજ સ્વરૂપમાં) મળે તેની મદદથી કરેલું રોકાણ પરત મેળવવા જેટલો સમય લાગે તેને ડ્યુરેશન કહેવાય.

ફેસ વેલ્યૂ

જામીનગીરીની પાકતી તારીખે, જામીનગીરી ધારકને, જામીનગીરી સામે જે રકમ ચૂકવાય તેને ફેસ વેલ્યુ કહે છે. ભારતમાં સામાન્ય રીતે ફેસ વેલ્યુ રૂા.૧૦૦ હોય છે.

ફ્લોટિંગ રેટ બોન્ડ

જે બોન્ડ પર પૂર્વ નિર્ધારિત સમયગાળે વ્યાજનો દર બદલાતો રહે છે તેને ફ્લોટિંગ રેટ બોન્ડ કહે છે. આવો રેટ, બજારના વ્યાજના પરિબળો પર આધાર રાખે છે.

ગિલ્ટ/સરકારી જામીનગીરી

સરકારી જામીનગીરીઓને ગિલ્ટ્સ અથવા ગિલ્ટ ધરાવતી જામીનગીરીઓથી ઓળખવામાં આવે છે. સરકારી જામીનગીરીઓ, સરકાર દ્વારા બજારમાંથી નાણાં મેળવવા અપાતી જામીનગીરીઓ છે, જેની જાહેરાત સરકારના ગેઝેટમાં થાય છે અને તે ગવર્મેન્ટ સિક્યુરિટિઝ એક્ટ, ૨૦૦૬માં દર્શાવેલા સ્વરૂપમાં અપાય છે.

માર્કેટ લોટ

માર્કેટમાં જે અમુક નિશ્ચિત રકમમાં સોદાઓ થાય તેને માર્કેટ લોટ કહે છે. સરકારી જામીનગીરીઓ રૂા.૫ કરોડ ફેસ વેલ્યુનો માર્કેટ લોટ હોય છે.

મેચ્યોરિટી ડેટ

એવી તારીખ કે જે તારીખે જામીનગીરી પરત ચૂકવાય છે. આ તારીખે અંતિમ વ્યાજ સહિત જામીનગીરીની ફેસ વેલ્યુ રોકાણકારને પરત ચૂકવાય છે. આવી મુદત ૧ વર્ષથી ૩૦ વર્ષની હોઇ શકે છે.

બિનસ્પર્ધાત્મક બિડિંગ

આ એવા પ્રકારની બિડિંગ પધ્ધતિ છે, જેમાં રોકાણકાર ઉપજ કે ભાવ અંગે કોઇપણ પ્રકારની ઓફર આપ્યા વગર ભાગ લઇ શકે છે. અહીં સ્પર્ધાત્મક બિડિંગમાં બિડ થયેલા ભાવની ત્વરિત સરેરાશ (Weighted Average) ના આધારે, જામીનગીરીઓની ફાળવણી થાય છે.

ઓડ લોટ

રૂા.૫ કરોડથી ઓછી રકમના વ્યવહારને ઓડ લોટ કહે છે, જેમાં રૂા.૫ કરોડથી નાની રકમના પણ ઓછામાં ઓછા રૂા.૧૦૦૦૦ ના વ્યવહાર થાય છે. ઓડ લોટના વ્યવહાર નાના રોકાણકારો કહે છે.

પાર (Par)

જે જામીનગીરીનો ભાવ તેની ફેસ વેલ્યુએ મળે તેને એટ પાર જામીનગીરીઓ કહે છે.

પ્રિમિયમ

જ્યારે જામીનગીરીનો ભાવ તેની ફેસ વેલ્યુ કરતાં વધારે હોય ત્યારે તે પ્રિમિયમથી મળે છે તેમ કહેવાય. જો રૂા.૧૦૦ની ફેસ વેલ્યુ ધરાવતી જામીનગીરી, રૂા.૧૦૨માં મળે ત્યારે તેને રૂા.૨ના પ્રિમિયમથી મળે છે તેમ કહેવાય.

પ્રાઇસ

રૂા.૧૦૦ ની ફેસ વેલ્યુ પર પ્રવર્તતો ભાવ એ પ્રાઇસ કહેવાય. જામીનગીરી પર ભવિષ્યમાં મળનારા તમામ કેશ ફલોને ધ્યાનમાં રાખી જામીનગીરી પર ભવિષ્યમાં મળનારા તમામ કેશ આધાર રાખે છે. નવી બહાર પડેલી જામીનગીરી, ફેસ વેલ્યુ અથવા એની નજીકની કિંમતે મળે છે. જામીનગીરીઓના બજાર અગાઉ ઇસ્યુ થઇ ગયેલી જૂની જામીનગીરીઓના ભાવ, ઘણા બધા પરિબળોને ધ્યાનમાં લઇ

નક્કી થતી હોય છે, જેમાં બજારમાં પ્રવર્તતા વ્યાજના દર, ચઢત વ્યાજ, માંગ-પુરવઠો, ધિરાણની ઉપલબ્ધતા, પાકતી તારીખ, કયા રાજ્યની છે, બજારની સ્થિતિ અને લોટ મુખ્ય છે.

પ્રાઈમરી ડીલર

સરકારી જામીનગીરીઓના બજારને અને સરકારી જામીનગીરીઓ જારી કરવાની પધ્ધતીને કાર્યક્ષમ બનાવવા, સરકાર દદ્વારા અમુક નિષ્ણાત સંસ્થાઓ મધ્યસ્થી તરીકે કામ કરે છે. આવા મધ્યસ્થીઓને પ્રાઇમરી ડિલર્સ કહેવામાં આવે છે. અમુક શરતોનું પાલન કરવાથી તેમને અમુક લાભ/હક્ક પણ મળે છે. તેઓ સરકાર અને રોકાણકારો વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરે છે.

રિયલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ - Real Time Gross Settlement System (RTGS)

RTGS એ એક બેંકમાંથી બીજી ભેંકમાં ફંડ ટ્રાન્સફર કરવાની એક પધ્ધતિ છે જે Real Time અને Gross આધારે કામ કરે છે. બેંકિંગ ચેનલમાં આ એક ફંડ ટ્રાન્સફર કરવાની સૌથી મોટી પધ્ધતિ છે. Real Time એટલે કોઇપણ પ્રકારના Waiting Period વગર ફંડ ટ્રાન્સફર થાય છે. એટલે કે ફંડ ટ્રાન્સફરની અરજી મળતાં જ તેને પ્રોસેસ કરી ફંડ ટ્રાન્સફર કરી દેવાય છે. Gross એટલે એક વ્યવહાર બિજા વ્યવહાર સાથે સાંકળ્યા વગર, વ્યવહાર પૂરો કરાય છે. આવા વ્યવહારો રિઝર્વ બેંકના ચોપડે થતા હોવાથી, ફંડ ચૂકવણીને અંતિમ અને અપરિવર્તનીય ગણવામાં આવે છે.

રેપો રેટ

રેપો વ્યવહારમાં મળતું વાર્ષિક વળતર જેને ટકાના સ્વરૂપે દર્શાવાય છે.

રેપો / રિવર્સ રેપો રેટ

રેપો એટલે એવું નાણાંકીય સાધન છે કે જેનો ઉપયોગ ફંડ ઉધાર લેવામાં કરવામાં આવે છે, જેમાં કેન્દ્ર સરકારની/રાજ્ય સરકારની/કોઇ સ્થાનિક સંસ્થાની/પરદેશની સંસ્થાની જામીનગીરીઓ વેચવાનો તથા અમુક નિશ્ચિત સમયે નિશ્ચિત કિંમતે પુનઃ ખરીદવાનૌ કરાર થાય છે. વેચાણ કિંમત અને ખરીદ કિંમત વચ્ચેનો તફાવત, વ્યાજના દરને અનુલક્ષીને ગણાય છે.

રિવર્સ રેપો એટલે એવું નાણાંકીય સાધન છે કે જેનો ઉપયોગ ફંડ ઉધાર આપવામાં કરવામાં આવે છે, જેમાં કેન્દ્ર સરકારની/રાજ્ય સરકારની/કોઇ સ્થાનિક સંસ્થાની/પરદેશની સંસ્થાની જામીનગીરીઓ

ખરીદવાનો અને પુનઃ વેચવાનો (નિશ્ચિત સમય બાદ અને નિશ્ચિત કિંમતે) કરાર થાય છે. બે કિંમતો વચ્ચેનો તફાવત, વ્યાજના દરેને ધ્યાનમાં રાખી કરાય છે.

બાકી મુદત

જામીનગીરીનો વર્તમાન તારીખથી પાકતી મુદત સુધીનો સમય ગાળો – બાકી મુદત કહેવાય છે. દા.ત. ૧૦ વર્ષની જામીનગીરીમાં ૨ વર્ષ વીતી ગયા હોય તો, ૮ વર્ષ બાકી મુદત કહેવાય.

સેકન્ડરી માર્કેટ

જે બજારમાં અગાઉ ઇસ્યુ થઇ ગયેલી જામીનગીરીઓનું વેચાણ થતું હોય તેને સેકન્ડરી માર્કેટ કહેવાય. આ પ્રાઇમરી માર્કેટથી અલગ માર્કેટ છે. પ્રારંભિક ઓફર થઈ ગયેલી જામીનગીરીઓ જે બજારમાં મળે તેને સેકન્ડરી માર્કેટ કહેવાય.

સતત વેચાણ (ટેપ સેલ)

પધ્ધતિ નીચે અમુક રકમની જામીનગીરીઓ વેચવા માટે મૂકાય છે (સામાન્ય રીતે ન્યૂનતમ કિંમતે) અને જ્યારે જ્યારે બિડ મળે ત્યારે ઇસ્યુ થતા રહે છે. તે અમુક દિવસો સુધી કે અઠવાડિયા સુધી વેચાયે જાય છે અને તેની માંગના આધારે સરકાર દ્વારા ભાવમાં ફેરફાર થતો રહે છે. ટેપ એટલે એક પ્રકારનું સતત વેચાણ, સિવાય કે ટેપ સેલમાં વેચનાર બજારના પરિબળોનો આધારે ભાવમાં ફેરફાર થતા રહે છે.

ટ્રેઝરી બિલ્સ

એક વર્ષ કે તેથી ઓછા સમયની કેન્દ્ર સરકારની જામીનગીરીઓને ટ્રેઝરી બિલ કહે છે, જેને ટી-બીલ્સથી ઓળખવામાં આવે છે. આ જામીનગીરીઓ ડિસ્કાઉન્ટથી મળે છે અને મની માર્કેટનો એક મહત્વનો ભાગ છે.

અંડર-રાઇટિંગ

એ એવી વ્યવસ્થા છે કે જે અંતર્ગત, સરકારી જામીનગીરીઓનો ભરાયા વગરનો (અનસબસ્ક્રાઇબ્ડ) ભાગ ખરીદવાની જવાબદારી ઇન્વેસ્ટમેન્ટ બેંકર લે છે તેને અંડર-રાઇટિંગ કહે છે.

ભારિત સરેરાશ કિંમત / ઉપજ

જે કિંમતે અને ઉપજે જેટલી રકમનું રોકાણ થાય તે રકમની મદદથી જે કિંમત/ઉપજ ગણાય તે ભારિત સરેરાશ કિંમત/ઉપજ ગણાય.

ઉપજ

જામીનગીરી પર વર્ષે જે વળતર મળે તેને ઉપજ કહેવાય, જેનો આધાર જામીનગીરીની ખરીદ કિંમત અને કુપન રેટ પર રહેલો છે. ઘણા વૈશ્વિક પરિબળોથી ઉપજમાં ફેરફાર થાય છે.

યિલ્ડ ટુ મેચ્યોરિટી (વાયટીએમ)

વાયટીએમ, એ એવી રકમ છે, જે, જામીનગીરીને પાકતી તારીખ સુધી ધારણ કરી રાખવાથી મળી શકે છે. એટલે કે જામીનગીરીની વર્તમાન કિંમતની એ વળતરવાળી કિંમત છે, જેનો આધાર મૂળ રોકાણ, વ્યાજનો દર અને જામીનગીરીના ભાવ પર રહેલો છે.

યિલ્ડ વક્ર ગ્રાફ

અલગ અલગ મેચ્યોરિટીનો સમય ધરાવતી જામીનગીરીઓ પર મળતી ઉપજનું અ ગ્રાફિકલ સ્વરૂપ છે, જેમાં વ્યાજનો દર, પાકતી તારીખ વગેરેને દર્શાવીને અલગ અલગ જામીનગીરીઓની સરખામણી કરવામાં આવી હોય છે.

Negotiated Dealing System (NDS)

૨૦૦૨ની સાલ સુધી સરકારી જામીનગીરીઓના સોદા ટેલિફોનના માધ્યમથી થતા. ખરીદનાર તથા વેચનાર, ટેલિફોનના માધ્યમથી સોદા કરતા અને જામીનગીરીઓના હસ્તાંતરણ માટે સબ્સિડિયરી જનરલ લેજરના ફોર્મ આપતા તથા પેમેન્ટ માટે ચેક આપતા, જેના વ્યવહાર ભારતીય રિઝર્વ બેંકમાં થતા. આ વ્યવસ્થા બિનકાર્યક્ષમ હતી અને એનાથી વ્યવહારો પૂરા કરવામાં વિલંબ થતો. આ વિલંબને નિવારવા અને પધ્ધતિનો કાર્યક્ષમ બનાવવા, ભારતીય રિઝર્વ બેંક દ્વારા આ પ્રથા ઓટોમેટિક થાય તેવી વ્યવસ્થા ફેબ્રુઆરી ૨૦૦૨થી અમલમાં મૂકવામાં આવી, જેનું નામ નેગોશિએટેડ ડીલિંગ સિસ્ટમ (NDS), એવું રાખવામાં આવ્યું.

આ પધ્ધતિના બે મોડ્યુલ છે. એક પ્રાઇમરી માર્કેટ માટે અને બીજું સેકંડરી માર્કેટ માટે

૧ પ્રાઇમરી માર્કેટ મોડ્યુલ

રિઝર્વ બેંક, કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારી જામીનગીરીઓ તથા ટ્રેઝરી બિલ, એમ બંનેની પ્રારંભિક હરાજી માટે આ પધ્ધતિનો ઉપયોગ કરે છે. આ પધ્ધતિ મુજબ હરાજીમાં ભાગ લેનાર (બિડર) ઇલેક્ટ્રોનિક માધ્યમથી બિડ ભરે છે અને ફાળવણીની માહિતી મેળવે છે. આ માધ્યમના મહત્વના અંગ આ પ્રમાણે છે.

અ જામીનગીરીઓ ઇસ્યુ કરવી. આ વ્યવસ્થામાં રિઝર્વ બેંક દ્વારા હરાજીમાં મૂકવામાં આવેલી જામીનગીરીઓની કુલ રકમ, બિડ ભરવાનૌ સમય/મુદત અને જામીનગીરીઓની અન્ય વિગતો આપે છે.

બ બિડ ભરવાની પધ્ધતિઃ હરાજીમાં ભાગ લેનાર ઇલેક્ટ્રોનિક માધ્યમથી, ઇસ્યુ નંબર પર ક્લિક કરીને બિડની રકમ, ભાવ / ઉપજ વગેરે પર બિડ ભરી શકે છે.

ક મળેલા બિડનું પ્રોસેસિંગઃ મળેલાં બિડ પર પ્રોસેસ કરીને રિઝર્વ બેંક, કટ ઓફ ભાવ/ઉપજ વગેરે નક્કી કરે છે.

ડ વહેંચણી પત્રઃ એક વાર કટ ઓફ પ્રાઇસ / ઉપજ નક્કી થઇ જાય પછી, કટ ઓફ આંકડાથી ઉપરના તમામ બિડ સ્વીકારે છે અને હરાજીમાં ભાગ લેનાર તમામને તેનો વહેંચણી પત્ર ઓટોમેટિક તૈયાર કરી, ઇલેક્ટ્રોનિક માધ્યમથી મોકલાવે છે.

ઇ સેટલમેન્ટ : દરેક સફળ રોકાણકાર દીઠ તેમણે કેટલી રકમ ભરવાની થાય છે અને કેટલી જામીનગીરીઓ ઇસ્યુ થઇ છે, તેનો રિપોર્ટ તૈયાર થાય છે. આ રિપોર્ટના આધારે, દરેક રોકાણકારના રિઝર્વ બેંકમાં જળવાતા કરંટ એકાઉન્ટમાં જમા/ઉધાર

થાય છે. સંસ્થાકીય ફાળવણીમાં, કસ્ટોડિયન/ પ્રાઇમરી ડીલર્સના ખાતામાં પણ એ જ રીતે વ્યવહાર થાય છે. પ્રાઇમરી ડીલર્સ એક પ્રકારની નાણાંકીય સંસ્થાઓ છે જે સરકારી જામીનગીરીઓમાં લે-વેચ કરે છે અને વ્યક્તિગત તથા નાના રોકાણકારોના ખાતાં રાખે છે.

૨ સેકન્ડરી માર્કેટ મોડ્યુલ

સેકન્ડરી માર્કેટના વ્યવહાર ઓવર ધ કાઉન્ટર થાય છે, જે વ્યવહાર ટેલિફોનથી થાય છે. આ વ્યવહારો (NDS) પર રિપોર્ટ કરવા પડે છે. એક વાર રિપોર્ટીંગ થઇ જાય અને સોદો પાકો થાય પછી વ્યવહારોની માહિતી ક્લિયરિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (CCIL) ને રિપોર્ટ થાય છે. આમાંથી કામકાજમાં પેપર વર્કને નિવારી શકાય છે, જેવી કે ટ્રાન્સફર ફોર્મ ભરવા, ચેક આપવા, વગેરે. આ કામ કરવા રિઝર્વ બેંકની વેબ સાઇટ http://www.rbi.org.in/Scripts/NdsUser.xsl.aspx નો ઉપયોગ થાય છે.

ક્લિયરિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (CCIL)

CCIL એક જોઇન્ટ સ્ટોક કંપની છે, જેમાં શેર ફાળો અગ્રગણ્ય બેંકો અને નાણાંકીય સંસ્થાઓએ આપેલો છે. CCIL માત્ર સરકારી જામીનગીરીઓના વ્યવહારો કરે છે. CCIL, સરકારી જામીનગીરીઓના પાસ થયેલા તમામ સોદાઓના પેમેન્ટની ગેરંટી આપે છે. CCIL, એ આવા તમામ સોદાઓમાં મધ્યસ્થ કાઉન્ટર પાર્ટી તરીકે કામ કરે છે. એટલે કે કોઇપણ એક વ્યવહારમાં, CCIL, ખરીદનાર અને CCIL વચ્ચે એક વ્યવહાર થાય છે અને બીજો વ્યવહાર CCIL અને વેચનાર વચ્ચે થાય છે. આ બંને વ્યવહાર CCIL, મધ્યસ્થી તરીકે કામ કરે છે, એટલે કે, CCIL ખરીદનાર માટે વેચનાર અને વેચનાર માટે ખરીદનાર બને છે. CCIL પર રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એક્ટ, ૨૦૦૭ અન્વયે નિયંત્રણ કરે છે.

NDS – OM

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા, Negotiated Dealing System – Order Matching System કે જે NDS – OM તરીકે ઓળખાય છે, તે ઓગસ્ટ ૨૦૦૫થી અમલમાં મૂકવામાં આવી છે. આ પધ્ધતિ, સ્ક્રીન આધારિત, ગુપ્ત રીતે કામ કરતી અને ઓર્ડર ડ્રિવન એટલે કે સૂચના પ્રમાણે કામ કરતી સરકારી

જામીનગીરીઓના વ્યવહારો કરવાની પ્રણાલી છે, જેની માલિકી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની છે અને CCIL તેને ચલાવે છે, જે ઓવર ધ કાઉન્ટર પ્રણાલી ઉપરાંત એક વધારાની સગવડ છે.

NDS – OM પધ્ધતિથી સરકારી જામીનગીરીઓના બજારમાં પારદર્શીતા આવે છે, જેનાથી જામીનગીરીઓનું ખરીદ-વેચાણ સરળતાથી થાય છે. ઓર્ડર ડ્રિવન પધ્ધતિ હોવાથી, દરેક બિડની સામે અપાયેલ ભાવ / ઉપજ વગેરે મેચ કરીને કોઇપણ જાતના પક્ષપાત વગર સોદાઓ પાકા કરે છે, જેમાં વેચનાર અને ખરીદનાર બંનેની ગુપ્તતા જળવાય છે, જેથી તેઓ સોદાઓ પર કોઈ વિપરિત અસર કરી શકતા નથી. CCIL અહીં પણ મધ્યસ્થ પાર્ટી તરીકે કામ કરે છે. NDS – OM દ્વારા સીધા જ વ્યવહાર કરવાની પધ્ધતિ પણ અમલમાં છે. જે સીધા જ CCIL પર પહોંચાડાય છે. NDS – OMની કાર્યક્ષમતાના કારણે, સરકારી જામીનગીરીઓના ૮૦ ટકા વ્યવહારો આ પધ્ધતિથી થાય છે.

NDS – OMની માહિતી / સમજ માટે CCILની વેબ સાઇટ http://www.ccilindia.com/OMHome.aspx પરથી મેળવી શકાય છે. ફક્ત અધિકૃત સભ્ય જ આ સિસ્ટમમાં લોગ-ઇન થઇ શકે છે.

હિસ્સેદારો : NDS – OM પર બે પ્રકારના હિસ્સેદારો કાર્ય કરે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રત્યક્ષ હિસ્સેદારો રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં કરન્ટ અને એસજીએલ ખાતું ધરાવે છે. અને તેમના વ્યવહારો સીધા જ એમાં કરે છે. પરોક્ષ હિસ્સેદારો કરન્ટ અને એસજીએલ એકાઉન્ટ ધરાવતા નથી. જેથી તેઓએ પ્રત્યક્ષ હિસ્સેદારોના માધ્યમથી જ વ્યવહાર કરવા પડે છે.

તમામ રહીશ સંસ્થાઓ, વ્યક્તિઓ સિવાય, NDS – OMના માધ્યમનો ઉપયોગ કરી શકે છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો, (FIIs)ને આ સગવડનો ઊપયોગ પરોક્ષ રીતે જ કરવો પડે છે.

વધુ સ્પષ્ટતા કરીએ તો, અત્યારે બેંકો (રાજ્ય સહકારી બેંકો સહિત), પ્રાઇમરી ડીલર્સ, વિમા કંપનીઓ, મ્યુચ્યુઅલ ફંડો, મોટાં પ્રોવિડન્ટ ફંડો, NDS – OM પર સીધું જ ડીલિંગ કરી શકે છે.

પરંતુ નોન બેંકિંગ ફાયનાન્સ કંપનીઓ, નાના પ્રોવિડન્ટ ફંડો, પેન્શન ફંડો, સહકારી બેંકો, ગ્રામીણ બેંકો ટ્રસ્ટો, કોર્પોરેટ્સ, વગેરે અપ્રત્યક્ષ રીતે, બેંકો અને પ્રાઇમરી ડીલર્સ મારફત, NDS – OM પર વ્યવહારો કરી શકે છે.

બેંકો અને પ્રાઇમરી ડીલરો, નાના ગ્રાહકોના ખાતાં ખોલી તેમને વ્યવહારો કરવાની (કસ્ટોડિયન) સગવડ આપે છે.

NDS – OM ના અત્યારે ૧૩૦ થી વધુ પ્રત્યક્ષ સભ્યો છે.

સબ્સિડિયરી જનરલ લેજર ખાતું

આ સરકારી જામીનગીરીઓનું, રિઝર્વ બેંકમાં જળવાતું ખાતું છે, જેમાં સરકારી જામીનગીરીઓના વ્યવહારો થાય છે, તથા બેલેન્સ જળવાય છે. આ ખાતાં પ્રાઇમરી ડીલર્સની જ હોય છે. બેંકો અને પ્રાઇમરી ડીલર્સ તેમના જામીનગીરીના ખાતાં પોતાને ત્યાં ખોલે છે, જેને કોન્સ્ટિટ્યુઅન્ટ એસજીએલ ખાતાં કહે છે, આ સીએસજીએલ ખાતાનું બેલેન્સ પણ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં જળવાય છે.

NDS – OM ના સભ્ય કોણ બની શકે છે?

NDS – OM નું સભ્ય પદ મેળવવા નીચે મુજબની જરૂરિયાતો છે.

- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં એસજીએલ એકાઉન્ટ
- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયામાં કરંટ એકાઉન્ટ
- INFINET કનેક્ટિવિટી
- CCILનું સભ્યપદ

NDS – OM પર શા માટે ટ્રેડિંગ કરવું જોઇએ?

- NDS – OM પર વ્યવહારો કરનારાની ગુપ્તતા જાળવવાની હોવાથી, તેઓ ભાવ પર અસર કરી શકતા નથી, જ્યારે ઓવર ધ કાઉન્ટરમાં ગ્રાહકો એક-બીજાને જાણી શકતા હોવાથી ભાવ પર અસર કરી શકે છે.

- NDS – OMની પધ્ધતિથી સોદા પહેલાના અને સોદાઓ પછીના એટલે કે ભાવ સતત રીતે જાણી શકાય છે અને તે પણ રિયલ ટાઇમના આધારે. તેથી કાર્યક્ષમ ભાવ અને પારદર્શિતા જળવાય છે, જ્યારે ઓવર ધ કાઉન્ટર પરના વ્યવહારોમાં સોદો પાકો કરવામાં ૩૦ મિનિટ સુધીનો સમય થઇ જાય છે.
- ટ્રેડિંગ રૂ.૫ કરોડ કે તેના ગુણાંકમાં થતું હોવાથી પૂરતી તરલતા જળવાઇ રહે છે.
- રૂ.૫ કરોડથી નાના સોદાઓ માટે ઓડ લોટ ટ્રેડિંગની પણ વ્યવસ્થા હોય છે.
- NDS – OMના સ્ક્રીન પર માર્કેટનો અભ્યાસ થઇ શકે છે. ઓવર ધ કાઉન્ટર પર થતા વ્યવહારોમાં, માર્કેટનો અભ્યાસ કરવાનો સમય મળતો નથી.
- NDS – OM પર કાર્ય કરવામાં ખૂબ જ સરળતા રહે છે.
- એકવાર સોદો થાય એટલે તુરત જ સેટલમેન્ટ થઇ જાય છે. ઓવર ધ કાઉન્ટર માર્કેટમાં સોદો થાય પછી NDS પર સોદો પાકો કરવો પડે છે, પછી જ સેટલમેન્ટ થાય છે.
- NDS – OM પર સોદાઓનું રિપોર્ટિંગ સાથે સાથે જ થાય છે, જ્યારે ઓવર ધ કાઉન્ટરમાં પાછળથી કરવું પડે છે.

NDS – OMની ખાસિયતો

NDS – OMની મુખ્ય ખાસિયતો વપરાશની સરળતા અને વધારે સારી સુરક્ષા સાથે આ પ્રમાણે છે.

૧ **માર્કેટ વોચ :** NDS – OMનું પ્રથમ પેજ માર્કેટ વોચ છે, જેના પર સિ[illegible]ુરિટી પ્રમાણે, જે તે સમયની માર્કેટની વર્તમાન સ્થિતિ, બેસ્ટ બિડ, બેસ્ટ ઓફર, છેલ્લે સોદો થયો હોય તે કિંમત, ઉપજ, સોદાની કુલ રકમ જાણી શકાય છે.

કેન્દ્ર સરકારની જામીનગીરીઓ, રાજ્ય સરકારની જામીનગીરીઓ, ટ્રેઝરી બિલ્સ, ઓડ લોટ માકેટ વગેરેની સેગમેન્ટ વાઇઝ, માહિતી પણ મળી શકે છે અને તે પણ જે તે સમયની માર્કેટ પેજ, વોચ પેજ પર નેવિગેટ કરીને જે તે સિક્યોરિટીની કિંમત, ઉપજ, દસ બેસ્ટ પ્રાઇસ, વગેરેની માહિતી મળે છે, તેનાથી માર્કેટની ઉંડાઇ જાણી શકાય છે. NDS – OMની માહિતી

www.ccilindia.com/OMHome.aspx પર પણ જાણી શકાય છે.


RBI - NDS GILTS Order Matching Segment

Order Management Market Query Dealer Query Member Query Basic Data Query Messages Settings Help Log Off

54 06.35 GS 2020 90.7100 7.7077 (T) 15:29 08.08 GS 2022 100.1500 8.0603 (G) 1

CG SG IB OD WI 3 (T) 13:47 08.27 MH SDL 2019 101.4400 8.0500 (T) 13:47 08.22 TN SDL 2019 101.1100 8.0498 (T)

State Government		Bid			Offer			Trade				
Security	Maturity	Amount	Yield	Price	Price	Yield	Amount	LTP	LTY	LTA		TTA
10.52 MZ SDL 10	25-Apr-10	5	4.0591	101.3325	-	-	-	-	-	-		-
12.00 MZ SDL 10	26 Sep 10	5	4.7721	104.4050								
10.35 MZ SDL 11	08-May-11	5	5.5504	105.6775	-	-	-	-	-	-		-
08.05 KA SDL 2019	25-Nov-19	10	8.3041	98.3000	99.7500	8.0845	25	-	-	-		-
08.05 TN SDL 2019	25-Nov-19	10	8.3010	98.3200	99.7500	8.0845	25	-	-	-		-
08.34 MH SDL 2020	03-Feb-20	5	8.3007	100.2600	100.3500	8.2873	5	100.2600	8.3007	5	G	20
09.10 KA SDL 11	06-Nov-11	-	-	-	106.7500	4.9906	5	-	-	-		-
08.10 WB SDL 2019	25-Nov-19	5	8.3087	98.6000	100.1000	8.0821	5	-	-	-		-
08.33 GJ SDL 2020	06-Jan-20	5	8.2906	100.2500	100.6000	8.2383	5	-	-	-		-
08.40 AS SDL 2020	03-Feb-20	5	8.3845	100.1000	100.5300	8.3203	5	-	-	-		-
08.44 SK SDL 2020	03-Feb-20	5	8.3497	100.6000	101.7900	8.1737	5	100.8000	8.3200	5	T	5
08.39 UP SDL 2020	03-Feb-20	5	8.3596	100.2000	100.5300	8.3104	5	100.5000	8.3148	5	T	15
05.60 UP SDL 14	23-Apr-14	10	8.0787	91.3000	-	-	-	-	-	-		-
05.60 WB SDL 14	23-Apr-14	10	8.0787	91.3000	-	-	-	-	-	-		-
07.32 AP SDL 14	10-Dec-14	10	8.0779	97.0000	-	-	-	-	-	-		-
07.32 UP SDL 14	10-Dec-14	10	8.0779	97.0000	-	-	-	-	-	-		-
07.32 WB SDL 14	10-Dec-14	10	8.0779	97.0000	-	-	-	-	-	-		-
08.55 UP SDL 2017	14-Nov-17	5	8.2541	101.6500	102.1000	8.1755	5	-	-	-		-
08.35 MH SDL 2017	26-Mar-17	5	8.1966	100.8000	101.8500	8.0015	5	-	-	-		-

Messages

Notifications
Orders Placed
Orders Modified
Orders on Hold
Orders Released
Orders Cancelled
Orders Rejected
Trades
System Messages

KIRAN (30964) | RBI INTERNAL DEBT MANAGEMENT DEPARTMENT (35173) | 15:35 | 09 Feb 2010

૨ ઓફર (બિડ) મૂકવાની પ્રક્રિયા

સ્ક્રીન ઉપર 'place bid' ઉપર ક્લિક કરીને ઓર્ડર મૂકી શકાય છે અથવા માર્કેટ વોચ પેજ ઉપર ડબલ ક્લિક કરીને best offer જોઇને મૂકી શકાય છે. તે જ રીતે ડબલ ક્લિક કરીને

best bid મળી શકે તેમ હોય તે પણ જોઇ શકાય છે.



ઓર્ડર મૂકતી વખતે, પોતાની જરૂરિયાત પ્રમાણે જામીનગીરીઓ ખરીદવાની સંખ્યા દર્શાવી શકે છે, જે માટે Desired Quantity – DQ ની મદદ લેવાય છે.

વળી, ઓર્ડર ત્રણ રીતે મૂકી શકાય છે.

૧ Day આખા દિવસ માટે માન્ય

૨ GTT Good Till Time - એટલે કે મૂકેલો ઓર્ડર અમુક નિશ્ચિત સમય સુધી જ સ્વીકારવો.

૩ IOC Immediate or Cancel: એટલે કાં તો સોદો તે જ સમયે કરવો અથવા ન થાય તો કેન્સલ કરવો.

૩ ઓર્ડરનું કન્ફર્મેશન

એક વખત સોદાની વિગતો સ્ક્રીન પર લખાઇ જાય અને સોદો થઇ જાય, ફરીવાર એ જ માહિતી સ્ક્રીન પર આવે છે અને તેને કન્ફર્મ કર્યા પછી જ સોદો પાકો ગણાય છે.

૪ સુધારા-વધારા / કેન્સલેશન વગેરે

NDS – OM પર મૂકેલો સોદો, ક્વોટ કરેલ ભાવ / ઉપજ સાથે મેચ ન થયો હોય ત્યાં સુધી કેન્સલ કરી શકાય છે.

આનાથી રોકાણકાર પોતાના ક્વોટેશનમાં ફેરફાર પણ કરી શકે છે. તદ્ ઉપરાંત, જરૂર પડે તો આખો સોદો રદ પણ કરી શકાય છે.

૫ ઓડ લોટ

નાની સાઇઝના સોદાઓ કરવા માટે સગવડ આપવા, NDS – OM પર વિશેષ સેગમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે, જેની ઓછામાં ઓછી સાઇઝ રૂા.૧૦૦૦૦ની છે, જેમાં નાની નાની સંસ્થાઓ સોદાઓ કરી શકે છે. અહીં પધ્ધતિ પારદર્શી હોવાથી નાના રોકાણકારોનું હિત પૂરેપૂરૂં જળવાય છે.

૬ When Issued Trading

When, as and if issued, જે When Issued (WI), એ નામથી પ્રચલિત છે, એવી આ પધ્ધતિ હરાજી જાહેર થાય અને જામીનગીરીઓ ઇસ્યુ થાય તે બે વચ્ચે સમયગાળાના સંદર્ભમાં વપરાય છે. When Issued જામીનગીરી એવી જામીનગીરી છે, જે ઇસ્યુ કરવા માટે જાહેર થઇ છે, પરંતુ વાસ્તવિક રીતે ઇસ્યુ થઇ નથી. When Issued Security વ્યવહારો જો, If આધારે, એટલે કે શરતી હોય તો જામીનગીરીઓ ઇસ્યુ થાય ત્યારે જ પાકા થયેલા ગણાય છે. When Issued પ્રકારનું ટ્રેડિંગ પાત્ર NDS-OM પર જ ઉપલબ્ધ છે. આનાથી હરાજીમાં મુકાયેલી જામીનગીરીઓની વાજબી કિંમત જાણવામાં મદદ થાય છે.

૭ બજારની માહિતી

દિવસ દરમ્યાન NDS-OMના સ્ક્રીન પર બજાર અંગેની વિસ્તૃત માહિતી, જેવી કે ઉંચા ભાવ – નીચા ભાવ, ભારિત સરેરાશ ઉપજ કિંમત, આગલા દિવસના ભાવ વગેરે મળી શકે છે.



૮ રિપોર્ટ

NDS-OM પર ઘણા જ રિપોર્ટ તૈયાર કરી શકાય છે.

- થયેલા સોદાઓ – જેમાં સમય સમય પ્રમાણે મૂકાયેલા સોદાઓ, પાક્કા થયેલા સોદાઓ, રદ કરાયેલા સોદાઓનો રિપોર્ટ તૈયાર થાય છે.
- નેટ ફંડ પરિસ્થિતિ : ડીલરની નેટ ફંડ પરિસ્થિતિ જેને દિવસની, ખરીદ-વેચાણને ધ્યાનમાં લઇને જાણી શકાય છે.
- દરેક ટ્રેડનું લિસ્ટ (દિવસ દરમ્યાન થયેલા) તૈયાર કરી શકાય છે.
- બાકી ઓર્ડર, જેનું મેચિંગ થયું નથી, તેનું લિસ્ટ બનાવી શકાય છે.
- સ્ટોક બેલેન્સ - આ રિપોર્ટ સભ્યદીઠ બેલેન્સની માહિતી આપે છે.
- When Issued રિપોર્ટ : આ રિપોર્ટની મદદથી સભ્યદીઠ ચોખ્ખી ખરીદી અને ચોખ્ખા વેચાણની પરિસ્થિતિની માહિતી મળે છે.



Useful links

NDS-OM પર સેટલમેન્ટની સુવિધા

૧ રોકાણકાર દ્વારા ઓર્ડર મૂકાય છે.

૨ ઓર્ડર મેચ થાય છે.

૩ CCIL ને ટ્રેડની માહિતી અપાય છે.

૪ CCIL, નેટ ફંડ પોઝિશનની રકમ, રોકાણકારને આપે છે.

૫ CCIL નેટ ફંડ પોઝિશનની File રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાને આપે છે.

૬ Delivery Versus Paymentની પ્રક્રિયા થાય છે, જેમાં જામીનગીરીઓની ડીલિવરી અને ફંડ મેળવવાની પ્રક્રિયા સામસામે થાય છે.

વેબ સાઇટ

RBI	www.rbi.org.in
RBI Financial Market Watch	www.rbi.org.in/scripts/financialmarketswatch.aspx
CCIL	www.ccilindia.com